વર્ષ : ૬૧ ■ અંક : ૧૭ ■ તા.૧-૯-૨૦૨૧

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## નવા વિકાસ પ્રકલ્પોથી સોમનાથ મંદિર બન્યું વધુ શાનદાર



# "કનેક્ટિવિટી વિકાસની પાયાની શરત" : જેટલી ઝડપી કનેક્ટિવિટી એટલો જ ઝડપી વિકાસ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં
ગુજરાતને મળેલી વિવિધ ઝડપી કનેક્ટિવિટીથી
"ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક ઓફ ડેવલપમેન્ટ"

## કનેક્ટિવિટી વિકાસનો રાજમાર્ગઃ @ ગુજરાત પાસે :



# શ્રેષ્ઠ રોડ કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ એર કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ વોટર વે કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ રેલવે કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ મેટ્રો ટ્રેન કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ ટ્રાન્સપોર્ટેશન કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ BRTS કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ ટુરિઝમ કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ વીજ કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ બ્રોડબેન્ડ કનેક્ટિવિટી
# શ્રેષ્ઠ મેડિકલ કનેક્ટિવિટી
# સી-પ્લેન કનેક્ટિવિટી
# રો-રો ફેરી કનેક્ટિવિટી
# રો-પેક્ષ ફેરી કનેક્ટિવિટી

હવે આગામી સમયમાં ભારતની પ્રથમ "બુલેટ ટ્રેન" કનેક્ટિવિટીથી પણ જોડાશે "આપણું ગુજરાત"



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 61 ▪ Issue : 17 ▪ Date 1-9-2021

**તંત્રી** : માહિતી નિયામક
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ** : જયેશ દવે, ઇશ્વર ઠાકોર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૨, ૦૭૯-૨૩૨૫૩૪૪૦
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

**48 + 4 Cover = Total 52 Pages**

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.


આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.



# શબ્દશઃ

- ગુજરાતના યુવાનો વૈશ્વિક કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે તે રીતે શિક્ષણનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે.
- 'હવાઈ' સ્લીપર પહેરનાર વ્યક્તિ પણ હવાઈ સફર કરે તેવા વાતાવરણનું નિર્માણ કર્યું છે.
- શિક્ષણ વિના વિકાસ શક્ય નથી.
- ભાવનગર જળ, જમીન અને હવાઈ માર્ગથી જોડાયેલું રાજ્યનું મહત્ત્વપૂર્ણ શહેર બની ગયું છે.
- કનેક્ટિવિટી વિકાસનો રાજમાર્ગ છે.
- રોડ- રસ્તા, રેલવે, એરસ્ટ્રીપ સાથે રાજ્યમાં બ્રોડબેન્ડ કનેક્ટિવિટી વધારી વિકાસનાં દ્વાર ખોલ્યાં છે.
- પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકે એફ.ડી.આઇ. અને ટેકનોલોજી ક્ષેત્રે રોકાણો માટે ગુજરાતમાં ફ્રેન્ડલી-હેલ્ધી વાતાવરણ બન્યું છે.
- રાજ્યમાં સેક્ટરલ યુનિવર્સિટીઝ-આઇક્રિયેટ સ્ટાર્ટઅપ ઇનોવેશનના વધેલા વ્યાપને પરિણામે સ્કિલ્ડ મેનપાવર-ટેલેન્ટ પૂલ ઉપલબ્ધ છે.
- ડિજિટલ ટેકનોલોજીથી આઇ.ટી-આઇ.ટી.ઇ.એસ સેક્ટરની રાજ્યમાં કાયાપલટ કરવામાં આઇ.બી.એમ.નું સેન્ટર મહત્ત્વપૂર્ણ બનશે.
- સોમનાથના ગૌરવને પુનઃ સ્થાપિત કરવાના દિવ્ય કાર્યમાં ગુજરાત હંમેશ પ્રતિબદ્ધ રહ્યું છે અને રહેશે.
- સોમનાથ ટ્રસ્ટ દ્વારા થયેલા વિશેષ પ્રયાસોને લીધે ડિજિટલ માધ્યમથી કરોડો શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવનાં દર્શન કરી રહ્યા છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલાં વિવિધ વક્તવ્યોના સંકલિત અંશો)








14 કવર સ્ટોરી

**સોમનાથ મંદિર સંકુલને રૂ.85 કરોડનાં વિકાસકાર્યોની વડાપ્રધાનશ્રીની ભેટ**

6 **સંવાદ**
મન કી બાત

10 **પ્રારંભ**
હવે ભાવનગરથી દિલ્હી- સુરત- મુંબઇની સીધી એર કનેક્ટિવિટી

12 **વતન વાપસી**
અફઘાનિસ્તાનથી એરલિફ્ટ કરાયેલા ભારતીયો જામનગર હવાઇ મથકે લેન્ડ થયા

13 **સમીક્ષા**
અમદાવાદ જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી

18 **સ્મરણાંજલિ**
રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની રાજ્યવ્યાપી ગરિમામય ઉજવણી

24 **વિશેષ**

27 **પ્રવાસન**
ગુજરાતના પ્રવાસનધામો બન્યાં સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

29 સહેલાણીઓને મજાની સહેલ કરાવતા ડાંગ, તાપી, વલસાડ અને દાહોદનાં પ્રવાસન સ્થળો - શૈલેષ નાયક

32 **આસપાસ**

38 **સમાચાર વિશેષ**

42 **નિર્ણય**





47 **ગૌરવ**
પેરાઓલિમ્પિક્સમાં મેડલ જીતનાર ભાવિના પટેલને અભિનંદન

48 ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બેલાબહેન ત્રિવેદી સુપ્રીમ કોર્ટમાં નિયુક્ત

49 **નવતર**
કેવડિયા કોલોનીમાં રેડિયો યુનિટી FM પર સંસ્કૃતમાં પ્રસારણ - યાકુબ ગાદિવાલા





50 **પ્રેરણા**
બાળકોને મળી વાંચનની સંજય 'દૃષ્ટિ' - હેતલ દવે

# તહેવારો સાથે વિકાસોત્સવથી ઊર્જાવાન બનતી ગુર્જરધરા

શ્રાવણ એટલે ભક્તિનો મહિનો. એકધારા જીવનમાં નાવિન્યની સાથે અનોખી ઊર્જા પ્રદાન કરવાનું કાર્ય તહેવારો કરતા હોય છે. શ્રાવણમાં તહેવારોની સાથે ગુજરાતમાં વિકાસોત્સવ પણ ચાલી રહ્યો છે. છેલ્લા બે દાયકાથી રાજ્યમાં વિકાસોત્સવનો અજબનો માહોલ છે. તાજેતરમાં સમગ્ર દેશ અને ગુજરાત માટે ગૌરવરૂપ ઘટના ઘટી. ગુજરાતના મહેસાણાની દિકરી ભાવિના પટેલે પેરા ઓલિમ્પિક્સ રમતોમાં ટેબલ ટેનિસમાં આગવી સિદ્ધિ મેળવી દેશને ગૌરવ અપાવ્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની આ દીકરીની સિધ્ધિને બિરદાવી અને અઢળક અભિનંદનથી નવાજી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પવિત્ર શ્રાવણ માસમાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના પવિત્ર તીર્થ સ્થળે રૂ. 85 કરોડથી વધુના ખર્ચે યાત્રિકોને સુખાકારી, સગવડતા, સુવિધા અને આસ્થા પ્રદાન કરતા ચાર પ્રકલ્પોનું વર્ચ્યુઅલ લોકાર્પણ કર્યું. વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પિત થયેલા દર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી શ્રદ્ધાળુ અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે. ધાર્મિક સ્થળોની સાથેસાથે સાપુતારા, પોળો જેવા નૈસર્ગિક સ્થળોનું એક અલગ આકર્ષણ રચાયુ છે, તો પાટણના સૂઇ ગામે સીમાદર્શનનો લાભ ગુજરાતના નાગરિકોને મળે તે માટેનાં વિકાસકાર્યો અંતિમ તબક્કામાં છે.

તહેવારોની આ મોસમ ભાવનગરવાસીઓ માટે વિશેષ આનંદ લઇને આવી. ભાવનગર શહેરથી દિલ્હી, સુરત અને મુંબઇ સીધી હવાઈ સેવાનો પ્રારંભ થયો. ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે. કેન્દ્ર સરકાર દ્વારા એક સાથે ત્રણ વિમાની કનેક્ટિવિટી ગુજરાતને મળી છે.

સૌરાષ્ટ્રના ગામડાઓ ખૂંદી વળી ઐતિહાસિક અને દુર્લભ સાહિત્ય સર્જનથી લોકચાહના મેળવનાર રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મ જયંતી અવસરે કસુંબીના રંગે આખુ ગુજરાત રંગાઇ ગયું.

ગુજરાતમાં વરસાદ ખેંચાવાના કારણે મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત વિસ્તારની માંગ મુજબ કમાન્ડ વિસ્તારના ખેડૂતોના ઊભા પાકને બચાવવા પાણી આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો. કોરોનાના સંક્રમણને નિયંત્રણમાં રાખવામાં રાજ્ય સરકારને સફળતા મળી છે. રાજ્યની શાળાઓમાં ધો.૬થી ૮ના વર્ગોમાં વર્ગખંડ શિક્ષણકાર્ય-ભૌતિકરૂપે શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

આ અંકમાં વિવિધ વિકાસલક્ષી માહિતી ઉપરાંત મધ્ય - દક્ષિણ ગુજરાતનાં પ્રવાસન સ્થળોની વિગતો તથા અન્ય રસપ્રદ જાણકારી પ્રસ્તુત કરવામાં આવી છે.

જય જય ગરવી ગુજરાત...

**- માહિતી નિયામક**



# મન કી બાત

## ઓગસ્ટ 2021

**લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ**

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યના અંશોની ઝલક પ્રસ્તુત છે.***

મારા પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. આપણને સહુને ખબર છે કે આજે મેજર ધ્યાનચંદજીની જન્મજયંતી છે. આપણો દેશ તેમની સ્મૃતિમાં તેને રાષ્ટ્રીય ખેલ દિવસના રૂપે મનાવે પણ છે. હું વિચારી રહ્યો હતો કે કદાચ આ સમયમાં મેજર ધ્યાનચંદજીનો આત્મા જ્યાં પણ હશે, બહુ જ પ્રસન્નતાનો અનુભવ કરતો હશે. કારણ કે દુનિયામાં ભારતની હોકીનો ડંકો વગાડવાનું કામ ધ્યાનચંદજીની હોકીએ કર્યું હતું. ચાર દસકા બાદ લગભગ લગભગ 41 વર્ષ પછી, ભારતના નવયુવાનોએ, દીકરા અને દીકરીઓએ હોકીની અંદર ફરી એકવાર પ્રાણ પૂરી દીધો છે. કેટલાય પદક કેમ ન મળી જાય, પરંતુ જ્યાં સુધી હોકીમાં પદક નથી મળતો, ભારતનો કોઈ પણ નાગરિક વિજયનો આનંદ નથી લઈ શકતો અને આ વખતે ઓલમ્પિકમાં હોકીમાં પદક મળ્યો, ચાર દસકા બાદ મળ્યો. તમે કલ્પના કરી શકો છો, મેજર ધ્યાનચંદજીના હૃદય પર, તેમના આત્મા પર તેઓ જ્યાં હશે ત્યાં, કેટલી પ્રસન્નતા થતી હશે અને ધ્યાનચંદજીનું આખું જીવન રમતગમતને સમર્પિત હતુ અને તેથી આજે, જ્યારે આપણને આપણા દેશના નવયુવાનોમાં, આપણા દીકરા-દીકરીઓમાં, રમતગમત પ્રત્યે જે આકર્ષણ નજરે પડી રહ્યું છે. માતા-પિતાને પણ બાળકો જો રમતગમતમાં આગળ જઈ રહ્યા છે તો ખુશી થઈ રહી છે, આ જે તત્પરતા દેખાઈ રહી છે ને, હું સમજુ છું, આ જ મેજર ધ્યાનચંદજીને ઘણી મોટી શ્રદ્ધાંજલિ છે.

સાથીઓ, જ્યારે રમત-ગમતની વાત થાય છે ને ત્યારે સ્વાભાવિક છે આપણી સામે આખી યુવા પેઢી નજરે પડે છે. જ્યારે યુવા પેઢીની સામે બારીકાઈથી નજર કરીએ છીએ, કેટલો મોટો ફેરફાર નજરે પડે છે. યુવાનોનું મન બદલાઈ ચૂક્યું છે. આજનું યુવા મન ઘસાયેલા જૂના રીત-રિવાજોથી કંઈક નવું કરવા ઈચ્છે છે, અલગ કરવા માગે છે. આજનું યુવા મન પહેલેથી બનાવેલા માર્ગ પર ચાલવા નથી માંગતું. તેઓ નવો માર્ગ બનાવવા માગે છે. અજાણી જગ્યા પર ચાલવા માગે છે. મંઝિલ પણ નવી, લક્ષ્ય પણ નવું, માર્ગ પણ નવો, અને ઈચ્છા પણ નવી, અરે એકવાર મનમાં નક્કી કરી લે છે ને યુવાનો, પૂરા દિલથી તેમાં લાગી જાય છે. દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. આપણે જોઈએ છીએ કે હમણાં થોડા સમય પહેલાં જ ભારતે, તેના સ્પેસ સેક્ટરને ખૂલ્લું મૂક્યું અને જોતજોતામાં યુવા પેઢીએ તે તકને ઝડપી લીધી અને તેનો લાભ ઉઠાવવા માટે કોલેજોના વિદ્યાર્થીઓ, યુનિવર્સિટી, ખાનગી ક્ષેત્રમાં કામ કરનારા નવયુવાન, તત્પરતાથી આગળ આવ્યા છે અને મને પાક્કો ભરોસો છે કે આવનારા દિવસોમાં બહુ મોટી સંખ્યા એવા

બહુ બારિકાઈથી જોઈ રહ્યા છે, તેના સામર્થ્યને સમજી રહ્યા છે અને કોઈને કોઈ રૂપમાં પોતાને જોડવા પણ માગે છે. હવે તેઓ કન્વેન્શનલ વસ્તુઓથી આગળ જઈને New Disciplines ને અપનાવી રહ્યા છે. મારા દેશવાસીઓ, જ્યારે આટલું મોમેન્ટમ આવ્યું છે, દરેક પરિવારમાં રમત-ગમતની ચર્ચા શરૂ થઈ ગઈ છે. તમે જ જણાવો, શું આ મોમેન્ટમને હવે બંધ કરવું જોઈએ, રોકાવા દેવું જોઈએ. જી નહીં.

આપ પણ મારી જેમ જ વિચારતા હશો. હવે દેશમાં રમતો, રમત-ગમત, સ્પોર્ટ્સ, સ્પોર્ટ્સમેન સ્પિરિટ હવે રોકાવાનું નથી. આ મોમેન્ટમને પારિવારિક જીવનમાં, સામાજિક જીવનમાં, રાષ્ટ્રિય જીવનમાં સ્થાયી બનાવવાનું છે - ઊર્જાથી ભરી દેવાનું છે, સતત નવી ઊર્જાથી ભરવાનું છે. ઘર હોય, બહાર હોય, ગામ હોય, શહેર હોય, આપણા રમત-ગમતના મેદાનો ભરેલા હોવા જોઈએ, બધા રમે - બધા ખીલે અને તમને યાદ છે ને મેં લાલ કિલ્લા પરથી કહ્યું હતું- સહુનો પ્રયાસ - જી હાં... સહુનો પ્રયાસ. સહુના પ્રયાસોથી ભારત રમતગમતમાં એ ઊંચાઈ પ્રાપ્ત કરી શકશે જેનું એ હકદાર છે. મેજર ધ્યાનચંદજી જેવા લોકોએ જે માર્ગ બતાવ્યો છે, તેમાં આગળ વધવું આપણી જવાબદારી છે. વર્ષો બાદ દેશમાં એવો સમય આવ્યો છે કે રમતગમત પ્રત્યે પરિવાર હોય, સમાજ હોય, રાજ્ય હોય, રાષ્ટ્ર હોય - એક મનથી સહુ કોઈ જોડાઈ રહ્યા છે.

મારા પ્રિય નવયુવાનો આપણે આ અવસરનો ફાયદો ઉઠાવીને અલગઅલગ પ્રકારના સ્પોર્ટ્સમાં મહારથ પણ મેળવવો જોઈએ. ગામેગામ રમતગમતની સ્પર્ધાઓ સતત ચાલતી રહેવી જોઈએ. સ્પર્ધામાંથી જ રમતગમતનો વિસ્તાર થાય છે, રમતગમતનો વિકાસ થાય છે, ખેલાડી પણ તેમાંથી જ નીકળે છે. આવો, આપણે બધા દેશવાસી આ મોમેન્ટમને એટલું આગળ વધારી શકીએ છીએ, જેટલું યોગદાન આપણે આપી શકીએ છીએ, સહુનો પ્રયાસ - આ મંત્રથી સાકાર કરીને દેખાડીએ.

મારા પ્રિય દેશવાસીઓ, જન્માષ્ટમીનું આ પર્વ એટલે, ભગવાન શ્રી કૃષ્ણના જન્મનું પર્વ. આપણે ભગવાનના બધા રૂપથી પરિચિત છીએ, નટખટ કનૈયાથી લઈને વિરાટ રૂપ ધારણ કરનારા કૃષ્ણ સુધી, શાસ્ત્ર સામર્થ્ય થી લઈને શસ્ત્ર સામર્થ્યવાળા કૃષ્ણ સુધી. કળા હોય, સૌંદર્ય હોય, માધુર્ય હોય, ક્યાં-ક્યાં કૃષ્ણ છે. પરંતુ આ વાતો હું એટલા માટે કરી રહ્યો છું કે જન્માષ્ટમીથી કેટલાક દિવસો પૂર્વ, હું એક એટલો રસપ્રદ અનુભવમાંથી પસાર થયો છું તો મારું મન

સેટેલાઈટ્સની હશે, જે આપણા યુવાનોએ, આપણા વિદ્યાર્થીઓએ, આપણી કોલેજોએ, આપણી યુનિવર્સિટીઓએ, લેબમાં કામ કરતા વિદ્યાર્થીઓએ કામ કર્યું હશે.

તેવી જ રીતે આજે જ્યાં પણ જુઓ, કોઈપણ પરિવારમાં જાઓ, કેટલોયે સંપન્ન પરિવાર હોય, ભણેલો-ગણેલો પરિવાર હોય, પરંતુ જો પરિવારમાં નવયુવાન સાથે વાત કરો તો એ શું કહે છે, તે પોતાના પારિવારિક પરંપરાઓથી થોડું હટીને વાત કરે છે, હું તો સ્ટાર્ટ-અપ કરીશ, સ્ટાર્ટ-અપ્સમાં જતો રહીશ. એટલે કે રિસ્ક લેવા માટે તેનું મન થનગની રહ્યું છે. આજે નાના-નાના શહેરોમાં પણ સ્ટાર્ટ-અપ કલ્ચરનો વિસ્તાર થઈ રહ્યો છે અને હું તેમાં ઉજ્જવળ ભવિષ્યનો સંકેત જોઈ શકું છું.

હમણાં થોડા દિવસો પહેલાં જ આપણા દેશમાં રમકડાંની ચર્ચા થઈ રહી હતી. જોતજોતામાં જ્યારે આપણા યુવાનોના ધ્યાને આ વિષય આવ્યો, તેમણે પણ મગજમાં નક્કી કરી લીધું કે દુનિયામાં ભારતના રમકડાંની ઓળખ કેવી રીતે બને અને નવા-નવા પ્રયોગ કરી રહ્યા છે અને દુનિયામાં રમકડાંનું ઘણું મોટું માર્કેટ છે, 6-7 લાખ કરોડનું માર્કેટ છે. આજે ભારતની ભાગીદારી ઘણી ઓછી છે. પરંતુ રમકડાં કેવી રીતે બનાવવા, રમકડાંની વિવિધતા શું હોય, રમકડાંમાં ટેક્નોલોજી શું હોય, ચાઈલ્ડ સાઈકોલોજીને અનુરૂપ રમકડાં કેવા હોય. આજે આપણા દેશના યુવાનો તેની તરફ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, કેટલાક કોન્ટ્રિબ્યુટ કરવા માંગે છે.

> **“આજનું યુવા મન પહેલેથી બનાવેલા માર્ગ પર ચાલવા નથી માંગતું. તેઓ નવો માર્ગ બનાવવા માગે છે. અજાણી જગ્યા પર ચાલવા માગે છે. મંઝિલ પણ નવી, લક્ષ્ય પણ નવું, માર્ગ પણ નવો અને ઈચ્છા પણ નવી, અરે એકવાર મનમાં નક્કી કરી લે છે ને યુવાનો, પૂરા દિલથી તેમાં લાગી જાય છે. દિવસ-રાત મહેનત કરી રહ્યા છે.”**

સાથીઓ, વધુ એક વાત, જે મનને ખુશીઓથી ભરી દે છે અને વિશ્વાસને વધુ મજબૂત પણ કરે છે અને તે શું છે, ક્યારેય તમે માર્ક કર્યું છે? સામાન્ય રીતે આપણે ત્યાં સ્વભાવ એવો બની ચૂક્યો હતો- થાય છે, ચલો યાર ચાલે છે, પરંતુ હું જોઈ રહ્યો છું, મારા દેશનું યુવા મન હવે સર્વશ્રેષ્ઠની તરફ પોતાને કેન્દ્રિત કરી રહ્યું છે. સર્વોત્તમ કરવા માગે છે, સર્વોત્તમ રીતે કરવા માગે છે. તે પણ રાષ્ટ્રની બહુ મોટી શક્તિ બનીને ઉભરી આવશે.

સાથીઓ, આ વખતે ઓલમ્પિકે બહુ મોટો પ્રભાવ ઊભો કર્યો છે. ઓલમ્પિકની રમતો પૂરી થઈ, હવે પેરાલિમ્પિક ચાલી રહ્યો છે. દેશને આપણા આ રમતગમતના જગતમાં જે કંઈ પણ થયું, વિશ્વની તુલનામાં ભલે ઓછું હશે પરંતુ વિશ્વાસ ભરવા માટે તો ઘણું બધું થયું. આજે યુવાનો માત્ર સ્પોર્ટ્સની તરફ નજર માંડે છે એટલું જ નથી પરંતુ તે તેની સાથે જોડાયેલી શક્યતાઓ તરફ પણ જોઈ રહ્યા છે. તેની આખી ઈકો-સિસ્ટમને

કરે છે કે એ વાત હું તમારી સાથે કરું. આપને યાદ હશે, આ મહિનાની 20 ઓગસ્ટે ભગવાન સોમનાથ મંદિર સાથે જોડાયેલા નિર્માણ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

સોમનાથ મંદિરથી 3-4 કિલોમીટર દૂર ભાલકા તીર્થ છે, એ ભાલકા તીર્થ એ છે જ્યાં ભગવાન શ્રી કૃષ્ણ એ ધરતી પર પોતાની અંતિમ પળ વિતાવી હતી. એક પ્રકારથી આ લોકની અનેક લીલાઓનું ત્યાં સમાપન થયું હતું. સોમનાથ ટ્રસ્ટ દ્વારા તે આખા વિસ્તારમાં વિકાસના ઘણાં કામ થઈ રહ્યા છે. હું ભાલકા તીર્થ અને ત્યાં થઈ રહેલા કાર્યો વિશે વિચારી રહ્યો હતો અને મારી નજર એક સુંદર આર્ટ બુક પર પડી. આ પુસ્તક મારા ઘરની બહાર કોઈ મારા માટે છોડીને ગયું હતું. તેમાં ભગવાન શ્રી કૃષ્ણના અનેક રૂપ, અનેક ભવ્ય છબીઓ હતી. ઘણીં જ મોહક છબીઓ હતી અને ઘણી જ છબીઓ હતી. મેં પુસ્તકના પાનાં ફેરવવાનું શરૂ કર્યું, તો મારી જિજ્ઞાસા જરા વધી ગઈ. જ્યારે મેં આ પુસ્તક અને તેના બધા ચિત્રોને જોયા અને તેના પર મારા માટે એક સંદેશ લખેલો અને જે એ વાંચ્યું તો મારું મન થયું કે તેમને હું મળું. જે આ પુસ્તક મારા ઘરની બહાર છોડીને જતા રહ્યા હતા, મારે તેમને મળવું જોઈએ. તો મારી ઓફિસે તેમનો સંપર્ક કર્યો. બીજા જ દિવસે તેમને મળવા બોલાવ્યા અને મારી જિજ્ઞાસા આર્ટ બુકને જોઈને એટલી હતી કે શ્રી કૃષ્ણના અલગઅલગ રૂપ જોઈને. આ જ જિજ્ઞાસામાં મારી મુલાકાત થઈ

જદુરાની દાસી જી સાથે. તે અમેરિકન છે, જન્મ અમેરિકામાં થયો, પાલન-પોષણ અમેરિકામાં થયું, જદુરાની દાસી જી ઈસ્કોન સાથે જોડાયેલા છે, હરે કૃષ્ણા મૂવમેન્ટ સાથે જોડાયેલા છે અને તેમની એક બહુ જ મોટી વિશેષતા છે ભક્તિ આર્ટ્સમાં તેઓ નિપુણ છે. તમે જાણો છો હમણાં બે દિવસ પછી જ એક સપ્ટેમ્બરે ઈસ્કોનના સંસ્થાપક શ્રીલ પ્રભુપાદ સ્વામીજીની 125મી જન્મજયંતી છે. જદુરાની દાસી જી આ જ વિષયમાં ભારત આવ્યા હતા. મારી સામે મોટો સવાલ એ હતો કે જેમનો જન્મ અમેરિકામાં થયો, જે ભારતીય ભાવોથી આટલા દૂર રહ્યા, તેઓ છેલ્લે કેવી રીતે ભગવાન શ્રી કૃષ્ણના આટલા મોહક ચિત્ર બનાવી લે છે.

સાથીઓ, દુનિયાના લોકો જ્યારે આજે ભારતીય અધ્યાત્મ અને દર્શન વિશે આટલું બધું વિચારે છે તો આપણી પણ જવાબદારી છે કે આપણે આ મહાન પરંપરાઓને આગળ લઈ જઈએ. જે સમાપ્ત થાય છે તેને છોડવાનું જ છે.

મારા પ્રિય દેશવાસીઓ, આપણે બહુ સારી રીતે જાણીએ છીએ કે જ્યારે પણ સ્વચ્છ ભારત અભિયાનની વાત આવે છે તો ઈન્દોરનું નામ આવે જ આવે છે કારણ કે ઈન્દોરે સ્વચ્છતાના સંબંધમાં પોતાની એક વિશેષ ઓળખ બનાવી છે અને ઈન્દોરના નાગરિકો તેના અભિનંદનના અધિકારી પણ છે. આપણું આ ઈન્દોર કેટલાય વર્ષોથી સ્વચ્છ ભારત રૅંકિંગમાં પહેલા નંબર પર રહ્યું છે. હવે ઈન્દોરના લોકો સ્વચ્છ ભારતના આ રૅંકિંગથી સંતોષ મેળવીને બેસવા નથી માંગતા, આગળ વધવા માગે છે, કંઈક નવું કરવા માગે છે.

તેમણે શું મનમાં નક્કી કરી લીધું છે, તેમણે વોટર પ્લસ સીટી બનાવી રાખવા માટે ખરા દિલથી જોડાઈ ગયા છે. વોટર પ્લસ સીટી એટલે કે એવું શહેર જ્યાં ટ્રીટમેન્ટ વગર કોઈપણ સીવેજ કોઈ સાર્વજનિક જળ સ્ત્રોતમાં નાખવામાં નથી આવતું. અહીંના નાગરિકોએ પોતે આગળ આવીને પોતાના નાળાઓને સીવર લાઈન સાથે જોડ્યા છે. સ્વચ્છતા અભિયાન પણ ચલાવ્યું છે અને તેને કારણે સરસ્વતી અને કાન્હ નદીઓમાં ઠલવાતું ગંદુ પાણી પણ ઘણું ઓછું થયું છે અને સુધારો નજરે પડી રહ્યો છે.

સાથીઓ મારી સામે એક ઉદાહરણ બિહારના મધુબનીથી આવ્યું છે. મધુબનીમાં ડોક્ટર રાજેન્દ્ર પ્રસાદ કૃષિ વિશ્વવિદ્યાલય અને ત્યાંના સ્થાનિક કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ મળીને એક સારો પ્રયાસ કર્યો છે. તેનો લાભ ખેડૂતોને તો થઈ જ રહ્યો છે, તેનાથી સ્વચ્છ ભારત અભિયાનને પણ નવી તાકાત મળી રહી છે. વિશ્વવિદ્યાલયની આ પહેલનું નામ છે – સુખેત મોડલ... સુખેત મોડલનો હેતુ છે ગામોમાંથી પ્રદૂષણને ઘટાડવાનો છે. આ મોડલ હેઠળ ગામના ખેડૂતો પાસેથી ગોબર અને ખેતર-ઘરમાંથી નીકળનારો અન્ય કચરો એકઠો કરવામાં આવે છે અને બદલામાં ગામના લોકોને રસોઈ ગેસ સિલિંડર માટે પૈસા આપવામાં આવે છે.જે કચરો ગામમાંથી એકત્રિત થાય છે તેના સમાધાન માટે વર્મી કમ્પોસ્ટ બનાવવાનું કામ પણ કરવામાં આવી રહ્યું છે. એટલે કે સુખેત મોડલના ચાર લાભ તો સીધેસીધા નજરે પડી રહ્યા છે. એક તો ગામોને પ્રદૂષણથી મુક્તિ, બીજું ગામોને ગંદકીથી મુક્તિ, ત્રીજું ગામના લોકોને રસોઈ ગેસ સિલિંડર માટે પૈસા, અને ચોથું ગામના ખેડૂતોને જૈવિક ખાતર.

> **“વર્ષો બાદ દેશમાં એવો સમય આવ્યો છે કે રમતગમત પ્રત્યે પરિવાર હોય, સમાજ હોય, રાજ્ય હોય, રાષ્ટ્ર હોય – એક મનથી સહુ કોઈ જોડાઈ રહ્યા છે.”**

મારા પ્રિય દેશવાસીઓ,

આજે હું આપનો કેટલાક એવા લોકો સાથે પરિચય કરાવીશ પરંતુ તે પહેલા હું તમને એક ઓડિયો સંભળાવવા માંગુ છું.

नमोनमः सर्वेभ्यः | मम नाम गङ्गा | भवन्तः शृण्वन्तु रेडियो-युनिटी-नवति-एफ्.एम् -'एकभारतं श्रेष्ठ-भारतम्' | अहम् एकतामूर्तेः मार्गदर्शिका एवं रेडियो-युनिटी-माध्यमे आर्.जे. अस्मि | अद्य संस्कृतदिनम् अस्ति | सर्वेभ्यः बहव्यः

शुभकामनाः सन्ति| सरदार-वल्लभभाई-पटेलमहोदयः 'लौहपुरुषः' इत्युच्यते | २०१३-तमे वर्षे लौहसंग्रहस्य अभियानम् प्रारब्धम् | १३४-टन-परिमितस्य लौहस्य गलनं कृतम् | झारखण्डस्य एकः कृषकः मुद्गरस्य दानं कृतवान् | भवन्तः शृण्वन्तु रेडियो-युनिटी-नवति-एफ्.एम् -'एकभारतं श्रेष्ठ-भारतम्' |

સાથીઓ.. ભાષા તો તમે સમજી જ ગયા હશો. આ રેડિયો પર સંસ્કૃતમાં વાત કરવામાં આવી રહી છે અને જે વાત કરી રહ્યા છે તે છે આરજે ગંગા. આરજે ગંગા, ગુજરાતના રેડિયો જોકીના ગ્રુપના એક સભ્ય છે. તેમના અન્ય પણ સાથીઓ છે, જેમ કે આરજે નિલમ, આરજે ગુરુ અને આરજે હેતલ. આ બધા લોકો મળીને ગુજરાતમાં, કેવડિયામાં આ સમયે સંસ્કૃત ભાષાનું માન વધારવામાં લાગેલા છે. અને તમને ખબર છે ને આ કેવડિયા એ જ છે જ્યાં દુનિયાનું સૌથી ઊંચું સ્ટેચ્યુ, આપણા દેશનું ગૌરવ, સ્ટેચ્યુ ઓફ યુનિટી જ્યાં છે, તે કેવડિયાની હું વાત કરું છું. આ બધા રેડિયો જોકીઝ છે જે એક સાથે કેટલીયે ભૂમિકા નિભાવે છે. તેઓ ગાઈડના રૂપમાં પણ પોતાની સેવા આપે છે, સાથે સાથે કોમ્યુનિટી રેડિયો ઈનિશિયેટીવ, રેડિયો યુનિટી 90 એફએમ.નું પણ સંચાલન કરે છે. આ આરજે, પોતાના શ્રોતાઓ સાથે સંસ્કૃતમાં વાત કરે છે, તેમને સંસ્કૃતમાં જાણકારી ઉપલબ્ધ કરાવે છે.

સાથીઓ, આપણે ત્યાં સંસ્કૃત વિશે કહેવામાં આવ્યું છે –

**અમૃતમ, સંસ્કૃતમ, મિત્ર, સરસમ્ સરલમ્ વચઃ**
**એકતા મૂલકમ્ રાષ્ટ્રે, જ્ઞાન વિજ્ઞાન પોષકમ્...**

એટલે કે આપણી સંસ્કૃત ભાષા સરસ પણ છે, સરળ પણ છે. સંસ્કૃત, તેના વિચારો, આપણા સાહિત્યના માધ્યમથી તે જ્ઞાન વિજ્ઞાન અને રાષ્ટ્રની એકતાનું પણ પોષણ કરે છે, તેને મજબૂત કરે છે. સંસ્કૃત સાહિત્યમાં માનવતા અને જ્ઞાનનું એવું જ દિવ્ય દર્શન છે,

સાથીઓ, હાલના દિવસોમાં જે પ્રયાસો થયા છે, તેનાથી સંસ્કૃતને લઈને એક નવી જાગૃતિ આવી છે. હવે સમય છે કે આ દિશામાં આપણે આપણા પ્રયત્નો વધારીએ. આપણા વારસાને સાચવવો, તેને સંભાળવો, નવી પેઢીને આપવો, આ બધા આપણા કર્તવ્ય છે અને ભાવી પેઢીનો તેના પર હક પણ છે. હવે સમય છે આ કામો માટે પણ બધાનો પ્રયત્ન વધે. સાથીઓ, જો આપ પણ આવી જ રીતના પ્રયત્નોમાં જોડાયેલા એવા કોઈ વ્યક્તિને જાણો છો, આવી કોઈ જાણકારી તમારી પાસે છે, તો #CelebratingSanskrit સાથે સોશિયલ મીડિયા પર તેને સંબંધિત જાણકારી ચોક્કસ શેર કરો.

મારા પ્રિય દેશવાસીઓ, આવનારા થોડા દિવસોમાં જ વિશ્વકર્મા જયંતી પણ આવવાની છે. ભગવાન વિશ્વકર્માને આપણે ત્યાં વિશ્વની સર્જન શક્તિનું પ્રતીક માનવામાં આવ્યા છે. જે પણ પોતાના કૌશલ્યોથી કોઈ વસ્તુનું નિર્માણ કરે છે, સર્જન કરે છે, પછી તે સિવણ કામ હોય, સોફ્ટવેર હોય, કે પછી સેટેલાઈટ, આ બધુ ભગવાન વિશ્વકર્માનું પ્રગટીકરણ છે. દુનિયામાં ભલે સ્કિલની ઓળખ આજે નવી રીતે થઈ રહી છે, પરંતુ આપણા ઋષિઓએ તો હજારો વર્ષોથી સ્કિલ અને સ્કેલ પર ભાર આપ્યો છે. ભગવાન વિશ્વકર્માની જયંતી અને તેમની પૂજાની પાછળ આ જ ભાવ છે. આપણા શાસ્ત્રોમાં એ પણ કહેવામાં આવ્યું છે, –

**વિશ્વસ્ય કૃતે યસ્ય કર્મવ્યાપારઃ સઃ વિશ્વકર્મા...**

એટલે કે જે સૃષ્ટિ અને નિર્માણથી જોડાયેલા બધા લોકો કર્મ કરે છે તેઓ વિશ્વકર્મા છે.

આપણા શાસ્ત્રોની નજરમાં આપણી આસપાસ નિર્માણ અને સર્જનમાં લાગેલા જેટલા પણ સ્કિલ્ડ, કુશળ લોકો છે, તેઓ ભગવાન વિશ્વકર્માનો વારસો છે. તેના વગર આપણે આપણા જીવનની કલ્પના પણ નથી કરી શકતા.

ભગવાન વિશ્વકર્માની પૂજા પણ માત્ર ઔપચારિકતાઓથી જ પૂરી નથી થઈ. આપણે કૌશલ્યને સન્માન આપવું પડશે, કુશળ બનવા માટે મહેનત પણ કરવી પડશે. કુશળ હોવાનું ગૌરવ પણ હોવું જોઈએ. જ્યારે આપણે કંઈકને કંઈક નવું કરીએ, કંઈક ઈનોવેટ કરીએ, કંઈક એવું સર્જન કરીએ, જેનાથી સમાજનું હિત થાય, લોકોનું જીવન સરળ બને, ત્યારે આપણી વિશ્વકર્મા પૂજા સાર્થક થશે. આપણી પૂજાનો ભાવ એ જ હોવો જોઈએ કે આપણે સ્કિલના મહત્વને સમજીશું અને સ્કિલ્ડ લોકોને, પછી તે કોઈપણ કામ કરતા હોય, તેમને પૂરું સન્માન પણ આપીશું.

મારા પ્રિય દેશવાસીઓ, આ સમય આઝાદીના 75મા વર્ષનો છે. આ વર્ષે તો આપણે રોજ નવા સંકલ્પ લેવાના છે, નવું વિચારવાનું છે, કંઈક નવું કરવાની આપણી ઉત્કંઠા પણ વધારવાની છે. આપણું ભારત જ્યારે આઝાદીના 100 વર્ષ પૂર્ણ કરશે ત્યારે આપણા આ સંકલ્પ જ તેની સફળતાના પાયામાં નજરે પડશે. તેથી આપણે આ મોકો ગુમાવવાનો નથી. આપણે તેમાં વધારેમાં વધારે યોગદાન આપવાનું છે. અને આ પ્રયાસો વચ્ચે આપણે વધુ એકવાત યાદ રાખવાની છે. દવા પણ અને કડકાઈ પણ. દેશમાં 62 કરોડથી પણ વધારે વેક્સિનના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે પરંતુ તેમ છતાં આપણે સાવધાની રાખવાની છે, સતર્કતા રાખવાની છે. અને હાં... હંમેશાની જેમ, જ્યારે પણ તમે કંઈક નવું કરો, નવું વિચારો,

તો તેમાં મને ચોક્કસ સામેલ કરશો. મને આપના પત્ર અને મેસેજની રાહ રહેશે. એ જ આશા સાથે, આપ બધાને આવનારા પર્વોની ફરી એકવાર ઘણી શુભેચ્છાઓ... ખૂબ ખૂબ ધન્યવાદ....

નમસ્કાર.... ●

# હવે ભાવનગરથી દિલ્હી- સુરત- મુંબઇની સીધી એર કનેક્ટિવિટી

ગુજરાતનું એક ઐતિહાસિક અને પ્રગતિશીલ શહેર એટલે ભાવનગર. ભાવનગરમાં કૃષિ, હીરા ઉદ્યોગ, શીપ બ્રેકિંગ ઉદ્યોગ, સી.એન.જી. ટર્મિનલ અને નાના-મધ્યમ ઉદ્યોગો સાથે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આગામી સમયમાં ભાવનગર વિકાસનું કેન્દ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે. આ સાથે, ભાવનગરમાં આધ્યાત્મિક અને ધાર્મિક પ્રવાસન માટે ખૂબ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવે છે. ઔદ્યોગિક વિકાસ અને પ્રવાસનના વિકલ્પોના કારણે દેશ-વિદેશથી સેંકડો પ્રવાસીઓ દરવર્ષે ભાવનગર આવતા હોય છે ત્યારે ટ્રાન્સપોર્ટેશનની કનેક્ટિવિટી અને વધુ વિકલ્પો ઉપલબ્ધ થતાં નાગરિકોની સુવિધામાં વધારો થશે અને સમયની બચત થતાં ઔદ્યોગિક ક્ષેત્રે વિકાસ ઝડપી બનશે. તાજેતરમાં ભાવનગરને ઉડ્ડયન કનેક્ટિવિટી ક્ષેત્રે સીમાચિહ્નરૂપ ભેટ મળી. ભાવનગર શહેરથી દિલ્હી, સુરત અને મુંબઈની સીધી હવાઈ સેવાનો પ્રારંભ થયો છે. આ સેવાના પ્રારંભ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, આ સેવા સાથે ભાવનગર માટે નવો અધ્યાય લખાવા જઈ રહ્યો છે. ગુજરાતની વિકાસની નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર દ્વારા એક સાથે ત્રણ વિમાની કનેક્ટિવિટી રાજ્યને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મળી છે. આ નવી સેવાના પ્રારંભ પ્રસંગે કેન્દ્રીય ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયા નવી દિલ્હીથી વર્ચ્યુઅલી ઉપસ્થિત રહ્યા હતા. જમીન માર્ગ, જળ માર્ગ બાદ હવાઈ માર્ગથી ભાવનગર દેશનાં મહત્ત્વનાં શહેરોથી જોડાઈ ગયો છે.

કનેક્ટિવિટી વિકાસને આગળ વધારે છે, જ્યાં કનેક્ટિવિટી ઘટે છે ત્યાં વિકાસ રૂંધાય છે. આ મહત્ત્વને પારખીને રાજ્ય સરકારે વધુને વધુ એરપોર્ટ અને એરસ્ટ્રીપ વિકસાવીને રાજ્યની ક્ષમતાને વિશ્વ ફલક પર લઈ જવા માટે વધુને વધુ કનેક્ટિવિટી પર મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ ભાર મૂક્યો હતો.

મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, આ અગાઉ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી ભાવનગરના ઘોઘાથી દહેજ સુધી રો-રો ફેરી અને ઘોઘાથી સુરતની રો-પેક્ષ ફેરીની શરૂઆત દરિયાઈ માર્ગે કરાવી હતી અને હવે આજે ભાવનગરથી સીધા દિલ્હી અને મુંબઈ હવાઈ સેવાની શરૂઆત થઈ રહી છે. આમ, ભાવનગર શહેર જમીન માર્ગ, જળમાર્ગથી જોડાયેલું તો હતું જ, હવે હવાઈ માર્ગે પણ જોડાઈ ગયું છે. આમ, ત્રણેય પ્રકારની યાતાયાતથી હવે ભાવનગર જોડાઇ ગયું છે.


ગુજરાતે રોડ-રસ્તા, રેલવે અને હવાઈ એમ તમામ પ્રકારની કનેક્ટિવિટી વિકસિત કરી છે. રાજ્યમાં ૧૬ એરપોર્ટ કાર્યરત છે. આ ઉપરાંત પાણીમાં પણ સી- પ્લેન માટે બે એરોડ્રામ વિકસિત કર્યાં છે. તેના દ્વારા ગુજરાતનાં પવિત્ર યાત્રાધામો અને કેવડિયા જેવાં પ્રવાસધામોને પણ જોડીને વિકાસનાં દ્વાર ખોલ્યાં છે.

ગુજરાતના નાગરિકો વેપાર-વણજ તેમજ શૈક્ષણિક તેમજ કારકિર્દીના વિકાસ માટે વિશ્વના ખૂણેખૂણે પથરાયેલા છે ત્યારે આ એર કનેક્ટિવિટીથી વિશ્વ સાથે જોડવાનો એક વધુ માર્ગ ખૂલશે. આ સાથે, રાજ્યના દૂરદરાજ નાનાં ગામડાઓમાં પણ ઈન્ટરનેટ સેવાઓ ઉપલબ્ધ બને તે માટે ભારત નેટ દ્વારા રાજ્યનાં તમામ ગામડાઓને ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડી દીધાં છે. ભારત નેટથી ઈન્ટરનેટ આપવામાં ગુજરાત રાજ્ય દેશમાં પ્રથમ નંબરે છે.

ભાવનગર શહેર એ અતિ પ્રાચીન શહેર છે. ભાવનગર જિલ્લામાં શીપ બ્રેકિંગ યાર્ડનો મોટો બિઝનેસ ચાલે છે. આ ઉપરાંત તાજેતરમાં વડા પ્રધાનશ્રીએ જાહેર કરેલી 'વ્હિકલ સ્ક્રેપ પૉલિસી'નો મોટો લાભ ભાવનગર માટે ઉપલબ્ધ થનારો છે. તદુપરાંત વિશ્વનો સૌ પ્રથમ સી.એન.જી. પ્લાન્ટ ભાવનગર ખાતે કાર્યરત થવાનો છે. ભાવનગરમાં ડાયમંડ ઉદ્યોગ, નાના ઉદ્યોગો, રોલિંગ મીલ વગેરે છે ત્યારે એર કનેક્ટિવિટી વધવાથી ઉદ્યોગકારોની સગવડતા અને સુવિધામાં વધારો થશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લાં ૨૫ વર્ષમાં અમારી સરકારે કરેલો વિકાસ એવો છે કે એક સમયે જે સંસદ સભ્યો ટ્રેનની કનેક્ટિવિટી માંગતા હતા તે લોકો હવે એર કનેક્ટિવિટી માંગે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો નાગરિક જે 'હવાઈ સ્લીપર' પહેરે છે તે હવાઈ ઉડ્ડયન કરે તે પ્રકારની અર્થવ્યવસ્થા વિકસિત કરી છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી શ્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ જણાવ્યું હતું કે, 'વોકલ ફોર લોકલ' અને 'ગ્લોબલ ટુ લોકલ'ની





બંને વિચારધારાનો સમય ભાવનગરમાં જોવા મળે છે. ભાવનગર એ અતિ પ્રાચીન શહેર છે અને ભાવનગરની કલાકારીગરી એટલી પ્રખ્યાત છે કે દુબઈમાં યોજાતાં જ્વેલરીના પ્રદર્શનમાં ભાવનગરના સોનીઓની મોટી માંગ રહે છે. ભાવનગર સાંસ્કૃતિક, પર્યટન ઉદ્યોગમાં અલગ ક્ષમતા અને કાબેલિયત ધરાવે છે અને તેને વિશ્વ ફલક પર ઉજાગર કરવાનું મહત્ત્વપૂર્ણ અંગ કનેક્ટિવિટી છે. પોતાના વેપાર- ધંધાને વિકસાવવા માટે પોઇન્ટ ટુ પોઇંટ કનેક્ટિવિટી મળે તે ખૂબ જ અગત્યની બાબત છે. પહેલાં દેશમાં ૭૦ એરપોર્ટ હતાં. આજે દેશમાં ૧૩૬ એરપોર્ટ દ્વારા એર કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવે છે.

આધુનિક સમયમાં દરેક વ્યક્તિ માટે સમય ખૂબ કિંમતી છે. શિક્ષણ - વેપાર વગેરેના વિકાસ માટે કનેક્ટિવિટી મળે તે માટેનો વિચાર વડાપ્રધાનશ્રીએ કરીને તેને વાસ્તવમાં મૂર્તિમંત કરી બતાવ્યો છે. એર કનેક્ટિવિટી યાત્રિકોની આવાગમનની યાત્રા સુગમ અને સરળ બનાવે છે. વિમાની ક્ષેત્રે ગુજરાત આગળ પડતું રાજ્ય છે અને ગુજરાતને જ્યારે પણ જરૂર પડે ત્યારે ગુજરાતના જમાઈ તરીકે પોતે સેવા કરવા માટે તત્પર છે અને એ તેમની પ્રાથમિકતા રહેશે તેવો વિશ્વાસ તેમણે અપાવ્યો હતો.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઊડે દેશ કા આમ આદમી', 'ઉડાન યોજના' હેઠળ દેશમાં નાનાં શહેરોને પણ એર કનેક્ટિવિટીથી જોડવાનું જે અભિયાન ઉપાડ્યું છે તેમાં ભાવનગરના હવાઈ ઉડ્ડયન ક્ષેત્રનું આ નવું સોનેરી સોપાન બની રહેશે. અનેક ગતિવિધિ સાથે સંકળાયેલા ભાવનગરને નવી એર કનેક્ટિવિટી મળતાં ભાવનગરવાસીઓને આંતરરાજ્ય સાથે આંતરરાષ્ટ્રીય મુસાફરી માટેનાં નવાં દ્વાર ખૂલશે.

આ અવસરે કેન્દ્રીય ઉડ્ડયન રાજ્યમંત્રી શ્રી જનરલ ડૉ. વી.કે. સિંહે જણાવ્યું કે, ભાવનગર સને ૧૭૨૪માં ભાવસિંહજી દ્વારા સ્થાપિત વેપારનું કેન્દ્ર તે જમાનામાં પણ હતું. એર કનેક્ટિવીટી વધતાં તેમાં વધારો થશે.

સાંસદ શ્રી સી. આર. પાટીલે સુરતમાં વધતી જતી માંગને ધ્યાનમાં રાખીને વધુ ફ્લાઇટ શરૂ કરવા માંગ કરી એક સમયે ફ્લાઈટ સેવા માટે આંદોલન કરવું પડતું હતું અને આજે ગુજરાતને એક જ દિવસમાં ત્રણ ફ્લાઇટ મળી રહી છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

સાંસદ શ્રી ભારતીબહેન શિયાળે ભાવનગરની વર્ષો જૂની માંગણી સંતોષાઈ છે. આ સેવાથી ભાવનગરના વિકાસનાં દ્વારો ખૂલી જશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, વાયબ્રન્ટ ગુજરાતની શૃંખલાને પરિણામે પૂરા વિશ્વના લોકો ગુજરાતમાં રોકાણ કરવાં આવે છે. જેનાથી રોજગાર વધવા સાથે રોજગારમાં પણ વૃદ્ધિ થઇ છે. આજે રોજગાર આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે.

શિક્ષણ રાજ્યમંત્રી શ્રી વિભાવરીબહેન દવેએ જણાવ્યું કે, ભાવનગર એક સાંસ્કૃતિક નગરી છે. અહીં અનેક મંદિરો આવેલાં છે. કાળિયાર અભયારણ્ય પણ અહીં આવેલું છે. અલંગ શીપ બ્રેકિંગ યાર્ડ ભાવનગરમાં આવેલું છે ત્યારે ભાવનગરના લોકોને વિશ્વ સાથે કે દેશના ભાગો સાથે જોડાવા માટે અમદાવાદ જવું પડતું હતું. હવે અહીંથી જ કનેક્ટિવિટી મળતાં લોકોની સગવડતામાં વૃદ્ધિ થઇ છે.

ધારાસભ્ય શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું કે, ભાવનગર માટે આ નવું નજરાણું છે. ભાવનગર વિકાસની દિશામાં હકારાત્મક રીતે આગળ વધી રહ્યું છે ત્યારે આ એર કનેક્ટિવિટીથી ભાવનગર શહેરને અને જિલ્લાને મોટો ફાયદો થવાનો છે.

આ અવસરે ભાવનગરના મેયર શ્રીમતી કીર્તિબહેન દાણીધારીયા, કેશુભાઈ નાકરાણી, આર.સી. મકવાણા, સ્પાઇસ જેટના ચેરમેન શ્રી અજયસિંઘ, કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન નાયબ સચિવ શ્રી ઉષા પાઢી, મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ.એ ગાંધી, કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. પ્રશાંત જીલોવા, જિલ્લાના પદાધિકારીઓ- અધિકારીઓ તથા ભાવનગરવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## અફઘાનિસ્તાનથી એરલિફ્ટ કરાયેલા ભારતીયો જામનગર હવાઇ મથકે લેન્ડ થયા

# વતન પરત પહોંચેલા ભારતીયોની આંખોમાં હર્ષાશ્રુ



ભારતીય નાગરિકોની સુરક્ષા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાં ચિંતિત અને તત્પર હોય છે. વિદેશમાં વસતા ભારતીય નાગરિકોની સુરક્ષા પણ વડાપ્રધાન શ્રી માટે ભારતમાં વસતા નાગરિકો જેટલી જ અગ્રતા ધરાવતી હોય છે. અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરી પ્લેન જામનગર એરફોર્સ બેઝ પર પહોંચ્યું હતું. અફઘાનિસ્તાનમાં રહેલા ભારતીય નાગરિકોને તાલિબાનથી સુરક્ષિત રાખવા વતન પરત લાવવા વડાપ્રધાનશ્રીએ તત્કાલ ભારતીય વાયુસેનાનું પ્લેન મોકલી ત્યાં વસતા ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરાવી વતન પરત લાવવાની વ્યવસ્થા કરી હતી. જેમાં એક હેલિકોપ્ટર દિલ્હી ખાતે પહોંચ્યું હતું, સાથે જ એરફોર્સના વિમાન C-17 દ્વારા મોટી સંખ્યામાં અફઘાનિસ્તાનથી ભારતીય નાગરિકોને સુરક્ષિત ભારત પરત લાવવામાં આવ્યા. જામનગર ખાતે આ વિમાન પહોંચતા અફઘાનિસ્તાનથી પરત આવેલ નાગરિકોની આંખોમાં હર્ષાશ્રુ ઉમટ્યાં હતાં, સુરક્ષિત વતન પરત પહોંચતા જ ભારતીયોને હાશકારો થયો હતો. વડાપ્રધાનશ્રીએ સતત મોનિટરિંગ કરીને આ સમગ્ર મિશન ઉપર સ્વયં દેખરેખ રાખી હતી. જામનગર ખાતે પહોંચેલા અધિકાંશ લોકો અફઘાનિસ્તાન સ્થિત ભારતની સરકારી કચેરીઓના કર્મચારીઓ અને સરકારના વિવિધ પ્રોજેક્ટ્સમાં કામ કરનારા કર્મીઓ હતા.

કોરોનાના પ્રથમ તબક્કામાં પણ વિદેશોમાં વસતા ભારતીય નાગરિકોને એરલિફ્ટ કરી સુરક્ષિત ભારત લાવવામાં આવ્યા હતા તેમજ હાલ અફઘાનિસ્તાનમાં તાલિબાનોએ અરાજકતા સર્જતા ભારતીય નાગરિકોને કોઈ તકલીફ ન રહે તે માટે તત્કાલ વડાપ્રધાનશ્રીએ ભારતીય નાગરિકોની સુરક્ષા હેતુ ભારતીયોને એરલિફ્ટ કરવા મિશન મોડમાં કામગીરી હાથ ધરી હતી. જેમાં આશરે ૧૫૦થી વધુ ભારતીય નાગરિકો સુરક્ષિત વતન પરત ફર્યા છે.

આ સમયે જામનગર એરપોર્ટ ખાતે અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યમંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, મેયર શ્રી બીનાબહેન કોઠારી, ડેપ્યુટી મેયર શ્રી તપનભાઈ પરમાર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી મનીષભાઈ કટારિયા, શ્રી કેતનભાઈ ગોસરાણી, કુસુમબહેન પંડ્યા, શ્રી વિમલભાઈ કગથરા, પ્રકાશભાઈ બાંભણિયા, મેરામણભાઈ ભાટુ, વિજયસિંહ જેઠવા, કલેકટર શ્રી ડૉ. સૌરભ પારઘી, અધિક નિવાસી કલેકટર શ્રી રાજેન્દ્ર સરવૈયાએ કર્મચારીઓનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. આ તકે, પ્રાંત અધિકારી જામનગર શહેર શ્રી આસ્થા ડાંગર, ડેપ્યુટી ડી.ડી.ઓ શ્રી પાર્થ કોટડિયા, મામલતદાર શ્રી અક્ષર વ્યાસ વગેરે અધિકારીઓ, પત્રકારશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ઉષ્માભર્યા સ્વાગત બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા રાજદૂત શ્રી ટંડન

જામનગર એરફોર્સ ખાતે અફઘાનિસ્તાનના કાબુલથી ત્યાં ફસાયેલા આશરે ૧૮૦ જેટલા ભારતીયોને એરલિફ્ટ કરી જામનગર લાવવામાં આવ્યા હતા. જેમનું રાજ્ય સરકાર તથા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. આ તકે આયોજિત કરવામાં આવેલી પત્રકાર પરિષદને સંબોધતા અફઘાનિસ્તાન ખાતેના ભારતીય રાજદૂત શ્રી રૂદ્રેન્દ્ર ટંડને જણાવ્યું હતું કે, વતનમાં પરત ફરવાની ખુશી અકલ્પનીય હોય છે. બે અઠવાડિયાના લાંબા સંઘર્ષ અને અનેક આયોજનો બાદ ભારતીય નાગરિકોને પરત લાવવાનું મિશન શાંતિપૂર્વક પૂર્ણ થયું છે, જે ખૂબ આનંદની વાત છે. કોઈ જ દુર્ઘટના વિના સૌ નાગરિકોને સુરક્ષિત રીતે ભારત પહોંચાડવામાં આવ્યા છે. વિવિધ સેવાઓમાં જોડાયેલા ૧૯૨ જેટલા નાગરિકોને અફઘાનિસ્તાનના કાબુલથી અહીં લાવવામાં આવ્યા છે. અફઘાનિસ્તાન દૂતાવાસના તમામ વિભાગોના સહિયારા સહયોગથી આ શક્ય બન્યું છે. ભારત સરકાર દ્વારા ઉચ્ચસ્તરે આ અંગે બેઠકો યોજાઈ હતી અને મિનિટ ટુ મિનિટ તમામ ગતિવિધિઓનું મોનિટરિંગ કરી આ ઓપરેશન પાર પાડવામાં આવ્યું. એમ્બેસેડર શ્રી રૂદ્રેન્દ્ર ટંડને આ તકે ઉષ્માભર્યા સ્વાગત બદલ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમજ ઇન્ડિયન એરફોર્સને આવી વિકટ પરિસ્થિતિમાંથી નાગરિકોને બહાર લાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ●

# અમદાવાદ જિલ્લાના વિકાસ કાર્યોની સમીક્ષા કરતા કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી



અમદાવાદ જિલ્લા કલેટર કચેરી ખાતે કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભા સાંસદ શ્રી અમિતભાઇ શાહના અધ્યક્ષ સ્થાને જિલ્લા વિકાસ સંકલન અને દેખરેખ નિયંત્રણ (દિશા) સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિભિન્ન પ્રશ્નો વિશે વિગતવાર ચર્ચા-વિમર્શ કરી તાલુકા-જિલ્લા સ્તરે સંકલન અને સમન્વય સાધીને પ્રજાના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ લાવીને જિલ્લાના વિકાસની ગતિ આગળ ધપાવવા સૌ પ્રયત્નશીલ બને તેવા પ્રયાસ કરવા જણાવાયું હતું.

મંત્રી શ્રી અમિતભાઈ શાહે રસીકરણ કામગીરીની બેઠકમાં સમીક્ષા કર્યા બાદ અમદાવાદ શહેર-જિલ્લામાં રસીકરણની ઝુંબેશ ઘનિષ્ઠ રીતે હાથ ધરી ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં પ્રથમ રસીકરણ ડોઝનો લક્ષ્યાંક ૧૦૦% સિદ્ધ કરવા તાકીદ કરી હતી. સાથે સાથે સ્લમ વિસ્તારમાં અને જયાં રસીકરણ ઓછું થયું છે તેવા વિસ્તારોમાં ખાસ કેમ્પ કરીને રસીકરણનો વ્યાપ વધારવા સૂચન કર્યું હતું.

મા કાર્ડ સંદર્ભે કેન્દ્રીય મંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકોના આરોગ્યને સ્પર્શતી આ કામગીરી સુપેરે કરાય તે જરૂરી છે. જનતાની આરોગ્ય સંભાળને લગતા વિવિધ સંસાધનોનું વ્યવસ્થાપન પણ સુંદર રીતે કરવા કેંદ્રીય મંત્રીશ્રીએ સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આયુષ્યમાન ભારત, ઉજ્જવલા યોજના, એન.એફ.એસ.એ, વૃદ્ધ પેન્શન, વિધવા સહાય યોજના જેવી યોજનાઓનો લાભ છેવાડાના નાગરીક સુધી પહોચાડવા જે તે વિસ્તારમાં કેમ્પ કરવો ખૂબ જ જરૂરી છે.

કૃષિલક્ષી બાબતો અંગેની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના વિવિધ વિસ્તારોમાં જુદા જુદા પાકો માટે અલગ વાતાવરણ હોય છે ત્યારે વિવિધ તાલુકામાં વિવિધ પાકના 'મોડેલ ફાર્મ' બનાવી ખેડૂતોને મુલાકાત કરાવવી જોઈએ. જેથી ખેડૂતો 'ક્રોપ પેટર્ન ચેન્જ' અપનાવી ઉત્પાદનમાં વૈવિધ્યપણું લાવી શકે. સ્વામીત્વ યોજનામાં દસકોઈ તાલુકાના પસંદ કરાયેલા ૧૭ ગામોમાં મોડેલ કામગીરી કરી અમદાવાદ જિલ્લો અગ્રેસર ભૂમિકા ભજવી શકે છે.

બેઠકમાં રાજ્ય સભાના સાંસદ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, વિવિધ યોજનાઓનો લાભ મહત્તમ લોકો સુધી પહોંચે તથા જન ઔષધિ કેન્દ્રો ગ્રામ વિસ્તારમાં વધુ કાર્યાન્વિત કરાય તે સમયની માંગ છે. આ ઉપરાંત ટી.પી. યોજના, વૃધ્ધ સહાય વિધવા સહાય તથા મહાનગરપાલિકાને સ્પર્શતી યોજનાઓ ને વધુ પરિણામ લક્ષી બનાવવા અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં અમદાવાદ પશ્ચિમ સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, ધારાસભ્ય સર્વશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, અમદાવાદ મ.ન.પા. કમિશનરશ્રી, જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલિયા સહિત અમદાવાદ જિલ્લા વહીવટીતંત્રના અધિકારી પદાધિકારીશ્રીઓ જોડાયા હતા. ●




## સોમનાથ મંદિર સંકુલને રૂ.85 કરોડનાં વિકાસકાર્યોની વડાપ્રધાનશ્રીની ભેટ


# પર્યટન સ્થળો અને તીર્થ સ્થળોના વિકાસ સાથે થઈ રહ્યો છે દેશનો વિકાસ

ગુજરાતના પશ્ચિમ કાંઠે આવેલું સોમનાથ મંદિર કરોડો ભારતીયોની શ્રદ્ધાનું કેન્દ્ર રહ્યું છે. ઈતિહાસમાં ઘણીવાર તેને વિદેશી આક્રમણકારોએ નુકસાન પહોંચાડ્યું છે. તેમ છતાં તેઓ ભક્તોની આસ્થાને ડગમગાવી શક્યા નહીં. હાલના સોમનાથ મંદિરનું પુર્નનિર્માણ લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા કરાવવામાં આવ્યું હતું. દેશનાં બાર જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ એવા સોમનાથ મહાદેવના વિકાસ અને નાગરિકોની સુવિધા માટે રાજ્ય તેમજ કેન્દ્ર સરકાર પ્રયત્નશીલ છે. વડાપ્રધાનશ્રી અને સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં પવિત્ર શ્રાવણ માસમાં સોમનાથ મહાદેવના પવિત્ર તીર્થ સ્થળે રૂ. ૮૫ કરોડથી વધુના ખર્ચે યાત્રિકોને સુખાકારી, સગવડતા, સુવિધા અને આસ્થા પ્રદાન કરતા ચાર પ્રકલ્પો સમુદ્રદર્શન પથ, સોમનાથ પ્રદર્શન ગેલેરી, અને જૂના સોમનાથ મંદિર જિર્ણોદ્ધાર નવીનીકરણનું વર્ચ્યુઅલ લોકાર્પણ તેમજ શ્રી પાર્વતી માતાના મંદિરના નિર્માણ માટે શિલાન્યાસ કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભગવાન સોમનાથને નમન કરી જણાવ્યું હતું કે, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સોમનાથનું પ્રાચીન ગૌરવ પુનર્જિવિત કરવાની દૃઢ ઈચ્છાશક્તિ દર્શાવી અને એ કાર્ય થયું હતું.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સરદાર સાહેબ સોમનાથ મંદિરને સ્વતંત્ર ભારતની સ્વતંત્ર ભાવના સાથે જોડાયેલું માનતા હતા. આ પ્રસંગે તેમણે લોકમાતા અહિલ્યા બાઈને યાદ કરતાં જણાવ્યું હતું કે, લોકમાતા અહિલ્યાબાઈએ ભગવાન વિશ્વનાથથી લઈ ભગવાન સોમનાથ સહિત કેટલાંય મંદિરોના જિર્ણોદ્ધાર કરાવ્યા હતા. તેમના જીવનમાં રહેલા પ્રાચીનતા અને આધુનિકતાના સંગમને આજે દેશ પોતાનો આદર્શ માનીને આગળ વધી રહ્યો છે.

વડાપ્રધાનશ્રીએ શિવ અવિનાશી, અનાદિ છે તેમ શ્રદ્ધાપૂર્વક જણાવી કહ્યું હતું કે આ મંદિરને ઈતિહાસમાં ઘણીવાર તોડવામાં આવ્યું અને જેટલીવાર પડ્યું





**“ વડાપ્રધાન અને સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સોમનાથ તીર્થ સ્થળનો સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે. સોમનાથ પરિસરમાં સ્વચ્છતાનું મોટું કાર્ય થઈ રહ્યું છે- સમુદ્ર દર્શન પથ સહિતની સુવિધાઓનો દેશ વિદેશના યાત્રિકોને લાભ મળશે.**

**- શ્રી અમિતભાઇ શાહ**, કેન્દ્રીય ગૃહ મંત્રી



**“ સોમનાથ તીર્થ સ્થળના વિકાસ માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. સોમનાથના ગૌરવ ગરિમાને પુનઃ સ્થાપિત કરવાના દિવ્ય કાર્યમાં ગુજરાત સરકાર પરિશ્રમ કરીને હર હંમેશ પ્રતિબદ્ધ રહેશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા થયેલા વિશેષ પ્રયાસોને લીધે ડિજિટલ માધ્યમથી કરોડો શ્રદ્ધાળુઓ સોમનાથ મહાદેવનાં દર્શન કરી રહ્યા છે.**

**- શ્રી વિજયભાઇ રૂપાણી**, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તેટલી વાર ફરી પુનર્જિવિત થઈ ગરિમા અને ગૌરવ સાથે ખડું થયું. તોડવાનું - આતંકનું સામ્રાજ્ય ઊભું કરવાનો વિચાર થોડો સમય માટે હાવી થઈ શકે પરંતુ તેનું અસ્તિત્વ ક્યારેય સ્થાયી હોતું નથી. સત્યને અસત્યથી તેમજ માનવતાના મૂલ્યોને આતતાયી તાકાતોથી દબાવી શકાતાં નથી.

આપણી વિચારધારા ઇતિહાસમાંથી શીખીને વર્તમાનને સુધારવાની રહી છે અને નવા ભારતના નિર્માણ માટે અતીતને પણ જોડવાનો આપણો સંકલ્પ છે. પશ્ચિમમાં સોમનાથ નાગેશ્વર, ઉત્તરમાં બાબા કેદારનાથથી દક્ષિણમાં રામેશ્વર સુધી બાર જ્યોતિર્લિંગ ભારતને પરસ્પર જોડવાનું કામ કરે છે.

બાર જ્યોતિર્લિંગ, ચાર ધામ તીર્થ સ્થળોની વ્યવસ્થા, શક્તિપીઠની સંકલ્પના આસ્થાની રૂપરેખા અને દેશનાં ખૂણે-ખૂણે રહેલા તીર્થ સ્થળો હકીકતમાં એક ભારત - શ્રેષ્ઠ ભારતની ભાવના અભિવ્યક્ત કરે છે.

કેન્દ્ર સરકારના પ્રવાસન મંત્રાલયની પ્રસાદ યોજના થકી દેશના તીર્થ સ્થળનો વિકાસ થઈ રહ્યો છે અને ગુજરાતમાં સોમનાથ સહિતનાં સ્થળોએ પણ યાત્રિકલક્ષી સુવિધાઓ સગવડમાં વધારો થયો છે. દેશભરમાં થયેલા આવાં વિકાસલક્ષી કાર્યોને લીધે વર્ષ 2013માં દેશ ટ્રાવેલ અને ટુરિઝમ કોમ્પિટેટિવનેસ ઈન્ડેક્સમાં ૬૫મા ક્રમે હતો, જે વર્ષ ૨૦૧૯માં આગળ વધી ૩૪મા ક્રમે સ્થાન મળ્યું છે.

વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં કચ્છ સહિતનાં વિવિધ સ્થળોએ પ્રવાસનના વિકાસમાં આધુનિકતાને જોડીને કરવામાં આવેલા સંકલ્પથી સિદ્ધિના વિકાસલક્ષી પ્રયાસોનાં પરિણામો ગુજરાતે જોયાં છે તેમ ગૌરવસહ જણાવ્યું હતું. આઝાદીના અમૃત મહોત્સવના વર્ષમાં સોમનાથ મંદિર નૂતન કાર્યો થકી પ્રેરણા આપે છે. સોમનાથમાં પ્રદર્શની ગેલેરીથી પૌરાણિકતા વિશે અને મંદિર વિશે જાણીને આવનારી પેઢી નવયુવાનોને વિશેષ માહિતી મળશે.

આ અવસરે કેન્દ્રીય ગૃહમંત્રી અને સોમનાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અમિતભાઈ શાહે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારથી સોમનાથ ટ્રસ્ટમાં જોડાયા ત્યારથી તેઓએ કરોડો શ્રદ્ધાળુઓના કેન્દ્ર સમાન સોમનાથના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયાસો કર્યા છે અને રોડમેપ તૈયાર કરી માર્ગદર્શન આપ્યું છે.

સોમનાથ તીર્થમાં સમુદ્રદર્શન પથ અને પ્રદર્શન અને જૂના સોમનાથ મંદિરનો પુનરોદ્ધાર નવીનીકરણ અને



દાતા શ્રી ભીખુભાઈ ધામેલિયાના પરિવારના સહયોગથી બનાવવામાં આવી રહેલા શ્રી પાર્વતી માતાના મંદિર સહિતનાં નિર્માણ કાર્યો સહિતના પ્રકલ્પોથી સોમનાથ તીર્થમાં શ્રદ્ધાળુઓ યાત્રિકોની સુવિધા વધશે તેમ જણાવીને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ ભારત સરકાર અને ગુજરાત સરકારનું સંકલન તેમજ સોમનાથ ટ્રસ્ટ તેમજ દાતાઓના સહયોગથી વિકાસના યાત્રિકોની સેવાને લગતાં અનેક કાર્યો થઈ રહ્યાં છે તેની રૂપરેખા આપી હતી. શ્રી અમિતભાઈ શાહે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ડિજિટલી દર્શનની સુવિધા તેમજ સ્વચ્છતાના મહત્ત્વનાં કાર્યો સતત થઈ રહ્યાં છે તેનો ઉલ્લેખ કરીને સોમનાથ મંદિરનું ગૌરવ ગરિમા અને દિવ્યતા સાથે મહાત્મ્યની શ્રદ્ધા વ્યક્ત કરી હતી.

સોમનાથ ખાતે લોકાર્પણ સમારોહમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહેલા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન અને ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં સોમનાથ ટ્રસ્ટ દ્વારા યાત્રિકોને સુવિધા માટેનાં અનેક કાર્યો થઈ રહ્યાં છે. સોમનાથ મંદિરની ગરિમા તથા ગૌરવ આભને સ્પર્શી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર સોમનાથ તીર્થ સ્થળનાં વિકાસ કાર્યમાં હરહંમેશ પ્રતિબદ્ધ છે.


સોમનાથ સહિત ગુજરાતના તીર્થસ્થળોના વિકાસ માટે શ્રેણીબદ્ધ માળખાગત કામો હાથ ધરવામાં આવ્યાં છે તેનો ઉલ્લેખ કરીને મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ ટ્રસ્ટ દ્વારા તાઉતે વાવાઝોડા દરમિયાન અને કોરોનાની મહામારી દરમિયાન અનેક સેવાકાર્યો કરવામાં આવ્યાં છે તેની માહિતી આપી સોમનાથ તીર્થ સ્થળોમાં શ્રદ્ધાળુઓનો યાત્રિકોનો વધારો થઈ રહ્યો છે તેની માહિતી આપી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ ટ્રસ્ટ દ્વારા ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ





## મુખ્યમંત્રીશ્રીએ સોમનાથ મહાદેવની પૂજા અર્ચના કરી

સોમનાથ મહાદેવના દર્શન કરી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ મહાપૂજા ધ્વજા પૂજા કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત પર સોમનાથ દાદાના કૃપા આશિષ વરસતા રહે અને સૌ સ્વસ્થ રહે, ગુજરાત વિકાસ રાહે સતત અગ્રેસર રહે તેવી પ્રાર્થના પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીની સાથે પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, રાજકોટના અગ્રણી શ્રી નીતિનભાઈ ભારદ્વાજ અને મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી શ્રી પી. કે.લહેરી, ટ્રસ્ટના અધિકારીઓ સહિતના અગ્રણીઓ પદાધિકારીઓ અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.






દર્શનની જે વ્યવસ્થા થઈ છે તેને પણ આવકારી હતી. મુખ્યમંત્રીશ્રીએ સોમનાથમાં યાત્રિકોને રહેવા માટેની વ્યવસ્થા વધારવામાં આવી છે તે અંગે માહિતી આપી રાજ્ય સરકાર દ્વારા પણ પર્યટન વિકાસ માટે કરવામાં આવી રહેલાં કાર્યોની રૂપરેખા આપી હતી.

આ પ્રસંગે પ્રવાસન અને મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી રામીબહેન વાજા, સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી સેક્રેટરી શ્રી પી.કે લહેરી, ટ્રસ્ટી શ્રી જે.ડી. પરમાર તેમજ પૂર્વ ધારાસભ્યશ્રીઓ તેમજ સંગઠનના પદાધિકારીઓ ઉપરાંત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા .

આ પ્રસંગે ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય મંત્રીશ્રી શ્રીપદ નાયક, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા સહિતના મહાનુભાવો પણ વર્ચ્યુઅલી જોડાયા હતા. ●

## પાર્વતી માતાનું મંદિર સોમનાથની ભવ્યતા-દિવ્યતામાં વધારો કરશે

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂા. ૩૦ કરોડના ખર્ચે સોમનાથ પરિસરમાં શ્રી પાર્વતી માતાનું મંદિર બંધાવી રહેલા ભીખુભાઈ ધામેલિયા અને ધામેલિયા પરિવારને આ સદકાર્ય-પુણ્યકાર્ય બદલ શુભેચ્છા પાઠવી હતી. મુખ્યમંત્રીશ્રી આ પ્રસંગે મંદિરના શિલાપૂજન શાસ્ત્રોક્ત વિધિમાં સહભાગી થયા હતા. પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા પણ પ્રત્યક્ષ ઉપસ્થિત રહી આ પ્રસંગે સહભાગી થયા હતા.



પાર્વતી માતાનું મંદિર અંબાજીના આરસથી બંધાશે. શ્રી પાર્વતી માતાના મંદિરમાં ગરિમાપૂર્ણ અને આગવું સ્થાપત્ય રહેશે. ૪૪ સ્તંભ કોતરણીયુક્ત અને વિશાળ નૃત્યમંડપ બનાવવામાં આવશે. મંદિરનું શિખર ૭૧ ફૂટની ઊંચાઈનું બનશે. આ શિલાપૂજનના કાર્યક્રમમાં સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર શ્રી વિજયસિંહ ચાવડા, એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દિલીપભાઈ ચાવડા સહિત સોમનાથ પરિવારના સદસ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમ્યાના સોમનાથ રેન્જના શ્રી મનિન્દરસિંઘ પવાર, કલેકટર શ્રી રાજદેવસિંહ ગોહિલ, જિલ્લા પોલીસ વડા શ્રી રાહુલ ત્રિપાઠી સહિતના અધિકારીઓએ જુદી જુદી વ્યવસ્થાઓ પ્રોટોકોલ કામગીરીમાં સંકલન કર્યું હતું. ●



# રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતીની રાજ્યવ્યાપી ગરિમામય ઉજવણી

**હાથમાં લઈ કલમ; સ્વરાજના સિંચ્યા પાણી**
**અંગ્રેજ સામે લડ્યો; અલગ માટીનો મેઘાણી**

ઝવેરચંદ કાળીદાસ મેઘાણી એટલે રાષ્ટ્રભક્ત પત્રકાર, સાહિત્યકાર, સ્વતંત્ર સેનાની, રાષ્ટ્રીય શાયર, પહાડનું બાળક. ગામડે ગામડે ફરી ભુલાયેલા લોક સાહિત્યને પુન: જીવિત કર્યુ. લોક કંઠે ગવાતા ગીતો, હાલરડા, દુહાઓનું સંપાદન કરી દરેક ગુજરાતી અને ગુજરાતી ભાષાપ્રેમી સુધી પહોંચાડ્યુ. આઝાદીની ચળવળમાં પ્રેરણા આપી તથા શૌર્યગીતોથી લોકોનો ઉત્સાહ વધાર્યો. ઝવેરચંદ મેઘાણીનું જીવન, સાહિત્ય અનેક લોકો માટે પ્રેરણાદાયી છે. આવા ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મજયંતીની 28 ઓગસ્ટના રોજ રાજ્યવ્યાપી ગૌરવભેર ઉજવણી કરવામાં આવી.

ગાંધીનગરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતાં ગૌરવસહ જણાવ્યુ હતું કે, મેઘાણીના જન્મ સ્થળ ચોટિલામાં મેઘાણી સ્મારક - મ્યૂઝિયમ નિર્માણ માટે રાજય સરકારે પાંચ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. મેઘાણી રચિત લોકસાહિત્ય, શૌર્ય રચના, ગદ્ય-પદ્ય, સાહિત્ય અને સ્વતંત્રતાના સંગ્રામમાં જન જુવાળ જગાવવાના મેઘાણીના પ્રદાનને આ મ્યુઝિયમના માધ્યમથી યુવાપેઢી આવનારી પેઢીમાં સદાકાળ જીવંત પ્રેરણારૂપ રાખવાનો આ પ્રયાસ મેઘાણીને યથોચિત ભાવાંજલી છે.

આ વર્ષે સમગ્ર દેશ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને પ્રેરણાથી સ્વતંત્રતાના ૭૫મા વર્ષની આઝાદીના અમૃત મહોત્સવ તરીકે જનઉમંગથી ઉજવણી કરી રહ્યો છે. આઝાદીનો અમૃત મહોત્સવ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીનો અવસર બંનેનો સુભગ સમન્વય જન-જનમાં નવી રાષ્ટ્રીય ચેતના, સ્ફુરણા પ્રેરિત કરશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આઝાદી મેળવવા શહીદોએ જે બલિદાન આપ્યા તેમના મા ભારતીને વિશ્વ ગુરુ બનાવવાના સપના સાકાર થાય, આવા વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્ય શૌર્ય રચનાઓ આજની પેઢીને દેશ માટે સમર્પિત થવાની પ્રેરણા આપે તે માટે આખું વર્ષ “કસુંબલ રંગ”ના અનેક કાર્યક્રમો યોજાશે.

આઝાદીના સો વર્ષ ઉજવીએ ત્યારે, મા ભારતી મહાસત્તા હોય, શક્તિશાળી, આત્મનિર્ભર હોય, વિશ્વગુરૂ હોય એ સંકલ્પોને સિદ્ધ કરવાની ચેતના ઉજાગર કરવામાં આ અમૃત મહોત્સવ અને મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી બંને આપણા માટે નવી દિશા ચિંધનારા બન્યા છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ઝવેરચંદ મેઘાણીને પત્રકાર, લોક સાહિત્યકાર, નેસડા, ગામડા ખૂંદી વળીને ઈતિહાસ બહાર લાવનાર સાહિત્ય સર્જક ગણાવતા ઉમેર્યું હતુ કે, તેમના સાહિત્ય સહિત ગુજરાતી સાહિત્યને દેશના સીમાડા ઓળંગી વિશ્વમાં જન જન સુધી પહોંચાડવાની આપણી પ્રતિબદ્ધતા જ એમને સાચી શ્રદ્ધાંજલિ લેખાશે. આપણું ગુજરાત ગાંધી-સરદાર, નર્મદ, મેઘાણી, ઉમાશંકર જોશી, કનૈયાલાલ મુનશી જેવા પ્રખર વ્યક્તિત્વનું ગુજરાત છે. આઝાદી સમયથી લઈને આજ સુધી ગુજરાતે હર હંમેશા અગ્રેસર રહેવાની પરંપરા જાળવી છે. તેને આપણી યુવા પેઢી, આવનારી પેઢી પણ જાળવે અને ગુજરાત વિશ્વનું રોલ મોડેલ બને તેવી આપણી નેમ છે.

મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં નિર્માણ થનારા ગુજરાત સાહિત્ય અકાદમીના ભવન મેઘાણી સાહિત્ય ભવનનું ઈ- ખાત મુહૂર્ત કરવા સાથે મેઘાણી જીવન-કવનની વેબસાઈટ લોન્ચ કરી હતી. તેમણે રાજ્યના ગ્રંથાલયો માટે મેઘાણી સાહિત્ય સંપુટ અર્પણ અને સાહિત્ય ગૌરવ પુરસ્કારો પણ એનાયત કર્યા હતા. રાષ્ટ્રીય શાયર મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતીની આ ઉજવણી અન્વયે રાજ્યના ૩૩ જિલ્લાઓમાં પણ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ મેઘાણીની રચનાઓની લોક કલાકારો દ્વારા થયેલી શૌર્યભરી પ્રસ્તુતિ પણ માણી હતી.





સાહિત્ય અકાદમી અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડયાએ સૌને આવકારી સમગ્ર આયોજનની રૂપરેખા આપતા કહ્યું હતું કે, આઝાદી અમૃત મહોત્સવ, મેઘાણી ૧૨૫મી જન્મ જયંતી અને ગુજરાત સાહિત્ય અકાદમીના મેઘાણી ભવનનું શિલાન્યાસ જેવી ઐતિહાસિક ઘટનાનું ત્રિવેણી સંગમ થયું છે. સાહિત્ય અકાદમી દ્વારા ત્રણ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે રહીને દેશ-વિદેશના સાહિત્યકારો સાથે સંવાદ યોજવામાં આવ્યો છે. તેમજ ૫૦ સ્થળોએ સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે.

ઝવેરીચંદ મેઘાણી થી સુરેશ જોષી સુધીના સાહિત્યકારોની વાંચન માળા રચવામાં આવી છે. ૫૦ ટકા વળતર આપી પુસ્તકનું વેચાણ કરવામાં આવે છે. સાહિત્ય ક્ષેત્રે મહત્વનું ખેડાણ કરનાર સાહિત્યકારોનું ગૌરવ પુરસ્કાર આપીને સન્માન કરવામાં આવે છે. આ પુરસ્કાર આજે ગુજરાતનું નોબલ પ્રાઈઝ કહેવામાં આવે છે.

ગુજરાતની લોકસંસ્કૃતિ આજે જીવંત છે, એનો ઘણો યશ ઝવેરચંદ મેઘાણીને જાય છે. ભાતીગળ લોકજીવનમાંથી સાહિત્યનું સર્જન કરી લોક સંવેદના પ્રગટાવનાર મેઘાણીનું સ્થાન આજે પણ લોકહૃદયમાં અંકિત થયેલું છે. ઝવેરચંદ મેઘાણી કોઈ વ્યક્તિ કે કોઈ વ્યક્તિ વિશેષ નહિ, હરતી ફરતી વિશ્વવિદ્યાલય હતા અને એટલે જ આજે પણ એમના પત્રો,એમનાં લેખો, એમનાં કાવ્યો અને જીવનકવનના પ્રસંગો શીખતાં શીખતાં માનવી પૂર્ણતા તરફ ગતિ કરે છે.

આ કાર્યક્રમમાં સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીના પૌત્ર શ્રી પિનાકીભાઈ મેઘાણી, રમતગમત - યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી સી.વી. સોમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર શ્રી પી.આર. જોષી, સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ શ્રી પંકજ ભટ્ટ, લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવી, કીર્તિદાન ગઢવી, ઓસમાણ મીર, કિંજલ દવે અને અમિતા પટેલ સહિત અનેક ગુજરાતના લોકસાહિત્યકારો, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## મુખ્યમંત્રીશ્રીના હસ્તે સાહિત્ય ગૌરવ પુરસ્કાર એનાયત

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાત સાહિત્ય અકાદમીમાં શ્રી મધુરાય (મધુસૂદન ઠાકર), હિન્દી સાહિત્ય અકાદમીમાં શ્રી ઉજમભાઇ પટેલ અને ડૉ. અંજના સંધીર, સિંધી સાહિત્ય અકાદમીમાં શ્રી છતો થધોમલ જ્ઞાનચંદાણી અને શ્રી મનોહર નિહાલાણી અને કચ્છી સાહિત્ય અકાદમીમાં શ્રી કાનજી મહેશ્વરી રીખિયો અને શ્રી રમેશ ભટ્ટ રશ્મિને એનાયત કરવામાં આવ્યો. યુવા ગૌરવ પુરસ્કાર ગુજરાત સાહિત્ય અકાદમીમાં શ્રી પ્રશાંત પટેલ અને શ્રી રિન્કુ રાઠોડ, સંસ્કૃત સાહિત્ય અકાદમીમાં સુશ્રી રાજવી ઓઝા અને સિંધી સાહિત્ય અકાદમીમાં સુશ્રી નયના સુરેશકુમાર રાવલાણી તથા સુશ્રી નિશા ચાવલાને એનાયત કરવામાં આવ્યો. તેમજ વેદ- શાસ્ત્ર પંડિત સન્માન સંસ્કૃત સાહિત્ય અકાદમીમાં શ્રી ગોવિંદભાઇ એન ત્રિવેદી (ઋગ્વેદ) અને શ્રી જયદેવ અરુણોદય જાની (શુક્લ યજુર્વેદ) માટે અર્પણ કરવામાં આવ્યો. ●

## પાલીતાણાના રણછોડભાઈને લાગ્યો "ઝવેરચંદ મેઘાણી"નો રંગ

સુનિલ પટેલ

ગુજરાતી સાહિત્યના ઘૂઘવતા મહેરામણ અને 'રાષ્ટ્રીય શાયર' એવાં ઝવેરચંદ મેઘાણીની પ્રસિદ્ધ પંક્તિઓ "હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.... હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ.."ને પાલીતાણાના રણછોડભાઇ મારુંએ જરા જુદી રીતે આત્મસાત કર્યો છે. તેઓ કહે છે કે, હો રાજ મને લાગ્યો ઝવેરચંદ મેઘાણીનો રંગ..." સુપ્રસિદ્ધ યાત્રાધામ પાલીતાણામાં રહેતાં રણછોડભાઈ મારુને જાણે ઝવેરચંદ મેઘાણીનો રંગ લાગ્યો હોય તેમ છેલ્લાં બે દાયકાથી મેઘાણી મંદિર બનાવીને તેમના જેવો જ અદલ પોશાક સાથે પોતાનું જીવન વ્યતિત કરી રહ્યાં છે. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના તેવો અનોખા ચાહક છે. મેઘાણી પ્રત્યે તેમને એવો અદ્ભુત પ્રેમ છે કે બિલકુલ તેમનાં જેવો જ પહેરવેશ પહેરે છે. તેઓ કહે છે કે, છેલ્લાં ૪૦ વર્ષથી મેઘાણીજીની જન્મજયંતી હું હૃદયથી ઉજવી રહ્યો છું. મેઘાણી ભવનમાં છેલ્લા ૨૦ વર્ષથી જઉ છું. મારે મન રોજ મેઘાણી જન્મ જયંતી છે. લોકો ૧૨૫મી જન્મ જયંતી ઊજવી રહ્યાં છે પરંતુ હું જીવું ત્યાં સુધી હરરોજ જન્મ જયંતી ઊજવીશ તેવો દ્રઢ વિશ્વાસ ધરાવે છે. રણછોડભાઈનું સમગ્ર ઘર અને તેમનું સમગ્ર જીવન મેઘાણીમય છે. ઝવેરચંદભાઈ જે -જે સ્થળોએ ફરીને તેના વિશે લખતાં હતાં તે તમામ સ્થળો તેમજ સોરઠ પંથકમાં બોટાદની તેમની કર્મભૂમિ હોય ત્યાં બધે રણછોડભાઇએ ફરીને પવિત્ર ભૂમિને નમન કર્યા છે. માત્ર પહેલા ધોરણનો જ શિક્ષણ મેળવેલાં રણછોડભાઈની આર્થિક સ્થિતિ નબળી હોવાથી એક સમયે તેમણે લોખંડ પતરાનો ભંગાર વેચીને ઝવેરચંદ મેઘાણીના પુસ્તકો ખરીદ્યા હતા અને તેમના વિશે અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ અત્યારે રણછોડભાઈને કસુંબીનો રંગની જેમ મેઘાણીનો રંગ લાગ્યો હોય ઝવેરચંદ ભાઈની સ્મૃતિમાં છેલ્લાં શ્વાસ સુધી પોતાનું જીવન જીવવાનો નિર્ધાર કર્યો છે. તેઓ ભલે પોતે ઓછું ભણ્યાં હોય છતાં તેમને કાયમ યાદ રાખવાં માટે પુસ્તકોનું લેખન પણ કર્યું છે.





## "રાષ્ટ્રીય શાયર" તરીકે ખ્યાતિ પામેલા મૂર્ધન્ય લોકસાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે રાજ્યભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમ "કસુંબીનો રંગ" ઉજવવામાં આવ્યો હતો. અત્રે પ્રસ્તુત છે તેની આછેરી ઝલક...

### અમદાવાદ



અમદાવાદમાં કસુંબીનો રંગ-ઉત્સવ કાર્યક્રમને સંબોધતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે શ્રી ઝવેરચંદ મેઘાણીને બહુઆયામી વ્યક્તિત્વ ગણાવતા કહ્યું હતું કે, આઝાદીની લડતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણીએ આઝાદીની લડત વખતે તેમના સાહિત્ય થકી અમૂલ્ય યોગદાન આપ્યું હતું અને આબાલવૃદ્ધ સૌ કોઈમાં તેમની કલમ દ્વારા આઝાદીની લડતનું જોમ પેદા કર્યુ હતુ. તેમણે પ્રજાને અપીલ કરતાં કહ્યું કે, ઝવેરચંદ મેઘાણીની કલમમાં ખુમારી, વિદ્વતા અને જોશ જોવા મળે છે અને તેથી આ ઉત્તમ સાહિત્યના અમૂલ્ય વારસાને જાળવી રાખવાની આપણા સૌ કોઈની ફરજ છે.

### રાજકોટ

રાજ્યના કૃષિ મંત્રી શ્રી આર.સી.ફળદુએ રાજકોટમાં જણાવ્યું હતું કે, આવનારી પેઢી



માટે લોકસાહિત્યનું સંપાદન કરીને ઝવેરચંદ મેઘાણીએ પ્રખર યુગધર્મ બજાવ્યો છે. આઝાદીના સમયે જાહેર જનતામાં સંયમપૂર્વકનો જુસ્સો પૂરવામાં મેઘાણીના ગીતોએ ચાલક બળનું કામ કર્યું છે. મંત્રીશ્રી આર.સી.ફળદુ તથા આમંત્રિત મહેમાનોના હસ્તે રાજકોટ જિલ્લાના ૮૦ ગ્રંથાલયોને ઝવેરચંદ મેઘાણીના ૧૦ પુસ્તકોનો સેટ પ્રદાન કરાયો હતો. આ કાર્યક્રમમાં સંસદ શ્રી મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય શ્રી લાખાભાઈ સાગઠીયા, મેઘાણીપ્રેમી નાગરિકો સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરેન્દ્રનગર



મેઘાણી જયંતી પ્રસંગે ''મેઘાણી એટલે એક વ્યક્તિમાં અનેક વ્યક્તિત્વ'' તેમ જણાવતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું હતું કે, ચોટીલા ખાતે નિર્માણ પામનાર મ્યુઝિયમના માધ્યમથી મેઘાણીજીના સાહિત્યનું દર્શન ભવિષ્યની પેઢીને પ્રેરણારૂપ બની રહેશે. હવે માતાજીના દર્શનની સાથે દુનિયાભરમાંથી પર્યટકો આ મ્યુઝિયમ નિહાળવા પણ આવશે. શિક્ષણ મંત્રીશ્રીએ ચોટીલા સ્થિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જન્મ સ્થળની મુલાકાત લઈ તેમની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી હતી.

### બોટાદ



બોટાદમાં ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાના સાહિત્યમાં ત્યાગ, બલિદાન, સમર્પણ તેમજ ખમીરવંતી વીરરસની વાતો કહી છે. તેમનું સાહિત્ય આજે પણ સાહિત્યકારો - કલાકારશ્રીઓના કંઠે ગુંજી રહ્યા છે. ઊર્જા મંત્રીશ્રીના જન્મદિવસ નિમિત્તે તમામ લોકોએ જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

### સુરત



સુરતમાં વન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ ભાવવંદના કરતા જણાવ્યું હતું કે, પોતાને પહાડનું બાળક તરીકે ઓળખાવનાર મેઘાણીએ આઝાદીની લડતમાં અવનવી રચનાઓ દ્વારા યુવાનોમાં નવા જોમ અને જુસ્સા સાથે દેશદાઝનો માહોલ ઊભો કર્યો હતો. મંત્રીશ્રીના હસ્તે જિલ્લાના ગ્રંથાલયોને ઝવેરચંદ મેઘાણીની રચનાઓ પુસ્તકોના સેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય

સર્વ શ્રી વિવેકભાઈ પટેલ, શ્રી ઝંખનાબેન પટેલ, અધિકારીઓ, અગ્રણીઓ પદાધિકારીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જામનગર



જામનગરમાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી જયેશભાઈ રાદડિયાએ કહ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણીના લોકસાહિત્યના વારસાને આવનારી પેઢી જાળવી રાખે તે માટે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન અનેક સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવશે. તો આ તકે જામનગરના સાંસદ શ્રી પૂનમબેન માડમ, અગ્રણીઓ તથા અન્ય પદાધિકારીઓ - અધિકારીઓ અને બહોળી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાવનગર



ભાવનગરમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યના લુપ્ત થતાં સાહિત્યને ફરીથી તેજોમય તેજથી મઢેલા શબ્દોથી ઝવેરચંદ મેઘાણીએ પોતાના ઓજસ્વી અને તેજસ્વી વ્યક્તિત્વ દ્વારા અજરામર કર્યું છે. ગુજરાતી સાહિત્યના આવાં શિરમોર વ્યક્તિત્વના વિચારો અને સર્જનને જન-જન સુધી પહોંચાડવા તેમના જીવન સાથે સંકળાયેલા સ્મૃતિ સ્થળોને રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવશે.

## ગીર સોમનાથ



સોમનાથમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે, શ્રી ઝવેરચંદ મેઘાણી દ્વારા પ્રથમ કાવ્ય દિવડો ઝાંખો બળેની રચના કરવામાં આવી હતી. શ્રી મેઘાણી આજે પણ લોકહૈયે જીવંત છે. લોક સાહિત્ય ક્ષેત્રે તેમનું અનન્ય અને મહામૂલુ પ્રદાન ક્યારેય વિસરાશે નહીં. તેમજ મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે શ્રી મેઘાણીના પુસ્તકોના સેટનું જિલ્લા અને તાલુકાના ગ્રંથાલયોને વિતરણ કરવામાં આવ્યું હતું.

## વડોદરા



વડોદરામાં ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું કે, પત્રકારિતાના સ્પર્શથી ઝવેરચંદ મેઘાણીનું સાહિત્ય ખૂબ ઉચ્ચ કક્ષાનું હોવાની સાથે અદનો માણસ સમજી અને માણી શકે એવું સરળ બન્યું. તેઓ બુલંદ કંઠના માલિક હતા અને પૂજ્ય બાપુ અને ગુરુવર રવીન્દ્રનાથ ઠાકુરે તેમના કંઠે ગીતોનો આ કંઠ રસાસ્વાદ માણ્યો હતો.

## પંચમહાલ



પંચમહાલના ગોધરામાં રાજ્ય મંત્રી શ્રી જયદ્રથસિંહ પરમારે કહ્યું હતું કે, ગાંધીજી જયારે ગોળમેજી પરિષદમાં જતા હતા ત્યારે મેઘાણીજીએ લખેલું ‘છેલ્લો કટોરો આ ઝેરનો’ કાવ્ય ગાંધીજીના અંતરતમનો પડઘો ઝિલતું હતું.

## ડાંગ



યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે,ગુલામી કાળમાં શૌર્યસભર સાહિત્યનું સર્જન કરીને દેશના યુવાનોમાં દેશભક્તિ જગાવનારા કવિ અને સાહિત્યકાર એવા મેઘાણીજીના સાહિત્ય અને સંસ્કારના અમૂલ્ય વારસાથી દેશની ભાવી પેઢીને અવગત કરાવી શકાય તે માટે પણ રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

## મોરબી

મોરબીમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોનું કલ્યાણના રાજય કક્ષાના



મંત્રી શ્રી વાસણભાઇ આહિરે જણાવ્યું હતું કે, કાઠિયાવાડની ધરોહરને સાચવવા માટે ઝવેરચંદ મેઘાણીએ બલીદાન આપ્યું છે. ગીરના જંગલમાં ચૌદ વર્ષની ચારણકન્યા સિંહ સામે થાય તેનું અકલ્પીય વર્ણન ઝવેરચંદ મેઘાણી કર્યું છે. ગામડાના દીકરા-દિકરી પોતાની સંસ્કૃતિ જાળવે એ માટેની પ્રેરણા ઝવેરચંદ મેઘાણી દ્વારા મળે છે.

## મહેસાણા



મેઘાણી જયંતી પ્રસંગે મહેસાણામાં મહિલા અને બાળ વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી વિભાવરીબહેન દવેએ જણાવ્યુ હતું કે, ગુજરાતી સાહિત્યજગતનું શિરમોર નામ અને ગુજરાતી સાહિત્યનું વિરાટ વ્યક્તિત્વ તેમનાં માટે જેટલું લખવામાં આવે એટલું ઓછું છે. મેઘાણીજીએ ગુજરાતી લોકસાહિત્ય, સાહિત્ય અને ગુજરાતી ભાષાના વાચકની તેમણે અવિસ્મરણીય સેવા કરી છે.

## નવસારી

નવસારીમાં વન રાજ્ય મંત્રી શ્રી રમણલાલ પાટકરે શ્રી ઝવેરચંદ મેઘાણીને ભાવાંજલી આપતા જણાવ્યું હતું કે, ઝવેરચંદ મેઘાણીના અમરગીતો આજના સમયમાં પણ એટલાં જ પ્રસ્તુત છે. એમના



સર્જનમાં વતનપ્રેમ ઠાંસોઠાંસ ભરેલો રહેતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી નરેશભાઈ પટેલ, અગ્રણીઓ, પદાધિકારીશ્રીઓ-અધિકારીશ્રીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

## ભરૂચ



ભરૂચમાં “કસુંબીનો રંગ” કાર્યક્રમમાં આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી કિશોરભાઈ કાનાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતી સાહિત્યમાં શિરમોર અને વિરાટ વ્યકિતત્વમાં ઝવેરચંદ મેઘાણી માટે જેટલું લખવામાં કે બોલવામાં આવે એટલું ઓછું છે તેવું તેમનું વિરાટ પ્રદાન છે. આપણા જીવનમાં પણ કસુંબીનો રંગ ઢોળાય અને આપણે સૌ ભારત માતાને વિશ્વના સર્વોચ્ચ શિખરે બેસાડવા કટિબધ્ધ થઈએ એ જ આજના દિવસની ઝવેરચંદ મેઘાણીને સાચી અંજલિ હોઇ શકે.

## મહીસાગર

લુણાવાડામાં નર્મદા અને શહેરી ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રી યોગેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, બહુમુખી પ્રતિભા ધરાવતાં રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ રાષ્ટ્ર ચેતનાને શબ્દના સથવારે પહોંચાડી હતી. તેમણે શબ્દને જીવાડવાનું અને ગુજરાતી



ભાષાને અમરત્વ પ્રદાન કર્યુ છે. તેમની લેખનશૈલી દ્વારા ગુજરાતની જનતામાં શૌર્ય, બલિદાન, ત્યાગ, પ્રેમ અને ખૂમારીના મૂલ્યોનું સિંચન કર્યું છે. તેમને સર્વ પ્રથમ રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. તેઓની સ્મૃતિમાં ભારતીય ટપાલ વિભાગ દ્વારા ઈ.સ. ૧૯૯૯ માં ટપાલ ટિકિટ પણ બહાર પાડવામાં આવી હતી.

## અમરેલી

અમરેલીમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ લોકસાહિત્યમાં શ્રી ઝવેરચંદ



મેઘાણીના પ્રદાનને અમૂલ્ય અને સર્વોત્તમ ગણાવતા ઉમેર્યું હતું કે, ઝવેરચંદ મેઘાણીએ ગામડા-નેસડા-પહાડો ખૂંદીને જે લોકસાહિત્યનો સંચય કર્યો છે, તે ગુજરાતી સાહિત્ય માટે અણમોલ વારસા સમાન છે. મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમરેલી જિલ્લામાં આવેલા મુખ્ય ગ્રંથાલયોને મેઘાણી રચિત દસ પુસ્તકોના સેટ અર્પણ પ્રદાન કરાયા હતા. આમ, લોકસાહિત્યની જયોત જગાવનાર સાહિત્ય શિરોમણી શ્રી ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતીમાં સમગ્ર રાજ્યના લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ●

# માણસાના ઇટાદરા ગામે શૈક્ષણિક પ્રકલ્પોનું લોકાર્પણ કરતાં Dy. CM



માણસા તાલુકાના ઇટાદરા ગામ ખાતે શેઠ શ્રી સી.એલ.કેળવણી મંડળ સંચાલિત સંતોકબા કાળીદાસ પટેલ બાલમંદિર અને હીરાબેન કાન્તિલાલ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલના (ઈંગ્લીશ મીડિયમ)ના નવનિર્મિત ભવનનું લોકાર્પણ તાજેતરમાં નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે કર્યું હતું.

નવી પેઢીની કેળવણી - સંસ્કારનું સિંચન કરવાનું કાર્ય શાળાઓ કરી રહી છે, તેવું કહી નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શાળાઓની ભૌતિક સુવિધાઓ અને પ્રાથમિક સુવિધાઓને ઉત્તમ બનાવવા ગામના દાતાશ્રીઓના દાનથી પ્રદાન થાય છે.વધુ ધનવાન લોકો સમાજ વિકાસ અને ગામના વિકાસ માટે હમેંશા મદદરૂપ થાય છે. દાતાશ્રીઓની દાન કરવાની ભાવના થકી જ આજે સમાજમાં અનેક ગરીબ પરિવારોના દીકરા - દીકરીઓ સારું શિક્ષણ મેળવી રહ્યા છે. ગામના વિકાસ કામો વધુ સરળ બની રહ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે, કોરોનાની મહામારી દરમિયાન પણ માણસા સિવીલ હોસ્પિટલ ખાતે દાતાશ્રીઓના સહયોગથી ઓક્સિજન પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો હતો. દેશ- વિદેશમાં રહી કે અન્ય શહેરમાં કામ - ધંધો કરી અનેક



ધનવાન બનેલા લોકો પોતાના વતન પ્રત્યેનું ઋણ અદા કરવા આવા સેવાકીય કાર્યોમાં દાન આપવા અગ્રેસર રહે છે. તેમણે રાજય સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓ અને કાર્યક્રમોની માહિતી આપી હતી. તેમજ ગામમાં હજુ પણ સેવાકીય કાર્યમાં સહયોગ આપતા દાતાશ્રીઓને વતન પ્રેમ યોજનાનો લાભ લેવા પણ જણાવ્યું હતું.

આ પ્રસંગે શાળાના પ્રકલ્પોના લોકાર્પણ માટે દાન આપનાર સર્વે દાતાશ્રીઓનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ શાળ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય શ્રી સુરેશભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી અમિતભાઇ ચૌધરી તેમજ સમાજ અને ગામના અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા. ●

# ઝાલોદ તાલુકામાં રસ્તાના કામ માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા

રાજ્યનાં દાહોદ જિલ્લાનાં ઝાલોદ તાલુકામાં રસ્તાની સુવિધા વધારવા માટે રાજ્ય સરકાર કટીબદ્ધ છે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે તાજેતરમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ઝાલોદ તાલુકાના રસ્તાના કામ માટે રૂ. ૧૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

આ કાર્યોમાં ગુલતોરા સાગડા ફળીયા ડામર રોડથી ઓખા તળાવ પાળ ઉપર થઇ મસુલભાઇ રસુભાઇ ચારેલનાં ઘર સુધીનો રોડ, છાયણ ગામે બુરવાળ મુખ્ય ડામર રોડથી બુરવાળ પિપળા ફળીયા થઇ મુખ્ય પ્રાથમિક શાળાને જોડતો રોડ, જાફરપુરા ગામે જાફરપુરા મુખ્ય રસ્તાથી માલસર ચિત્રોડીયા થઇ માજી સરપંચ વિછિયાભાઈના ઘર સુધીનો રસ્તો, કાળીગામ ગુર્જર ગામે મુખ્ય રસ્તાથી શકનાળી ફળીયા થઇ કાચલા ફળિયા થઇ ડાંગી ફળીયાને જોડતો રોડ, ચિત્રોડીયા ગામે થેરકા ચિત્રોડીયાના મુખ્ય નહેર બચુ રંગા કટારાના ઘર થઈને ગાયત્રી મંદીર ચિત્રોડીયાને જોડતા રસ્તાનું કામ, સારમારીયા ગામે મુખ્ય રસ્તાથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થઇ પ્રાથમિક શાળાને જોડતો રોડ, ગરાડું ગામે કલાલ શોપ ડામર રસ્તાથી ઘાવડીયા ભુરીઘાટી મેલડી માતા મંદિર સુધીનો રોડ, માંડલીખુંટા ગામે ટીટોડી નદીનાં બ્રિજથી સ્મશાન થઇને ગામડી મુખ્ય રોડને જોડતા રસ્તાનું કામ, સુથારવાસા ગામે મુખ્ય રસ્તાથી મેડા ફલીયા થઇ જુની નિશાળને જોડતા રસ્તાનું કામ, બંબેલા ગામે લાછુણ ફળીયાથી ભોરેજ નદીના સ્મશાન સુધીના રસ્તાનું કામ, સુથારવાસા માલપુર ફળિયાથી ઝેર-જીતગઢને જોડતો રોડ, રૂપાખેડા ગામે મુખ્ય રસ્તાથી હરીઓમ બ્રીકસ થઇ ડામોર ફળીયાને જોડતો રોડ, પેથાપુર ગામે મુખ્ય રસ્તાથી પણદા ફળીયાને જોડતો રોડ, લીમડી સથારવાસા મુખ્ય રસ્તાથી બિલવાણી માસ્તર ફળીયા રોડનો સમાવેશ થાય છે. જયારે થ્રુ રૂટ અ.જી.મા અને ગ્રા.મા. ને પહોળા કરવાની કામગીરી અંતર્ગત મુનખોસલા ચિત્રોડીયા માળાસર રોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. ●

# અમદાવાદમાં નવનિર્મિત રાજ્ય વેરા ભવનનું લોકાર્પણ



કોરોનાના કપરા કાળમાં રાજ્ય અને દેશમાં જ્યારે લોકડાઉનની પરિસ્થિતિ સર્જાઇ તેવા સમયે પણ રાજય સરકારે સુદૃઢ આયોજનના લીધે જનસુખાકારીનાં કામો અટકવા દીધાં નથી અને વિકાસયાત્રા અવિરત ચાલુ રાખી છે. આ યાત્રાને આગળ ધપાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે રાજ્ય વેરા ભવન અમદાવાદના નવીનીકૃત મકાનનું લોકાર્પણ કર્યું હતું ૪૦ વર્ષ જૂના બિલ્ડિંગનું નવીનીકરણ થઈ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ મકાન મળ્યું છે. જી.એસ.ટી. સેવાઓને દેશભરમાં 4 વર્ષ પૂરાં થયાં છે ત્યારે કરવેરા ભવનનું સુદૃઢીકરણ કરી તેને ડિજિટલ કનેક્ટિવિટી સાથે અન્ય માળખાગત સુવિધાઓથી સજ્જ કરવું સમયની માંગ હતી. જેના પર ધ્યાન કેન્દ્રિત કરીને સરકારે સંપૂર્ણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે. વેરા અને વાણિજ્યની લગતી તમામ કામગીરી અને વેરાથી થતી આવકનું સુવ્યવસ્થાપન કરવામાં આ નવીન બાંધકામમાં ઉપલબ્ધ સેવાઓ કારગર સાબિત થશે.

નાયબ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્યના અર્થતંત્રને વેગવંતુ બનાવવામાં જી.એસ.ટી. અને વેટથી થતી આવકની મહત્ત્વની ભૂમિકા છે. રાજ્યની અંદાજિત 70 થી 80 ટકા જેટલી આવક વિવિધ પ્રકારના વ્યાપાર પરના જી.એસ.ટી. અને પેટ્રોલ અને ડીઝલ પર લાગતા વેટ ટેક્સમાંથી થાય છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે પ્રથમ છ માસિક જી.એસ.ટી. અને વેટમાંથી થતી આવકમાં વધારો જોવા મળ્યો છે.

અન્યો રાજ્યો દ્વારા કોરોના મહામારીમાં જી.એસ.ટી. કાઉન્સિલ પાસેથી કોવિડ દર્દીઓની સારવાર માટે નાણાકીય સહાય માંગવામાં આવી રહી હતી ત્યારે પણ ગુજરાત રાજ્યે ક્યારેય જી.એસ.ટી. કાઉન્સિલ પાસે મદદ માગવી પડી નથી. ગુજરાત રાજયની ગણના દેશના વિકસિત રાજયમાં થાય છે તેને કોરોનાકાળમાં પણ રાજ્ય સરકારે સાર્થક કરી બતાવ્યું છે.

રાજ્ય કરવેરા ભવનના નવનિર્મિત બિલ્ડિંગના લોકાર્પણ બાદ નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ જિલ્લાની કરવેરા વિભાગની કચેરીઓના અધિકારી-કર્મચારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી હતી.

લોકાર્પણ પ્રસંગે નાણા વિભાગના મુખ્ય કમિશનર શ્રી જે.પી. ગુપ્તા, નાણા વિભાગના સચિવ શ્રી મિલિંદ તોરવણે, રાજ્ય વેરા ભવનના અધિકારી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●


# અમદાવાદ સિવિલ મેડિસીટી હોસ્પિટલની મુલાકાત લેતા Dy. CM

કોરોનાકાળમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અતિપ્રચલિત બનેલી 1200 બેડ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલની નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે તાજેતરમાં મુલાકાત લીધી હતી. 1200 બેડ હોસ્પિટલમાં નિર્માણાધીન વોર્ડની કામગીરી, તકનીકી ઉપકરણો, ઓ.પી.ડી. આઇ.સી.યુ. વગેરે જેવી સુવિધાઓની જાત માહિતી મેળવીની સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. નાયબ મુખ્યમંત્રીશ્રી એ 1200 બેડ હોસ્પિટલમાં નવા સ્થાપાયેલા ઓક્સિજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. અત્રે નોંધનીય બાબત છે કે, 1200 બેડ હોસ્પિટલના તમામ બેડને ઓક્સિજનની સેન્ટ્રલ લાઇન થી જોડવામાં આવનાર છે. જેથી હોસ્પિટલના તમામ બેડ પર ઓક્સિજનની સુવિધા ઉપલબ્ધ થઇ શકે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરની તૈયારીનું આ એક આગોતરુ આયોજન છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેર ન પણ આવે તો સામાન્ય દિવસોમાં પણ સામાન્ય મહિલા અને બાળ દર્દીઓની ઓક્સિજનની જરૂરિયાત સંતોષવા આ ઓક્સિજન સેન્ટ્રલ લાઇન અસરકારક સાબિત થશે તેવો ભાવ નાયબ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. ●



# પાલનપુર અને ધાનેરા રેલવે ઓવરબ્રિજનું વર્ચ્યુઅલી લોકાર્પણ







દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ''ના મંત્રને ચરિતાર્થ કરીને જનસુખાકારીનાં વિકાસકામોમાં ઉત્તરોત્તર વધારો કરીને ફાટકમુક્ત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે અને રાજ્યભરમાં વિકાસકામોનું આયોજન કર્યું છે. રાજ્યમાં નિર્માણ પામી રહેલા દિલ્હી-મુંબઇ ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર ઉપર ૬૦ ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવનાર છે તે પૈકી ૧૦ ઓવરબ્રિજનું લોકાર્પણ કરાયું છે અને ૫૦ રેલવે ઓવરબ્રિજના કામો પ્રગતિ હેઠળ છે.

આ દિશામાં આગળ વધતાં ગાંધીનગર ખાતેથી રૂા. ૭૨ કરોડના ખર્ચે નવનિર્મીત પાલનપુર - માનસરોવર ખાતે તથા ડીસા-ધાનેરા હાઇવે પર ધાનેરા ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે નવનિર્મીત રેલવે ઓવરબ્રિજનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે નાગરિકોના સમય, ઈંધણની બચત સાથે સલામત મુસાફરી મળી રહે એ આશયથી ફાટકમુક્ત ગુજરાતના નિર્માણનું સપનું જોયું છે એને સત્વરે પૂર્ણ કરાશે. રાજ્યનાં શહેરો, નગરો, હાઇવે પર રેલ્વે ઓવરબ્રિજનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. આ બંને ઓવરબ્રિજના નિર્માણથી આ વિસ્તારના નાગરિકોની સુવિધામાં વધારો થશે.

તેમણે ઉમેર્યું કે, રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ જે રીતે થઈ રહ્યો છે તેને ધ્યાને લઈને વિકાસકામો, માર્ગોની સુવિધાઓનું નિર્માણ કરવું એ અમારી પ્રાથમિકતા છે અને એ મુજબ ગુણવત્તાલક્ષી કામોનું આયોજન પણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં માર્ગ વિકાસના પરિણામે ખેડૂતોની જમીનના ભાવો પણ વધ્યા છે.

દિલ્હી-મુંબઇ કોરિડોર કે જેનો ૫૮૮ કિ.મિ.નો વિસ્તાર ગુજરાતમાંથી પસાર થાય છે તેનાં કામો પણ પૂર્ણતાના આરે છે. જેના પરિણામે દેશનું આર્થિકતંત્ર વધુ વેગવાન બનશે. વડાપ્રધાનશ્રીનું આત્મનિર્ભર ભારતનું સપનું પણ આજે સાકાર થઈ રહ્યું છે. તમામ ચીજવસ્તુઓનું ઉત્પાદન આજે દેશમાં થઈ રહ્યું છે. જેની આયાત-નિકાસ માટે વધુ સુવિધાઓ ઉપલબ્ધ બનશે. ગુજરાતનાં બંદરો પરથી ઉત્તર ભારતના મોટાભાગના માલ-સામાનની નિકાસ થાય છે એને ધ્યાને રાખીને માર્ગ વિકાસનાં કામોને વધુને વધુ ગુણવત્તાલક્ષી બનાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. જેના પરિણામે યાતાયાતની સુદૃઢ સુવિધાઓ થકી રોજગારીનું પ્રમાણ પણ વધશે.

રૂા. ૪૧.૫૩ કરોડના ખર્ચે પાલનપુરના માનસરોવર ખાતે નિર્માણ થયેલ રેલવે ઓવરબ્રિજ ૧૩૯૫ મીટર લંબાઇ ધરાવતો દ્વિમાર્ગીય બ્રિજ છે. જેની પહોળાઇ ૮.૪૦ મીટર છે અને બ્રિજના એક તરફ ૫.૫૦ મીટરનો પહોળો સર્વિસ રોડ પણ તૈયાર કરાયો છે. અમદાવાદથી દિલ્હી સુધીમાં પેસેન્જર ટ્રેઇન અને માલવાહક ટ્રેઇન માટે હાલ એક જ રેલવે ટ્રેક છે. રેલવે અને ડી.એફ.સી.સી. દ્વારા ચાર ટ્રેક પર ટ્રેઇન ચલાવવાની યોજના હાથ ધરાઇ છે. બ્રિજના લોકાર્પણથી પાલનપુરના નાગરિકોની સુવિધામાં વધારો થયો છે.

એ જ રીતે રૂા. ૩૧ કરોડના ખર્ચે ડીસા-ધાનેરાના નવા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ધાનેરા ખાતે નિર્મિત ચાર માર્ગીય રેલવે ઓવરબ્રિજની કુલ લંબાઈ ૮૬૫ મીટર છે અને રેલવે પુલની લંબાઇ ૭૨ મીટર, બ્રીજની એપ્રોચ લંબાઈ ૬૫૫ મીટર તથા બ્રીજના બન્ને બાજુ ૩.૫૦ મીટર પહોળો સર્વિસ રોડ તૈયાર કરાયો છે. આ રેલવે ઓવરબ્રિજ ધાનેરા અને થરાદ તાલુકો તેમજ રાજસ્થાનના રાનીવાડા અને સાંચોટ તાલુકાના જોડતા રસ્તાઓ માટે કડીરૂપ પુલ છે. જેના પરિણામે ધાનેરા શહેરના નાગરિકોના ટ્રાફિક જામની સમસ્યાનું નિરાકરણ આવ્યું છે.

આ પ્રસંગે પાલનપુર ખાતે સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, શ્રી દિનેશભાઈ અનાવાડિયા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ પટેલ અને ધાનેરા ખાતે પૂર્વ મંત્રી શ્રી હરજીવનભાઈ પટેલ સહિત જિલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ સહભાગી થયા હતા. ●

# ગુજરાતના પ્રવાસનધામો બન્યાં સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં વિકસાવવામાં આવેલા રાજ્યના મોસ્ટ પ્રિફર્ડ ટૂરિસ્ટ ડેસ્ટિનેશન્સ પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહ્યા છે.

વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી નિર્માણ થયેલ સ્ટેચ્યુ ઓફ યુનિટી ઉપરાંત સાયન્સ સિટી, ગિરનાર રોપ-વે અને શિવરાજપુર બીચ ખાતે તાજેતરમાં રજાના દિવસોમાં અભૂતપૂર્વ સંખ્યામાં પ્રવાસીઓએ મુલાકાત લઈ રાજ્ય સરકારે વિકસાવેલી અત્યાધુનિક પ્રવાસન સુવિધાઓનો લાભ ઉઠાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં પ્રવાસન વિકાસ પ્રવૃત્તિઓથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ-મુલાકાતીઓ આકર્ષિત થયા છે. સુવિધા સભર બનેલા આ પ્રવાસન સ્થળોએ જન્માષ્ટમીના તહેવારોમાં મોટી સંખ્યામાં નાગરિકોએ મુલાકાત લઈ સાતમ-આઠમ તહેવારોની ઉજવણીનો આનંદ માણ્યો હતો.

નર્મદા જિલ્લાના કેવડિયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નિર્માણ પામેલી લોહ પુરુષ સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૨૮ ઓગસ્ટના રોજ ૨૩,૯૦૭ પ્રવાસીઓ, ૨૯ ઓગસ્ટના રોજ ૪૦,૯૧૪ અને ૩૦ ઓગસ્ટના રોજ ૨૭,૩૪૩ એમ કુલ ૯૨,૧૬૪ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. તાજ મહેલ કરતાં પણ વધુ પ્રવાસીઓ વર્ષ દરમ્યાન અહીં મુલાકાતે આવતા થયા છે.

કેવડિયા ખાતે આવેલા ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્ક, વ્યુઈંગ ગેલેરી, ગ્લો ગાર્ડન, જંગલ સફારી, એકતા નર્સરી, કેક્ટસ એન્ડ બટરફ્લાય ગાર્ડન, પેટ ઝોન, નૌકાવિહાર, ઈલેક્ટ્રીક સાયકલિંગ, રિવર રાફ્ટિંગ વગેરેનો પણ આનંદ મોટી સંખ્યામાં ઉમટેલા સહેલાણીઓએ ઉઠાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વિઝન હેઠળ અમદાવાદ સાયન્સ સિટીને વધુ આધુનિક અને આકર્ષક બનાવવામાં આવ્યું છે. બાળકો, યુવાનો, વિદ્યાર્થીઓને ગમ્મતની સાથે જ્ઞાન મળે તેવા આશયથી વિકસાવવામાં આવેલા રોબોટિક ગેલેરી, એક્વેટિક ગેલેરી, આઈ-મેક્સ થિયેટર, ફાઈવ-ડી થિએટર, અર્થક્વેક રાઈડ, મિશન ટૂ માર્સ રાઈડ જેવા વિશ્વસ્તરીય સ્થળો લોકોને આકર્ષવામાં સફળ રહ્યા છે.

**૨૮ થી ૩૦ ઓગસ્ટના તહેવારોના દિવસો દરમિયાન સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળવા ૯૨,૧૬૪-સાયન્સ સિટીમાં ૧૦,૯૯૬ - ગિરનાર રોપ વે ખાતે ૨૧,૧૨૩ અને શિવરાજપુર બીચમાં ૨૧,૩૬૪ પ્રવાસીઓ આવ્યા**

અમદાવાદ સાયન્સ સિટીની ૨૮ ઓગસ્ટથી ૩૦ ઓગસ્ટ દરમિયાન કુલ ૧૦,૯૯૬ પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી. આ ત્રણ દિવસો દરમિયાન સાયન્સ સિટીની મુલાકાતની ટિકીટની આવક રૂ.૩૫,૫૬,૯૧૦ થઈ છે.






આ ત્રણ દિવસ દરમિયાન વિશેષત: બાળકો અને વિદ્યાર્થીઓએ સાયન્સ સિટીની ગમ્મત સાથે જ્ઞાન પિરસતી ગેલેરીઝની મજા માણી હતી. જેમાં ૧૦,૨૩૬ લોકોએ એક્વેટીક ગેલેરી, ૨,૮૦૬ લોકોએ રોબોટીક ગેલેરી અને ૧,૪૦૩ લોકોએ એક્વેટીક ફાઇવ ડી થિએટરની મુલાકાત આ ત્રણ દિવસો દરમિયાન લીધી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સીધા માર્ગદર્શનમાં તૈયાર થયેલા ગિરનાર રોપ-વે સુવિધા પણ ગત દિવસોમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષવામાં સફળ રહી છે. ગિરનારની ટોચ પર સહેલાઈથી પહોંચી ધાર્મિક સ્થળોએ દર્શન કરી શકે અને આભને આંબતા આ પર્વતાધિરાજનું કુદરતી સૌંદર્ય માણી શકે તે માટે આ રોપ-વે એક અનેરૂં આકર્ષણ બન્યો છે.

જુનાગઢ ખાતે આ રોપ-વે થી ૨૮ ઓગસ્ટના રોજ ૪,૮૬૧ પ્રવાસીઓ ૨૯ ઓગસ્ટના રોજ ૭,૪૫૯ અને ૩૦ ઓગસ્ટના રોજ ૮,૫૦૩ એમ કુલ ૨૧,૧૨૩ પ્રવાસીઓએ મુલાકાત લઈ ગિરનારના પવિત્ર ધામોની મુલાકાત લઈ પ્રભુ દર્શનની સાથે સાથે પ્રકૃતિ દર્શનનો પણ લ્હાવો લીધો હતો.







મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી રાજ્યના મોસ્ટ પ્રિફર્ડ ટુરીસ્ટ ડેસ્ટીનેશન સૌથી વધુ લોકપ્રિય પ્રવાસન સ્થળ તરીકે દ્વારિકાના શિવરાજપુર બીચના વિકાસ માટે પણ સતત માર્ગદર્શન આપતા રહ્યાં છે તેઓએ તાજેતરમાં જ ‘એશિયાનો એકમાત્ર બ્લ્યુ બીચ’ તરીકે સુવિખ્યાત શિવરાજપુર બીચની મુલાકાત લઈ ત્યાંના વિકાસ કાર્યોની સમીક્ષા કરી હતી.

તાજેતરનાં તહેવારોની રજાના દિવસોમાં દ્વારિકાના શિવરાજપુર બીચ ખાતે ૨૮ ઓગસ્ટના રોજ ૩,૧૦૦ પ્રવાસીઓ, ૨૯ ઓગસ્ટના રોજ ૮,૭૬૪ અને ૩૦ ઓગસ્ટના રોજ ૯,૫૦૦ એમ કુલ ૨૧,૩૬૪ પ્રવાસીઓએ મુલાકાત લઈ ઉજાણી કરી હતી અને વધુ પ્રવાસન સુવિધાઓ વિકસાવવા માર્ગદર્શન આપ્યું હતું.

રાજ્યમાં પારંપરિક પ્રવાસન સ્થળો સાથે હવે આ નવા પ્રવાસન આકર્ષણ કેન્દ્રો પણ પ્રવાસીઓ માટે મોસ્ટ પ્રિફર્ડ ટુરીસ્ટ ડેસ્ટીનેશન બની રહ્યા છે. આ બધા જ સ્થળોના સર્વગ્રાહી પ્રવાસન વિકાસ માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના સતત માર્ગદર્શન અને પ્રેરણાથી સંબંધિત વિસ્તારમાં નવા-નવા આકર્ષણો સુવિધાઓ ઉમેરાતા રહે છે. જેની ફળશ્રુતિરૂપે આ સ્થળોએ ખાસ કરીને રજાઓના દિવસોમાં વિશાળ સંખ્યામાં પ્રવાસીઓ મુલાકાતે આવતા થયા છે. એટલું જ નહી, મુખ્યમંત્રીશ્રીના દિશા-નિર્દેશનમાં સાયન્સ સિટીમાં પણ આબાલવૃદ્ધ સૌને જ્ઞાન-વિજ્ઞાનની રોમાંચકતાનો પ્રત્યક્ષ અનુભવ થઈ શકે તેવી ટેકનોલોજીસભર અદ્યતન સુવિધાઓ-ગેલેરી રાજ્ય સરકારે વિકસાવી છે તેનો પણ મોટી સંખ્યામાં જિજ્ઞાસુઓ લાભ લેતા થયા છે.



રાજ્યના પ્રવાસન સ્થળોને અત્યાધુનિક અને વિશ્વકક્ષાની સુવિધાથી સજ્જ બનવાના પગલે અનેકવિધ પ્રવાસન આકર્ષણ કેંદ્રો ઉમેરાતા સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાયન્સ સીટી, ગિરનાર રોપ-વે અને શિવરાજપુર બીચ ભારતભરમાં પ્રખ્યાત બન્યા છે અને ગુજરાત સહિત દેશ-વિદેશના પ્રવાસીઓ આ પ્રવાસન સ્થળોની મુલાકાતે મોટી સંખ્યામાં આવતા થયા છે. ●



# સહેલાણીઓને મજાની સહેલ કરાવતા ડાંગ, તાપી, વલસાડ અને દાહોદનાં પ્રવાસન સ્થળો

શૈલેષ નાયક

વન ડે પિકનિક કે પછી પાંચ - છ દિવસનો પ્રવાસ કરવો કોને ના ગમે ? ફેમિલી કે પછી ફ્રેન્ડસ સાથે પિકનિક કે પ્રવાસ કરવાની મજા જ કંઇક ઓર છે.તમે માર્ક કરજો કે જ્યારે કોઇ પણ વ્યક્તિ પિકનિક કે પ્રવાસમાંથી પરત ફરે ત્યારે એક પ્રકારે તે માનસિક રીતે 'રિચાર્જ' થઇ જાય છે અને કામ કરવાનો ઉત્સાહ બેવડાઈ જતો હોવાનું પણ બનતું હોય છે. ઘણી વખત એવું પણ થતું હોય છે કે ફરવા જવું તો જવું ક્યાં ? તો ફિકર શેની કરો છો ? આપણા ગુજરાતમાં અગણિત પ્રવાસન સ્થળો આવેલાં છે. હર્યાં ભર્યાં વન - જંગલ વિસ્તાર, અગણિત નયનરમ્ય ધોધ, ડુંગરોની હારમાળા, લાંબો દરિયાકિનારો, વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામો, ઐતિહાસિક અને પૌરાણિક સ્થળો કે જ્યાં ભગવાન અને જગત જનનીની અનુભૂતિનો સાક્ષાત્કાર સહેલાણીઓ કરી રહ્યા છે. ગાંધીબાપુનો સાબરમતી આશ્રમ હોય કે પછી કેવડિયામાં આવેલું સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યૂ ઓફ યુનિટી હોય કે પછી અત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ અને સહેલાણીઓને અચરજ પમાડે તેવી સાયન્સ સીટીમાં આવેલી એકવાટિક ગેલેરી હોય કે રોબોટિક ગેલેરી હોય. ગુજરાતમાં અનેક એવાં ફરવાલાયક સ્થળો આવેલાં છે કે જ્યાં સહેલાણીઓ રોમાંચકતાથી મન મૂકીને પ્રવાસનો આનંદ ઉઠાવી શકે છે અને પ્રફુલ્લિત થઈને ઘરે પાછા ફરે છે. તમે ખાલી દક્ષિણ ગુજરાતને જ જોઇ લ્યો. આજકાલ તો દક્ષિણ ગુજરાતનો નજારો જ કંઈક અલગ છે. વર્ષાઋતુમાં પ્રકૃતિએ જાણે કે લીલી ચાદર ઓઢી હોય તેમ ડાંગ, તાપી, વલસાડ, દાહોદ જેવા વિસ્તારોમાં લીલી વનરાજી ખીલી ઊઠી છે, નદી નાળાં છલકાઈ ઊઠ્યાં છે અને અસ્ખલિત જળના પ્રવાહના પગલે અનેક નાના મોટા ધોધ અનુપમ સૌંદર્યના માલિક બનીને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ચૂકયા છે.

## ડાંગ જિલ્લો તો જાણે ધોધની રાજધાની

હા, ચોમાસાની આ સિઝનમાં જો તમે ડાંગ જિલ્લામાં જઇ ચઢ્યા તો પાછા આવવાનું મન ના થાય તેવું નૈસર્ગિક વાતાવરણ ખીલી ઊઠ્યું છે. પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી તેવું આપણે સાંભળતા આવ્યા છીએ જેનો સાક્ષાત્કાર અહીં થાય છે. સહ્યાદ્રિની ગિરિમાળાઓમાંથી અસ્ખલિત વહેતો જળપ્રવાહ પ્રવાસીઓને આકર્ષિત કરે છે તો ગિરા, પૂર્ણા, અંબિકા, ખાપરી જેવી નદીઓનાં ધસમસતાં પાણી પર્વતોની ટોચ પરથી નીચે પડે છે ત્યારે તે ધોધનું સ્વરૂપ ધારણ કરે છે તો બીજી તરફ ખળખળ વહેતાં ઝરણાં અલૌકિક નજારો સર્જે છે.

મોટાભાગના વાચક મિત્રોએ ડાંગના સુપ્રસિદ્ધ ગિરા ધોધનું નૈસર્ગિક સૌંદર્ય તો રૂબરૂમાં માણ્યું જ હશે તેવું કહી શકાય.વઘઇ તાલુકામાં આવેલા આંબાપાડા ગામ પાસે આવેલા ગિરા ધોધની લંબાઇ ૨૦૦ મીટરની છે.અંબિકા નદીના ધસમસતાં પાણી આ વિશાળ પટ ધરાવતા આ ધોધ પરથી કાળમીંઢ ખડકો પરથી નીચે પડે છે ત્યારે આહલાદક દૃશ્યો સર્જાય છે અને સહેલાણીઓ તેને જોઇને રોમાંચિત થઇ ઊઠે છે.

સુબિર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલો ગિરમાળ ધોધ પ્રકૃતિને મનભરીને માંણવાનો અવસર પૂરો પાડે છે. ગિરમાળ ગામને અડીને આવેલા આ ધોધની જળરાશિ જ્યારે

૩૦૦ મીટરની ઊંચાઇએથી નીચે પડે છે તેનો અલભ્ય નજારો કંઇક ઔર જ હોય છે.કહેવાય છે કે ગુજરાતનો આ સૌથી ઊંચો ૩૦૦ મીટરનો ધોધ છે.

### સાપુતારા - સહેલાણીઓનું મનપસંદ ડેસ્ટિનેશન

ડાંગનું નામ પડે એટલે સૌ કોઈને સાપુતારાનું નામ અચૂક યાદ આવી જાય તે સ્વાભાવિક છે. સાપુતારા હિલ સ્ટેશનનો રોમાંચ અનેરો છે. દેશ વિદેશના સહેલાણીઓનું આ મનપસંદ ડેસ્ટિનેશન છે. ગુજરાત સરકારે આ સ્થળે પ્રવાસીઓની અનુકૂળતાને ધ્યાનમાં રાખીને અનેકવિધ આયોજનો કર્યાં છે. પ્રવાસીઓને હરવા ફરવામાં અડચણ ના પડે અને સુગમતા જળવાઇ રહે તે માટે સુવિધાઓ ઊભી કરી છે અને એટલે જ ગુજરાતનું આ ગિરિમથક વર્ષોથી સહેલાણીઓને આકર્ષતુ આવ્યું છે અને હજુ પણ તેની લોકપ્રિયતા એવી ને એવી જ રહેલી છે. હવે તો સાપુતારાની સાથે સાથે ડાંગમાં આવેલા બીજા હિલ સ્ટેશન ડોનનો પણ વિકાસ ગુજરાત સરકારે કર્યો છે.

### ડાંગનું બીજુ હિલ સ્ટેશન ડોન

મહારાષ્ટ્રના નાસિક જિલ્લા અને ગુજરાતના ડાંગ જિલ્લાની સરહદ પર ડાંગમાં આવેલું કુદરતી સંપદાથી ભરપૂર, લીલુંછમ અને ઠંડું વાતાવરણ ધરાવતું ડોન એ ગુજરાતનું ડાંગમાં આવેલું બીજું ગિરિ મથક છે. ડોન એક હજાર મીટરની ઊંચાઇએ આવેલું હિલ સ્ટેશન છે. સાપુતારાથી પણ ડોન વધુ ઊંચાઇએ આવેલું છે અને સાપુતારા કરતાં પણ દસ ગણો વિસ્તાર હોવાનું કહેવાય છે. આ એક એવું ઐતિહાસિક અને પૌરાણિક સ્થળ છે કે જ્યાં દેવાધિદેવ ભગવાન શંકરજી, ભગવાન રામચંદ્ર, સીતામાતા, હનુમાનજી, અંજની માતા અને ગુરુ દ્રોણની લોકવાયકાઓ આ સ્થળ સાથે જોડાયેલી છે. હવાખાવા માટે આ હિલ સ્ટેશન એકદમ રળિયામણું છે અને ટ્રેકિંગ માટે તો બેસ્ટ ડેસ્ટિનેશન છે.

ડોન ગામ ડુંગર પર આવેલું છે.તમને અહીં ચારેબાજુ ડુંગરાઓ જ દેખાશે. ગુરુ દ્રોણની ટેકરી છે, અંજની કુંડ છે, ભગવાન રામજી અને સીતામૈયાનાં પગલાં અહીં છે અને ડુંગર નીચે પાંડવોની ગુફા પણ આવેલી છે.કહેવાય છે કે ૧૪ વર્ષના વનવાસ દરમ્યાન આ સ્થળે પણ પાંડવોએ વનવાસ વેઠ્યો છે.



### ગાઢ જંગલોથી ભરપૂર તાપી જિલ્લો

ડાંગને અડીને આવેલા તાપી જિલ્લામાં પણ અખૂટ સૌંદર્ય છે. તાપી જિલ્લો વાંસના જંગલોથી ભરપૂર છે તેવું કહેવામાં અતિશયોક્તિ નહીં લાગે. પર્યટન સ્થળોમાં અહીં સોનગઢનો કિલ્લો, હિન્દુસ્તાન બ્રિજ, ડોસવાડા ડેમ, ઉકાઇ ડેમ, ચોમાસાની આ ઋતુમાં લોકમાતા તાપીનો અલભ્ય નજારો તેમજ ગૌમુખ જેવાં સ્થળો હંમેશને માટે પ્રવાસીઓને આકર્ષતા રહ્યાં છે. પણ આ બધામાં આજકાલ ચર્ચામાં હોય તો તે છે તાપી જિલ્લામાં ડાંગની સરહદ પર આવેલો કાકાનો કળસો એટલે કે કાકા કાકીનો ધોધ.

### નયનરમ્ય નજારો સર્જતો કાકા કાકીનો ધોધ

તાપીના ગાઢ જંગલમાં આવેલો કાકા કાકીનો ધોધ અંદાજે ૩૦૦ફૂટની ઊંચાઇએથી પાણીનો અસ્ખલિત પ્રવાહ નીચે પડે છે. હમ હમ કરતો પાણીનો પ્રવાહ ઊંચાઇએથી નીચે પડે ત્યારે તે અલભ્ય અને નયનરમ્ય નજારો મંત્રમુગ્ધ કરી દે તેવો છે.આમ તો આ કાકા કાકીનો ધોધ તાપી જિલ્લામાં આવ્યો છે પરંતુ જો તમારે સુગમ રીતે આ સ્થળે પહોંચવું હોય તો ડાંગમાં કેશબંધ ગામથી પાંચ કિ.મિ. ચાલીને ડુંગરની તળેટી સુધી પહોંચી શકો છો. અહીં ઊંચાં ઊંચાં ઘાસ અને વનસ્પતિઓથી છવાયેલું જંગલ છે, નાનકડી નદી બે વખત પાર કરવી પડે છે એટલે સ્થાનિક નાગરિકને સાથે લઇને જવું હિતાવહ છે. કાકા કાકીનો ધોધ એવો તો રમણીય છે કે તેને જોઈને સહેલાણીઓ ખુશખુશાલ થઇ ઊઠે છે. જો કે આ અંતરિયાળ સ્થળે સહેલાણીઓની એટલી અવરજવર શરૂ થઈ નથી.

### તીથલ અને નારગોલનો દરિયાકિનારો

તાપી જિલ્લાની નજીકમાં જ વલસાડ જિલ્લો આવેલો છે. વલસાડ જિલ્લાનું નામ પડે એટલે સ્વાભાવિક રીતે તીથલના દરિયાકિનારાની યાદ આવી જાય. સહેલાણીઓમાં તીથલનો દરિયાકિનારો ફેમસ છે. તીથલનો દરિયાકિનારો તેની કાળી રેતી માટે પણ જાણીતો છે. વીકએન્ડમાં આ દરિયાકિનારો

સહેલાણીઓથી છલકાઈ જાય છે. અરબી સમુદ્રના ઘુઘવાતા પાણીને જોતાં જોતાં કે પછી પાણીમાં જઈને છબછબિયા કરતાં કરતાં શેકેલી મકાઇ ખાવાની કે પછી ગરમાગરમ ભજિયાં, ભેળ પૂરી કે નાળિયેરના પાણી પીવાની મોજ કંઇક અલગ જ હોય છે. તીથલ બીચની જેમ વલસાડ જિલ્લામાં બીજો બીચ છે નારગોલ બીચ. મહારાષ્ટ્રની નજીક ગુજરાતમાં દરીયાકાંઠે આવેલુ એક ગામ એટલે નારગોલ. અહીંનો દરીયાકાંઠો મનમોહક છે અને એટલે જ તે સહેલાણીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

### ઉદવાડા અને વિલ્સન હિલ

વલસાડ જિલ્લામાં પારસી સમાજનું પવિત્ર સ્થાન ઉદવાડામાં આવેલું છે. ઉદવાડા જાણીતું તીર્થસ્થાન છે. ભારત સરકાર અને ગુજરાત સરકાર આ પવિત્ર સ્થળે આગ મંદિર અને ઉદવાડા નગરની વારસાની સ્થિતિ જાળવી રાખવા માટે કાર્યશીલ છે. વલસાડ જિલ્લામાં પણ હિલ સ્ટેશન આવેલું છે. ધરમપુર તાલુકામાં વિલ્સન હિલની ટેકરીઓ આવેલી છે. પિકનિક માટે અને ટ્રેકિંગ માટે આ બેસ્ટ ડેસ્ટિનેશન માનવામાં આવે છે. ઉનાળાની ઋતુમાં આ સ્થળ હવાખાવા માટે અને વલસાડની પ્રખ્યાત કેરી ખાવા માટે જાણીતું છે. આ હિલ સ્ટેશન પાસે ગીચ જંગલ તેમજ અભ્યારણ્ય આવેલું છે.

### ઐતિહાસિક અને પૌરાણિક શિવાલયોની આધ્યાત્મિક ભૂમિ દાહોદ

ગુજરાતનું પૂર્વનું પ્રવેશ દ્વારા ગણાતો દાહોદ જિલ્લો અનેક દંતકથાઓ સાથે અને લોકવાયકાઓ સાથે જોડાયેલા ઐતિહાસિક અને પૌરાણિક શિવાલયોની આધ્યાત્મિક ભૂમિ છે. કાળી ડેમ, પાટાડુંગરી ડેમ જેવાં ફરવાલાયક સ્થળોની સાથે સાથે દાહોદનું છાબ તળાવ ઇતિહાસ સાથે વણાયેલું છે તો દધીચિ ઋષિએ જે નદીના કાંઠે તપ કર્યું હોવાની લોકવાયકા છે તે દધિચિ ઋષિના નામ પરથી દોહદની નદીનું નામ દૂધમતી નદી પડ્યું હોવાની દંતકથા છે. દાહોદની અંદાજે ૧૪ કિ.મિ. દૂર બાવકા ગામે પ્રાચીન શિવ મંદિરના અવશેષો આવેલા છે. અહીંનું સ્થાપત્ય બેનમૂન છે. પ્રાચીન શિવ પંચાયતનું આ મંદિર શિલ્પકળાના અભ્યાસુઓ તથા સહેલાણીઓ માટે જોવા એ લહાવો છે. દાહોદ નજીક મીરાખેડીથી પાંચ કિ.મિ. દૂર આવેલા કંકણેશ્વર મહાદેવ બારસો વર્ષ પુરાણું દેવાધિદેવ મહાદેવનું મંદિર હોવાનું કહેવાય છે. પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા આ દિવ્ય સ્થળે શિવરાત્રીનો મેળો ભરાય છે અને ભાવિકો દેવાધિદેવના દર્શન માટે ઊમટે છે. લીમખેડા નજીક આવેલું હસ્તેશ્વર મહાદેવનું મંદિર સ્વયંભૂ ઊદભવ્યું હોવાની લોકવાયકા છે. બે હજાર વર્ષનો ઇતિહાસ ધરાવતું આ મંદિર હડફ નદીના કિનારે કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલું છે. દર આમલી અગિયારસે અહીં મેળો ભરાય છે. માત્ર ગુજરાત જ નહીં પરંતુ મધ્યપ્રદેશ અને રાજસ્થાનથી શ્રદ્ધાળુઓ અહીં દર્શન કરવા આવે છે. આ મંદિર સાથે એવી પણ લોકવાયકા અને માન્યતા જોડાયેલી છે કે આખા વર્ષમાં ગમે ત્યારે લગ્ન થયા હોય પણ આ મંદિરે દર્શન કરવાથી ઘરસંસાર સુખી રહે છે.

દાહોદથી ૧૧ કિ.મિ. દૂર ચોસાલા અને સાકરદા ગામ વચ્ચે કાળીડેમ પાસે ગુફામાં પૌરાણિક કેદારનાથ મંદિર આવેલું છે. એવું કહેવાય છે કે મહાશિવરાત્રીના દિવસે અહીં ભગવાન શિવ અને માતા પાર્વતીજીનો વાસ થાય છે. જંગલ વિસ્તારમાં આ કુદરતી ગુફા છે. આ ગુફામાં એક કુંડ છે જેમાં પાણી આવે છે. તેને ગૌમુખી ગંગા તરીકે ઓળખવામાં આવે છે. પિકનિક અને પર્યટનની દૃષ્ટિએ નયનરમ્ય સ્થળ છે. શ્રાવણ માસમાં અહીં ભાવિક દર્શન માટે સવિશેષ રીતે આવે છે.



### બીજે ક્યાં આવ્યાં છે આસ્થાનાં ધામ !!

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના દુધિયા ગામથી અંદર કબૂતરી નદીના કિનારે પથ્થરોની ભેખડો વચ્ચે જય ભમરેચી માતાનું મંદિર આવેલું છે. નજીકમાં ડુંગર પર રત્નેશ્વર મહાદેવનું મંદિર, રોકડિયા હનુમાનજીનું મંદિર આવેલું છે. ધાર્મિક સ્થળની સાથે અહીં કુદરતી સૌંદર્ય પથરાયેલું છે. જિલ્લામાં દેવઝરી મહાદેવ તેમજ ભીમકુંડ જેવાં ધાર્મિક સ્થળો પણ આવેલાં છે. ઝાલોદ તાલુકામાં થેરકા ગામે પૌરાણિક પંચકળષ્ણ મંદિર આવેલું છે.લોકવાયકા પ્રમાણે પાંડવોએ વનવાસ દરમ્યાન આ સ્થળે રાત્રી રોકાણ કરીને આ મંદિરની સ્થાપના કરી હતી.

### પ્રવાસ અને પિકનિક માટે જાણીતો પાટાડુંગરી બંધ

ગરબાડા તાલુકામાં ખાનનદી પર ડુંગરાળ વિસ્તારમાં પાટાડુંગરી બંધ આવેલો છે. અહીંનું કુદરતી પ્રાકૃતિક સૌંદર્ય ચોમાસાની ઋતુમાં રમણીય લાગે છે. આ સ્થળ પ્રવાસ અને પિકનિક માટે જાણીતો છે.

### પ્રવાસીઓને આકર્ષતું રતનમહાલ અભયારણ્ય

દાહોદ જિલ્લામાં આવેલું રતનમહાલ અભયારણ્ય પ્રવાસીઓ માટે હોટ સ્પોટ છે. અંદાજે ૫૫ કિ.મિ. એરિયામાં પથરાયેલા આ અભયારણ્યમાં રીંછ, દીપડા, હાઇના અને નીલગાય છે. ગુજરાત સરકારે આ અભયારણ્યને ડેવલપ કરવા ખર્ચ કર્યો છે અને પ્રવાસીઓને સારી સુવિધા મળી રહે તે માટે કામગીરી કરી છે. ગુજરાત સરકારે પ્રવાસીઓ માટે આ અભયારણ્યમાં કંજેટા ફોરેસ્ટ કેમ્પ સાઇટ, ઉધાલ મહુડા લેક સાઇટ, નડધા - ભીંડોલ કેમ્પ સાઇટનો વિકાસ તેમજ પીપરગોટા ખાતે સનસેટ પોઇન્ટનો વિકાસ કર્યો છે. ●


### 'આઝાદી કા અમૃત મહોત્સવ' નિમિત્તે આયોજિત

# નિબંધ સ્પર્ધાના પરિણામ જાહેર કરતાં મુખ્યમંત્રીશ્રી









ભારતની આઝાદીના સંગ્રામમાં મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઇ પટેલ, સરદારસિંહ રાણા, શ્યામજીકૃષ્ણ વર્મા, મેડમ ભીખાજી કામા સહિત અનેક ગુજરાતીઓનું મહત્વનું યોગદાન રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્વાતંત્ર્યના ૭૫મા વર્ષને 'આઝાદીના અમૃત મહોત્સવ' તરીકે ઉજવવાની પહેલ કરી. જનભાગીદારી જન આંદોલન બની ગઇ. મોટી સંખ્યામાં નાગરિકો તેમાં જોડ્યા છે. ભારતની આઝાદીના ૭૫મા વર્ષે સૌ સાથે મળીને ભારતને વધુ આત્મનિર્ભર, સમૃદ્ધ અને મહાસત્તા બનાવવા સંકલ્પબદ્ધ બનવા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આહવાન કર્યું હતું.

વીડિયો કોન્ફરન્સ દ્વારા ગાંધીનગરથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષ સ્થાને આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ગુજરાત લો સોસાયટી-GLS કોલેજના લો ફેકલ્ટી દ્વારા ભારતભરના ૨૩ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશના ૧,૨૦૦ જેટલા સ્પર્ધકો વચ્ચે યોજાયેલ રાષ્ટ્રીયકક્ષાની નિબંધ સ્પર્ધાના પરિણામ જાહેર કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી શરૂ થયેલી ગુજરાત લૉ સોસાયટીએ પુન: એકવાર આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે નિબંધ સ્પર્ધા યોજીને ભારતભરના યુવાનોને દેશ ભક્તિ, રાષ્ટ્રભાવના સાથે જોડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. ભારત માતા કી જય એટલે આપણો દેશ સુજલામ સુફલામ બને, ધન-ધાન્યથી સમૃદ્ધ બને, કોઇ ભુખ્યૂ સુવે નહી, દરેક માટે ઘર હોય. આપણે આઝાદીના ૭૫મા વર્ષ નિમિત્તે ભારતમાંથી ગરીબી, બેકારી અને ભ્રષ્ટાચાર નાબૂદ થાય તે માટે સંકલ્પ કરીએ તેમ તેમણે ઉમેર્યું હતું.

તેમણે કહ્યું હતું કે, આઝાદીના લડવૈયાઓના જીવનમાંથી, તેમણે ભારતને આઝાદ કરવા આપેલા બલિદાનમાંથી આપણે પ્રેરણા લેવાની છે. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ એટલે જ 'નેશન ફર્સ્ટ'નો મંત્ર આપ્યો છે. એક ભારત શ્રેષ્ઠ ભારતના સ્વપ્નને આપણે સાથે મળીને સાકાર કરવાનું છે.

આ નિબંધ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પશ્ચિમ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઓફ જ્યુડિશિયલ સાયન્સિસના શ્રી અર્જુન બેનર્જી, દ્વિતિય વિજેતા વી. એમ. સાલાગોપાલ કોલેજ ઓફ લો, ગોવાની શ્રી સમૃદ્ધિ રાવોત, તૃતીય વિજેતા આઇ.આઇ.ટી. બોમ્બેના શ્રી નમિતા સાવંતને મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ અભિનંદન આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ભારતભરના ૨૩ રાજ્યો અને ચાર કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ- વાલીઓ અને GLS સહિત વિવિધ લૉ કોલેજના ફેકલ્ટી- વિદ્યાર્થીઓ જોડાયા હતા. ●

# 'સ્વર્ણિમ વિજય મશાલ'નું ગુજરાતમાં સ્વાગત




યુદ્ધમાં માત્ર શસ્ત્રથી વિજય પ્રાપ્ત થતો નથી, પણ સેનાનો શૌર્ય અને સમર્પણભાવ અગત્યની ભૂમિકા ભજવે છે. આવું જ શૌર્ય આપણા જવાનો યુદ્ધમાં દાખવે છે. શહીદોની કુરબાનીને યુવાપેઢી સુધી જણાવવું રાષ્ટ્ર માટે આવશ્યક છે. 1971ના યુદ્ધમાં દેશના સૈનિકોની શૌર્યગાથા મશાલ થકી યુવાપેઢીમાં જીવંત રહે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૧૬ ડિસેમ્બર ૨૦૨૦ના પવિત્ર દિને સમગ્ર દેશમાં ચારે દિશામાં ચાર વિજય મશાલનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ વિજય મશાલ દેશના ખૂણે ખૂણે જઈને દેશના શૂરવીરોની વીરતાની ગાથા અને લોકોમાં દેશપ્રેમનો નવસંચાર કરી રહી છે. અમદાવાદ સાબરમતી તટ પર પહોંચેલી ‘સ્વર્ણિમ વિજય મશાલ’ ને રાજ્યની સાડા છ કરોડ જનતાવતી મુખ્યમંત્રીશ્રીએ ગૌરવભેર આવકારી હતી.

ભારત પાકિસ્તાનના 1971ના યુદ્ધના શૂરવીરોને સન્માનિત કરવા માટે અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, 1971ના યુદ્ધમાં ભારતીય સેના જે શૌર્યભાવથી યુદ્ધ લડી હતી તેનું સ્મરણ આજે પણ કરવામાં આવે છે.

“સ્વર્ણિમ વિજય મશાલને ગુજરાતની પાવન ભૂમિ પર સાબરમતીના તટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આવકારતાં કહ્યું કે, આ વિજય મશાલ ૧૯૭૧ના ભારત પાકિસ્તાન યુદ્ધના શૂરવીરોના સમર્પણ અને બલિદાનનું પ્રતીક છે. ભારતીય સેનાની એરસ્ટ્રાઇક અને સર્જિકલ સ્ટ્રાઇકની ચર્ચા વિશ્વભરમાં થાય છે.જેના પગલે ભારત સામે કોઈ હવે આંખ ઉઠાવીને નહીં જુએ.

૧૯૭૧ના યુદ્ધમાં જ્યારે દુશ્મન દેશ દ્વારા ભુજના એરબેઝ પર હુમલો કરીને તેને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું ત્યારે ભુજની માતાઓ-બહેનો, વીરાંગનાઓ દ્વારા એકજૂથ થઈને ખૂબ જ ટૂંકા ગાળામાં એરબેઝને પૂર્વવત્ કરીને વાયુસેનાને યુદ્ધમાં મદદ કરવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ ભારતીય સેના પ્રત્યે ગૌરવની લાગણી પ્રગટ કરતાં કહ્યું કે, દેશની ત્રણેય પાંખના સૈનિકો સરહદ પર રાત દિવસ તહેનાત રહી દેશસેવા માટે તત્પર રહે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં પણ દેશના સૈનિકોના સમર્પણ ભાવ સાથે દેશસેવાના જુસ્સાનો પણ પરિચય આપ્યો છે. આ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીએ અફઘાનિસ્તાનમાં લશ્કર અને તાલિબાન વચ્ચેના સંઘર્ષનો પણ ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, તાલીબાનોએ અફઘાનિસ્તાનના ઘણાય વિસ્તારો પર કબ્જો મેળવ્યો છે.

આ કાર્યક્રમને યુવાનો માટે પ્રેરણાસ્રોત લેખાવતાં મુખ્યમંત્રી શ્રી કહ્યું કે, યુવાપેઢીને દેશના શૂરવીરોના બલિદાનની અનુભૂતિ થશે. અને તે થકી યુવાપેઢી દેશશક્તિની ભાવનાથી ઓતપ્રોત થશે.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે નડાબેટ ખાતેના સીમાદર્શન કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો.તેમણે કહ્યું કે, રાજ્યના નાગરિકો સીમાદર્શન કાર્યક્રમ થકી સીમાસુરક્ષા અંગેના વિવિધ પાસાઓથી માહિતગાર થાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા નડાબેટ ખાતે વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.

1971ના યુદ્ધમાં પોતાનું યોગદાન આપનારા પૂર્વ સૈનિકોનું અને વીરાંગનાઓનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

ભારત-પાકિસ્તાનના 1971ના યુદ્ધમાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા અને પોતાના જીવને દેશ માટે હસતાં મુખે બલિદાન કરનારા શહીદો માટે આર્મીના બેન્ડ દ્વારા સૂરાવલિ રેલાવાઈ હતી.

આ આર્મીના બેન્ડ દ્વારા વિવિધ શૌર્ય સંગીતોની ધૂન વગાડાઈને ઉપસ્થિતને દેશભક્તિના રંગે રંગી દીધા હતા.

આ અવસરે સધર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ જે.એસ.નેન, અમદાવાદ ગોલ્ડન કટાર ડિવિઝનના વરિષ્ઠ અધિકારી સહિત 1971ના યૂધ્ધના સૈનિકો, સેનાના જવાનો ઉપસ્થિત રહ્યા હતા. ●

# અમદાવાદમાં IBM પોતાનું સ્ટેટ ઓફ ધ આર્ટ સેન્ટર સ્થાપશે



રાજ્ય સરકારની પારદર્શક નીતિ અને સુશાસનના પરિણામે દેશવિદેશના મૂડીરોકાણકારો માટે ગુજરાત પહેલી પસંદ બન્યું છે. ઓટો સેક્ટર હોય, ફાર્મા સેક્ટર હોય કે આઈ.ટી. સેક્ટર આ તમામ સેક્ટરની ટોચની કંપનીઓ ગુજરાતમાં મૂડીરોકાણ કરી રહી છે. તાજેતરમાં આઇ.ટી ક્ષેત્રે વિશ્વની અગ્રગણ્ય કંપની આઇ.બી.એમ. દ્વારા અમદાવાદમાં અત્યાધુનિક સોફ્ટવેર લેબની સ્થાપના કરવાની જાહેરાત કરી છે. આ લેબ અમદાવાદમાં સ્ટેટ ઓફ ધ આર્ટ પ્રોડક્ટ એન્જિનિયરિંગ, ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર તરીકે અદ્યતન સુવિધાઓ સાથે શરૂ કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી સાથે આઇ.બી.એમ.-ઇન્ડિયાના મેનેજિંગ ડીરેક્ટર શ્રી સંદિપ પટેલ અને આઇ.બી.એમ. સોફ્ટવેર લેબના વાઇસ પ્રેસિડેન્ટ ગૌરવ શર્માની ગાંધીનગરમાં યોજાયેલી ફળદાયી મુલાકાત બેઠક દરમિયાન આ જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આઇ.બી.એમ.ના આ સેન્ટરની જાહેરાતને આવકારતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતા ત્યારથી જ પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકે એફ.ડી.આઇ. અને આઇ.ટી. સેક્ટર સહિતના ટેક્નોલોજી સેક્ટરના ઇન્વેસ્ટમેન્ટ માટે એક હેલ્ધી અને ફ્રેન્ડલી વાતાવરણ બન્યું છે. એટલું જ નહિ, ગુજરાતમાં સેક્ટરલ યુનિવર્સિટીઝની શરૂઆત તથા આઇક્રિયેટ, સ્ટાર્ટઅપ ઇનોવેશનનો વ્યાપ પણ વધ્યો છે અને યુવાઓને અદ્યતન જ્ઞાન-સંશોધન અવસર મળી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ આઇ.બી.એમ.ના એમ.ડી.ને એમ પણ જણાવ્યું હતું કે, આ બધાના પરિણામે ગુજરાતમાં સ્કિલ્ડ મેનપાવર અને વિપુલ ટેલેન્ટપૂલ ઉપલબ્ધ છે તેનો લાભ આઇ.બી.એમ.ને મળશે. ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના ડિઝિટલ ઇન્ડિયાના સંકલ્પને સાકાર કરવામાં જે લીડ લીધી છે તેમાં આઇ.બી.એમ.નું આ નવું કાર્યરત થનારૂં સેન્ટર રાજ્યમાં આઇ.ટી, આઇ.ટી.ઇ.એસ સેક્ટરની સમગ્ર ઇકો સિસ્ટિમની કાયાપલટ કરવામાં મહત્ત્વપૂર્ણ બનશે. આ સેન્ટર રાજ્યના યુવાઓ માટે નવા રોજગાર અવસર ઊભા કરશે અને ડિઝિટલ ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વકક્ષાની કૌશલ્યવર્ધન ક્ષમતાનો પણ રાજ્યમાં વિકાસ થશે તેવી અપેક્ષા તેમણે વ્યકત કરી હતી. આઇ.બી.એમ-ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંદિપ પટેલે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના દૃષ્ટિવંત નેતૃત્વમાં ગુજરાતે આઇ.ટી હબ બનવાની જે દિશા લીધી છે તેની પ્રસંશા કરી હતી. ગુજરાત ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેસના નવતર અભિગમ સાથે વિકાસના નવા કીર્તિમાન પ્રસ્થાપિત કરી રહ્યું છે તે સંજોગોમાં આઇ.બી.એમ ગુજરાતના ડિજિટલ મિશનમાં યોગદાન આપવા ઉત્સુક છે એમ શ્રી સંદિપ પટેલે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રી સાથેની બેઠકમાં આઇ.બી.એમ. ઇન્ડિયાના એમ.ડી શ્રી સંદિપ પટેલે જણાવ્યું હતું કે આઇ.બી.એમ. સોફ્ટવેર લેબ વૈશ્વિક કક્ષાના ઇનોવેશન સેન્ટર તરીકે નેક્સ્ટ જનરેશન સોફ્ટવેર પોર્ટફોલિયો અને ક્લાઉડ સર્વિસ પૂરી પાડે છે. આવી સોફ્ટવેર લેબ બેંગાલૂરુ, પૂના, હૈદરાબાદ અને ચેન્નાઇમાં અત્યારે કાર્યરત છે હવે, અમદાવાદમાં પણ તે સ્થાપવાનું આયોજન આઇ.બી.એમ દ્વારા કરવામાં આવ્યું છે.

પ્રોડક્ટ એન્જિનિયરિંગ અને સોફ્ટવેર મેન્યૂફેક્ચરીંગ સેક્ટરની વર્લ્ડ બેસ્ટ પ્રેક્ટીસીસ ગુજરાતમાં લાવવાની નેમ આઇ.બી.એમ ઇન્ડિયાના એમ.ડી એ દર્શાવી હતી. વર્લ્ડ ક્લાસ ટ્રેઇન્ડ મેનપાવર અને સ્કિલ ડેવલપમેન્ટ તથા રોજગાર અવસરમાં વધારો એમ બેવડો લાભ આના પરિણામે ગુજરાતને મળતો થશે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. આઇ.બી.એમ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ ગુજરાતમાં ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રમાં CSR એક્ટિવિટીમાં પણ આઇ.બી.એમ.ના યોગદાનની તત્પરતા વ્યકત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આઇ.બી.એમ-ઇન્ડિયાને અમદાવાદમાં આ સેન્ટર કાર્યરત કરવામાં રાજ્ય સરકારના સંપૂર્ણ સહયોગ માટેની ખાતરી પણ બેઠક દરમિયાન આપી હતી.

આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી અશ્વિનીકુમાર, સાયન્સ એન્ડ ટેકનોલોજી સચિવ શ્રી હારિત શુક્લા અને જી. આઇ.એલ.ના એમ.ડી. શ્રી સચિન ગુસીયા પણ જોડાયા હતા. ●

## વડતાલ સ્વામિનારાયણ મંદિર દ્વારા

# વલ્લભવિદ્યાનગરમાં એક હજાર વિદ્યાર્થીઓ માટે છાત્રાલય બનશે

વિકાસના પાયામાં શિક્ષણનો મહત્ત્વનો ફાળો છે. શિક્ષણ વિના વિકાસ શક્ય નથી. ગુજરાતની વિકાસ યાત્રાની વાત કરવી હોય તો, આધ્યાત્મિકતા ક્ષેત્રે નરસૈયાની કરતાલ, શ્રમિકોના શોષણ સામે ગાંધીજીની અહિંસક હડતાલ અને ધર્મ શિક્ષણ ક્ષેત્રમાં સ્વામિનારાયણના વડતાલની ઐતિહાસિક ધરોહરને યાદ કરવા પડે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વલ્લભવિદ્યાનગર ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવ વડતાલ તાબાના શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર સંચાલિત છાત્રાલય અને મંદિરનો આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજીની ઉપસ્થિતિમાં શિલાન્યાસ કર્યો હતો. આ છાત્રાલયમાં એક હજાર વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા-જમવાની સુવિધા સાથે સંસ્કાર અને રાષ્ટ્ર ઘડતરનું શિક્ષણ મેળવશે.આ છાત્રાલય ગરીબ અને સામાન્ય પરિવારના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ નીવડશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, ૨૧મી સદી જ્ઞાનની સદી છે, ત્યારે ગુજરાતના યુવાનો વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત કરી દુનિયાની સામે આંખમાં આંખ મિલાવી વાત કરી શકે તે માટે રાજ્યમાં શિક્ષણનો વ્યાપ વધારવામાં આવી રહ્યો છે. આનાથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું આત્મનિર્ભર ભારત અને નવા ભારતના નિર્માણનું સ્વપ્ન સાકાર કરશે.

તેમણે ઉમેર્યું હતું કે, ઘર પરિવારથી દૂર રહીને અહીં નિર્માણ થનાર ગુરુકુળમાં વિદ્યાર્થીઓનું શિક્ષા દીક્ષા સાથે સંસ્કારોનું પણ ઘડતર થશે. આ છાત્રાલયનું નિર્માણ પણ ગુજરાત કે ભારતમાં જ નહિ દેશ-વિદેશમાં વિદ્યાધામ તરીકે પ્રખ્યાત વલ્લભ વિદ્યાનગરમાં થઈ રહ્યું છે તે વિશેષ આનંદની વાત છે.

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની કર્મભૂમિ કરમસદની નજીક વલ્લભવિદ્યાનગર તેમના જ આશીર્વાદથી ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબે ચારૂતર વિદ્યામંડળના નેજામાં વિકસાવેલું નગર છે. જેમાં આજે એક વધુ પુષ્પનો ઉમેરો થયો છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, કોરોના કાળ હોય કે વાવાઝોડા જેવા આફતના સમયે વડતાલ મંદિર માનવ સેવા માટે અગ્રેસર રહ્યું છે.

પ.પૂ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદ મહારાજે આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે છાત્રાલયમાં એક હજાર વિદ્યાર્થીઓ માટે તમામ વ્યવસ્થા નિઃશુલ્ક કરવામાં આવી છે. આ છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં શિક્ષણ સાથે સંસ્કારોનું પણ સિંચન થશે અને તેઓ દેશના સાચા નાગરિક બનશે.

સરધાર મંદિરના શ્રી નિત્યસ્વરૂપ સ્વામીએ જણાવ્યું હતું કે સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન સમયથી અનેક સમાજ સેવાનાં કાર્યો થઈ રહ્યાં છે તે પરંપરાને જાળવીને આજે છાત્રાલય અને મંદિરનું નિર્માણ થઈ રહ્યું છે જે આનંદની વાત છે. અહીં વિદ્યાર્થીઓ સંસ્કાર સાથે જ્ઞાન પ્રાપ્ત કરી દેશના શ્રેષ્ઠ નાગરિકો બનશે.

કુંડલધામના શ્રી જ્ઞાનજીવન સ્વામીએ જણાવ્યું હતું કે કોરોનાના કપરા કાળમાં ધાર્મિક અને સેવાભાવી સંસ્થાઓએ સરકારની સાથે રહી સરાહનીય કામગીરી કરી હતી. સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ જીવમાત્રના કલ્યાણ માટે ઉત્તમ કામગીરી કરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.

આ અવસરે સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, મુખ્ય દંડક શ્રી પંકજભાઈ દેસાઈ, પૂર્વ સાંસદ શ્રી દિલીપભાઈ પટેલ, મુખ્યદાતા શ્રી અરજણભાઈ ધોળકિયા, સંતો, અગ્રણી શ્રી રાજેશભાઈ પટેલ, મહેશભાઈ પટેલ, ચારૂતર વિદ્યામંડળના પ્રમુખ શ્રી ભીખુભાઈ પટેલ, પદાધિકારીઓ, કલેક્ટર શ્રી મનોજ દક્ષિણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી. જી. પ્રજાપતિ તથા હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ●



## "જદ્દમો ઇન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ" સમારોહ સંપન્ન

# સુરતમાં સાકાર થનારો જેમ્સ એન્ડ જવેલરી પાર્ક વિશ્વકક્ષાનો બનાવાશે




હિરા ઉદ્યોગકારોએ દેશ અને દુનિયાને બતાવ્યું છે કે અમે હિરા ઘસવાવાળા અને ઘરેણાને ઘાટ આપનારા નથી પણ ગ્લોબલ ટ્રેન્ડ સેટ કરવાની ક્ષમતા આપણામાં છે. અનેક મુશ્કેલીઓને અવસરમાં પલટાવાની તાકાત હિરા ઉદ્યોગકારોમાં છે તેમ ડાયમંડ સિટીના આંગણે કેન્દ્રીય કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ મંત્રાલય તથા જેમ્સ એન્ડ જવેલરી એકસપોર્ટ પ્રમોશન કાઉન્સીલ(જીજેઈપીસી) દ્વારા આયોજીત "જદ્દમો ઈન્ડિયા જેમ્સ એન્ડ જ્વેલરી એવોર્ડ" સમારોહ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોના મહામારી સમયે સમગ્ર વિશ્વ સ્તબ્ધ અને સ્થગિત હતુ ત્યારે જેમ્સ એન્ડ જવેલરીની ચમક ઓછી થઈ ન્હોતી. ૨૦૨૦-૨૧ના વર્ષમાં ૮.૫૦ ટકાના ગ્રોથ સાથે ૬૭ હજાર કરોડની જવેલરી એકસપોર્ટ કરીને વિકાસના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે આ સેકટર મહત્વનું પાસુ બન્યું છે. સમયની સાથે ચાલીને સુરતના આગેવાનોએ જરૂરી એચિવમેન્ટ કર્યું છે તેમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ નરેન્દ્રભાઈ મોદીના ૪૦૦ બિલીયન ડોલરના લક્ષ્યાંકને સિધ્ધ કરવા માટે આ ઉદ્યોગ મહત્વનો ફાળો આપશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

સુરતમાં સાકાર થનારા જેમ્સ એન્ડ જવેલરી પાર્ક આગામી સમયમાં વિશ્વકક્ષાનો પાર્ક બને અને અહી જ મેન્યુફેકચરીગથી લઈ તમામ કામો સાકારિત થાય તે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાનું તેમણે જણાવ્યું હતું. સમગ્ર ભારતનું ૪૦ ટકા એફ.ડી.આઈ. ગુજરાતમાં આવ્યું છે ત્યારે આગામી સમયમાં વધુને વધુ ઈન્ફ્રાસ્ટ્રકચર વધારીને લક્ષ્યાંક પ્રાપ્ત કરીએ તેવો મત મુખ્યમંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો.

આવનારા દિવસો ભારતના છે અને આ દિવસોને પારખીને વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી રહી છે. ક્ષમતાઓને ડેવલપ અને બિલ્ડ કરવીએ આજની આવશ્યકતા છે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ઉદ્યોગ ઈમાનદારીનો છે. આપણી શાખને વધુ મજબુત બનાવીને કામ કરીશુ તો દુનિયા આપણી પાસે આવશે. આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ સુરત સહિત મુંબઈ, દિલ્હી ઉપરાંત દેશના વિવિધ રાજયોમાં જેમ્સ એન્ડ જવેલરી વેપારક્ષેત્ર સાથે સંકાળાયેલા ૪૨ જેટલા ઉદ્યોગકારોને વિવિધ કેટેગરીના એવોર્ડનું વિતરણ કરાયું હતું.

સાંસદ શ્રી સી. આર. પાટીલે એવોર્ડ વિજેતાઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, કોરોના કપરાકાળ વચ્ચે પણ હિરા ઉદ્યોગે મોટું હુંડિયામણ રળવા સાથે વિપુલ રોજગારીની તકોનું સર્જન કર્યું છે. જે આર્થિક મુશ્કેલીમાં ખુબ જ મદદગાર રહ્યું છે.

આ પ્રસંગે GJEPC ઇન્ડિયાના ચેરમેન શ્રી કોલિન શાહે જણાવ્યું કે, ડાયમંડ અને જવેલરી ક્ષેત્રને કેન્દ્ર અને રાજય સરકાર તરફથી એકસપોર્ટ માટે પૂર્ણ સહયોગ મળી રહ્યો છે. આવનારા સમયમાં જવેલરીક્ષેત્રે પણ સુરત અગ્રીમ હરોળમાં આવશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ મેળવનાર ઉદ્યોગ અગ્રણી શ્રી ગોવિંદભાઈ ધોળકીયાએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનાં સરળ અને સેવાભાવી સ્વભાવનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, તેઓ નાનામાં નાના માણસને પુરી લાગણીથી મળે છે અને જે પણ કોઈ મુશ્કેલી હોય તેને દુર કરવામાં ઝડપથી નિર્ણય લે છે. ભારતના ભાવિ યુવાનોને શીખ આપતા જણાવ્યું કે, પ્રમાણિકતાને કદી છોડશો નહી તેમજ જીવનમાં પ્રગતિ કરવા માટે સ્કીલ, ટેકનોલોજી અને સખત મહેનત ખૂબ જરૂરી છે. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે જેમ્સ એન્ડ જવેલરીના સુવિનિયર પુસ્તકનું વિમોચન કર્યું હતું.

આ પ્રસંગે આરોગ્ય રાજય મંત્રી શ્રી કુમાર કાનાણી, GJEPCના વાઈસ ચેરમેન શ્રી વિપુલ શાહ, GJEPCના રીજીયોનલ મેનેજરશ્રી દિનેશ નાવડિયા, હોદેદારો સહિત જેમ્સ એન્ડ જવેલરી સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહેશે. ●

## સુરતના રૂંઢ ખાતે LIG યોજનાના ૨૦૮ આવાસોનું લોકાર્પણ

# 'જન સામાન્યને છત, રોજી અને રોટી મળે એ દિશામાં પરિણામલક્ષી પગલાં લેવાયા છે' - CM

"રાજ્યમાં દર વર્ષે પાંચ લાખ આવાસોનું નિર્માણ કરવામાં આવશે, સાથોસાથ રાજ્ય સરકાર ઉજ્જ્વલા યોજના-૨.૦ હેઠળ રાજ્યના વધુ ૧૦ લાખ પરિવારોને ગેસ કનેક્શન આપશે" એમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સુરતના મજુરા તાલુકાના રૂંઢ વિસ્તારમાં ગુજરાત ગ્રામ નિર્માણ બોર્ડ નિર્મિત ૨૦૮ આવાસોનું લોકાર્પણ કરતાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રી અને મહાનુભાવોએ LIG યોજના હેઠળ સમાવિષ્ટ આર્થિક રીતે નબળા વર્ગના લાભાર્થીઓના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર કરતાં ૨૦૮ મકાનોની ચાવીઓ અર્પણ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આવાસની મુલાકાત લઈ વિવિધ સુવિધાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ આવાસો ગ્રામ નિર્માણ બોર્ડ દ્વારા રૂા.૨૬.૪૮ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યા છે.

આ આવાસ લોકાર્પણ સમારોહમાં મુખ્યમંત્રી શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, 'ઘરનું ઘર' એ સામાન્ય માનવીનું સ્વપ્ન હોય છે. રાજ્ય સરકારે ગરીબ અને મધ્યમ વર્ગના લોકોનું આ શમણું સાકાર કરવામાં કોઈ કસર છોડી નથી. માત્ર આવાસો જ નહીં, પણ લોકોની રોજી રોટીની પણ ખેવના રાખી છે.




શહેરની જમીનોના ભાવ કૂદકે ને ભૂસકે વધવા છતાં લોકોને પરવડે તેવા દરોમાં આવાસ યોજનાનો લાભ સામાન્યજન સુધી પહોંચે એ આ સરકારની નેમ છે. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં નિર્માણ પામેલા અને ભવિષ્યમાં સાકાર થનાર આવાસોમાં પાણી, લિફ્ટ, ફાયર સેફ્ટી, ભૂગર્ભ ગટર, પાર્કિંગ સહિતની પાયાની જરૂરી સવલતો ઉપલબ્ધ હોય એનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. 'કહેવું તે કરવું'ના ખુમારીભર્યા લક્ષ્યથી રાજ્ય સરકારે ચોમેર વિકાસકામોને વેગવાન બનાવ્યાં છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસની સાથે સામાન્યજનની સુખાકારી અતિ આવશ્યક હોવાનું જણાવતાં તેમણે એમ પણ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સૌને 'રોટી, કપડાં અને મકાન'ની વિભાવનાને સાર્થક કરતાં રાજ્ય સરકારે ગુજરાતે વિકાસ અભિમુખ અભિગમ સાથે વિકાસની રફતાર તેજ રાખી છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, અનિર્ણાયકતા વિકાસને રૂંધે છે. ઝડપી નિર્ણયોથી જ વિકાસ શક્ય છે. રાજ્ય સરકારે ધડાધડ નિર્ણયો કરીને પ્રજાહિતની પ્રતીતિ કરાવી છે. સુરત મહાનગરપાલિકાની વિકાસલક્ષી કામગીરીને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સુરતે અનેકવિધ વિકાસકાર્યોથી સુરત ખુબસુરત બન્યું છે. સુરત વિશ્વ કક્ષાનું શહેર બને એ માટે ડ્રીમ સિટી, મેટ્રો, સુરત ડાયમંડ બુર્સ, નવુ અત્યાધુનિક રેલવે સ્ટેશન, રિવર ફ્રન્ટ, તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ ઝડપભેર પૂર્ણ થાય એ દિશામાં સુનિયોજિત કાર્ય થઈ રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ વેળાએ આવાસ મેળવનાર લાભાર્થીઓને અભિનંદન આપતા મુખ્યમંત્રીશ્રીએ નવા આવાસો પરિવારની સુખ શાંતિ માટે ફળદાયી નીવડે એવી શુભકામનાઓ પણ પાઠવી હતી.

આ પ્રસંગે ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા જરૂરિયાતવાળા વિસ્તારોમાં સર્વે કરી સરકારી જમીન ઉપલબ્ધ હોય તેવા વિસ્તારોમાં સરકારી જમીન મેળવી વાજબી કિંમતે આવાસો બનાવવા ઉપરાંત ખાનગી જમીન પણ વેચાણ દસ્તાવેજથી ખરીદીને આવાસો બનાવી ઓછી આવક ધરાવતાં તેમજ વિવિધ કેટેગરીના જરૂરિયાતમંદ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને છત્ર પૂરું પાડ્યું છે.

ગ્રામ ગૃહનિર્માણ રાજ્ય મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે સુરતના રૂંઢ જેવા પોશ અને પ્રાઈમ લોકેશનમાં અને એ પણ પોષાય તેવી કિંમતમાં ઉપલબ્ધ કરાવ્યું છે.

સાંસદ શ્રી સી.આર. પાટીલે વર્ષ ૨૦૨૨ સુધીમાં દેશનો દરેક નાગરિક આવાસીય સુવિધા મેળવે એ માટે રાજ્ય અને કેન્દ્ર સરકાર સતત કાર્યરત હોવાનું જણાવતાં કથની અને કરણીમાં પ્રમાણિકતા રાખીને રાજ્ય સરકારે લોકોનો પ્રેમ સંપાદન કર્યો છે.

આ પ્રસંગે આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોરભાઈ કાનાણી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ શ્રી મુળુભાઈ બેરા, ધારાસભ્ય સર્વશ્રી વી.ડી.ઝાલાવાડીયા, ઝંખનાબેન પટેલ, મોહનભાઈ ઢોડીયા, વિવેક પટેલ, મુકેશભાઈ પટેલ, કાંતિ બલર, પ્રવિણ ઘોઘારી સહિત સુડાના અધિકારીઓ, શહેરીજનો તેમજ LIG યોજના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ●

## ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશો માટેના ગેસ્ટ હાઉસનું ભૂમિપૂજન



સુપ્રિમ કોર્ટના જસ્ટીસ શ્રી એમ. આર. શાહના હસ્તે અમદાવાદના ધૂલિયા કોર્ટ લો-ગાર્ડન વિસ્તારમાં ગુજરાત હાઈકોર્ટના ન્યાયાધીશશ્રીઓ માટેના ગેસ્ટ હાઉસનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતુ. આ ભૂમિપૂજન પ્રસંગે હાઈકોર્ટના ચીફ જસ્ટીસ શ્રી વિક્રમ નાથ, રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિભાઈ પટેલ, શિક્ષણ અને કાયદા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા અને ગૃહ રાજય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા. ●

કિશોર જિકાદરા

## શિક્ષક તાલીમની જરૂરિયાત જાણવા શિક્ષકસજ્જતા સર્વેક્ષણ

શિક્ષણમાં આમૂલ ગુણાત્મક પરિવર્તન માટે ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા છેલ્લાં કેટલાંક વર્ષોથી શ્રેણીબદ્ધ પગલાં લેવાઈ રહ્યાં છે. ગત 24 ઑગસ્ટના રોજ યોજાયેલા શિક્ષકસજ્જતા સર્વેક્ષણ મરજિયાત હોવા છતાં, અંદાજે 57000 જેટલા શિક્ષકો સ્વૈચ્છિક રીતે આ સર્વેક્ષણમાં જોડાયા હતા. શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે, ભારતના કોઈ પણ રાજ્યમાં આટલા મોટા સ્કેલ પર આવું સર્વેક્ષણ અગાઉ કદી પણ થયું નથી. ગુજરાત સરકાર દ્વારા થયેલું આ સર્વેક્ષણ દેશનું સૌથી પહેલું અને સૌથી મોટું છે.

આ સર્વેક્ષણના વૈજ્ઞાનિક પૃથક્કરણ દ્વારા આગામી તાલીમનું આયોજન કરવામાં સહાયરૂપ બનશે. આ સર્વેક્ષણના પરિણામનું પૃથક્કરણ કરીને શિક્ષણ વિભાગ હવે પછી કયા શિક્ષકોને કયા મુદ્દાઓની તાલીમની જરૂર છે એનો અહેવાલ તૈયાર કરીને એ મુજબ આગામી તાલીમનું આયોજન કરાશે. ●

## સિંહ, વાઘ અને દીપડા કરશે ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં મુક્ત વિહાર




કદી વિચાર્યું છે કે ખુલ્લા આકાશ નીચે સફેદ વાઘ, સિંહ અને દીપડા વિચરતા હોય અને તમે નિર્ભીકપણે તેમની ગતિવિધિ નિહાળી શકો. હા, હવે એ શક્ય બન્યું છે ગાંધીનગરના ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં. જ્યાં બિલાડીકુળના વન્યજીવ સફેદ વાઘ, સિંહ અને દીપડા ઓપન-ટુ-સ્કાય પ્રકારના આધુનિક આવાસમાં મુક્ત વિહરતા નિહાળી શકાશે.

ગીર ફાઉન્ડેશન દ્વારા ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના પ્રાણી સંગ્રહાયલમાં આ વન્યજીવો માટે 'ઓપન મોટ' પ્રકારના આધુનિક આવાસો તૈયાર કરાયા છે. જેનું લોકાર્પણ વન મંત્રી શ્રી ગણપતસિંહ વસાવાના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે વન રાજયમંત્રી શ્રી રમણભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા.

વનમંત્રી શ્રી ગણપતસિંહ વસાવાએ ઉમેર્યું હતું કે, ગાંધીનગરમાં વન્યજીવોની સુરક્ષા, સલામતી અને અનુકૂળતાઓને ધ્યાનમાં રાખી ઓપન મોટનું નિર્માણ કરાયું છે. જેમાં પથ્થર શિલાઓ, વૃક્ષ-વનસ્પતિઓ, કાષ્ઠ, ઘાસ-વાંસ સહિતના કુદરતી સંસાધનોનો ઉપયોગ કરી આવાસોને આબેહૂબ નૈસર્ગિક બનાવાયા છે. આ આવાસોમાં મુખ્યત્વે વન્યજીવોને આરામ કરવાના ગઝેબો, પથ્થરની ગુફાઓ, પાણીનાં ઝરણા, નાનાં તળાવ, રેમ્પ અને સ્ટેજ પણ તૈયાર કરાયાં છે. મુલાકાતીઓ માટે ખાસ ગેલેરી તથા પથ બનાવાયા છે.

વન રાજયમંત્રી શ્રી રમણભાઈ પાટકરે જણાવ્યું હતું કે, આ સુવિધાનો લાભ ઉદ્યાનની મુલાકાતે આવનાર દેશ-વિદેશના પર્યટકો તથા ગાંધીનગરની પ્રકૃતિપ્રેમી જનતાને થશે. ●





# નાની લાખાવડમાં પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત



રાજકોટના જસદણ તાલુકાના નાની લાખાવડ ગામે વાસ્મો યોજના હેઠળ તૈયાર થનાર ઘરે ઘરે નળ દ્વારા પાણી વિતરણ કરવાની યોજનાનું ખાતમુહૂર્ત પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે સંપન્ન કરાયું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ''હર ઘર નલ સે જલ'' અભિયાનને ગુજરાત રાજયમાં વર્ષ ૨૦૨૨માં જ પરિપૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે થઈ રહેલી કામગીરીની વિગતો આપતાં મંત્રી શ્રી કુંવરજીભાઇ બાવળિયાએ જણાવ્યું હતું કે, ટૂંક સમયમાં જ માથે બેડાં લઈને દૂર સુધી પાણી ભરવા જવાની આ વિસ્તારની બહેનોની મુશ્કેલી હવે ભૂતકાળ બની છે.

૩૮૨૭ લોકોની અંદાજિત વસ્તી ધરાવતા નાની લાખાવડ ગામમાં રૂા. ૧૨.૯૭ લાખના ખર્ચે તૈયાર થનાર વાસ્મો હેઠળની આ યોજનામાં રૂા. ૭.૧૧ લાખના ખર્ચે બે લાખ લીટરની ક્ષમતાનો સંપ, રૂા. ૭૯ હજારના ખર્ચે પંપરૂમ, રૂા. ૧ લાખથી વધુના ખર્ચે ૭૦ ઘરોમાં નળ જોડાણ, રૂા. ૩૯ હજારના ખર્ચે ૧૫ હોર્સપાવરની પમ્પિંગ મશીનરી, લાઈટ કનેકશન તથા અન્ય આનુષંગિક માળખાકીય કામોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે ગામના સરપંચશ્રી અને પાણી સમિતીના અધ્યક્ષશ્રી જમનાબેન હમીરભાઈ સરીયા, પ્રાંત અધિકારીશ્રી ગલચર, મામલતદારશ્રી ઝાલા, તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત ગ્રામ પંચાયતના તમામ સભ્યો, વાસ્મોના યુનીટ મેનેજરશ્રી પી.એન. ત્રિવેદી, ડીસ્ટ્રીકટ કો-ઓર્ડીનેટરશ્રી સંજયભાઇ પાનસુરીયા, આસી. કો-ઓર્ડીનેટરશ્રી વિપુલભાઈ ડેરવાણીયા તથા સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.●

# દાહોદ જિલ્લાનાં પીપલોદ પોલીસ સ્ટેશનનું લોકાર્પણ



શાંતિ-સલામતી-સુરક્ષા-કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને કારણે જ ગુજરાતે વિકાસની રફતાર જાળવી છે. ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ દેવગઢ બારિયાના પીપલોદમાં પોલીસ સ્ટેશનનું લોકાર્પણ કર્યું હતું. આ પોલીસ સ્ટેશનમાં ૧૬ ગામડાઓનો સમાવેશ થાય છે.

ગૃહ રાજ્યમંત્રીશ્રીએ આ વેળાએ જણાવ્યું હતું કે, દાહોદ જિલ્લાનું આ ૧૮મું પોલીસ સ્ટેશન જનસુરક્ષામાં સમર્પિત છે. દાહોદમાં પીપલોદ પોલીસ સ્ટેશન અને દૂધામલી આઉટપોસ્ટનું લોકાર્પણ કરાયું છે. સાથેસાથે દાહોદમાં પોલીસ રહેણાક-આવાસના રૂ. ૧૦૦ કરોડથી વધુનાં કામો પોલીસકર્મીઓની સુવિધાઓમાં વધારો કરશે. દાહોદ સરહદી જિલ્લો હોવાથી પોલીસ મહેકમ-માળખાગત સહિતની તમામ વ્યવસ્થાઓ વધારીને જિલ્લામાં કાયદો વ્યવસ્થા તેમજ શાંતિ-સલામતિ જળવાઇ રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આ પ્રસંગે સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર, ધારાસભ્ય શ્રી શૈલેષભાઇ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શીતલબહેન વાઘેલા, દેવગઢબારીયા નગરપાલિકા પ્રમુખ શ્રી ચાર્મીબહેન સોની, તાલુકા પંચાયત પ્રમુખશ્રી સહિતનાં પદાધિકારીઓ તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●



## નડાબેટનાં વિકાસ કામોની સમીક્ષા



ભારત- પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ નજીક નડાબેટ ખાતે ગુજરાત રાજ્ય પ્રવાસન નિગમ દ્વારા રૂ. ૧૨૫ કરોડથી વધુના ખર્ચથી નિર્માણ પામી રહેલા સીમાદર્શન પ્રોજેક્ટની કામગીરી પૂર્ણતાના આરે છે. સૂઈગામ તાલુકાના નડાબેટને ટૂરિઝમ પોઈન્ટ તરીકે વિકસાવવા ચાલતાં વિકાસ કામોનું પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડાએ અધિકારીઓ સાથે જાત નિરીક્ષણ કર્યુ હતું..

મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદે બી.એસ.એફ.ના જવાનોને મળ્યા હતા. સીમાદર્શન પ્રોજેક્ટમાં નડેશ્વરી માતાના મંદિર પાસે વિસામો તૈયાર કરાયો છે. પ્રવાસીઓની સુવિધા માટે નડાબેટ ટી જંક્શનમાં ફેઝ-૧ના વિકાસ કામ પૂર્ણ થયાં છે, જ્યારે ફેઝ-૨નાં વિકાસકામ પૂર્ણતાના આરે છે. ફેઝ-૩ અને જમાં ચાલતાં વિકાસ કામોની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ટી-જંક્શનથી સરહદ પર જવાના રસ્તા પર ૧૦ જગ્યાએ લશ્કરની સાધન-સામગ્રી અને શસ્ત્રોનું પ્રદર્શન ગોઠવવામાં આવી રહ્યું છે, જેનું મંત્રીશ્રીએ નિરીક્ષણ કર્યું હતું. ●

## ભાવનગરની ૬ નગરપાલિકાને ૩૦ કરોડની ગ્રાન્ટ



ભાવનગરના સિહોરમાં ૬ નગરપાલિકાઓ વલ્લભીપુર, ગારિયાધાર, તળાજા, મહુવા, સિહોર અને પાલિતાણા માટે રૂ.૩૦ કરોડની ગ્રાન્ટ રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. ભાવનગરના મત્સ્યોદ્યોગ રાજ્ય મંત્રી શ્રી પરશોત્તમભાઈ સોલંકીએ જણાવ્યું કે, જનસુખાકારી વધારવા માટેની ૩૦ કરોડની ગ્રાન્ટ દ્વારા આગામી એક વર્ષ સુધી નગરપાલિકાની ઘણી બધી સુવિધાઓ અને વ્યવસ્થાઓ આપણે ઊભી કરી શકાશે. જેનાં થકી સમાજ જીવનને વધુ બહેતર બનાવી શકાશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કલેક્ટર શ્રી યોગેશ નિરગુડે, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલ, ધારાસભ્ય શ્રી આર. સી.મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ. પ્રશાંત જીલોવા, પ્રાદેશિક કમિશનર શ્રી અજય દહિયા સહિતના પદાધિકારીશ્રીઓ-મહાનુભાવો તેમજ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## ખેડૂતો માટે સેવા અને સહકારિતાથી ખૂલ્યાં સમૃદ્ધિનાં દ્વાર



ખેડૂતો માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવા સાથે ખેડૂતોને આર્થિક રીતે પગભર કરવા માર્કેટયાર્ડને વધુ સુવિધાપૂર્ણ બનાવવા સાથે સરળતાપૂર્વક ધિરાણની વ્યવસ્થા સરકારે કરી છે. તાજેતરમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં નવનિર્મિત માર્કેટયાર્ડ તથા ઈડર સહકારી બેંકના નવીન મકાનનું લોકાર્પણ સહકાર મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે કર્યું હતું. ખેડબ્રહ્મા ખાતે રૂ.૪૩૩થી વધુ લાખના ખર્ચે તૈયાર થયેલા માર્કેટયાર્ડનું લોકાર્પણ કરતા મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, સેવા અને સહકારના સુભગ સમન્વયથી ખેડૂતો માટે સમૃદ્ધિનાં નવાં દ્વાર ખૂલ્યાં છે. કિસાન કલ્પવૃક્ષ યોજના થકી રાજ્ય સરકાર કૃષિ પેદાશોને સંગ્રહિત કરવાનાં અદ્યતન મકાન બનાવવા સહાય આપે છે. ખેડબ્રહ્મા માર્કેટયાર્ડનું નિર્માણ થતા આસપાસનાં ૧૩૬ ગામના ધરતીપુત્રોને સીધો લાભ થશે. આ પ્રસંગે વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ શ્રી રમણલાલ વોરા, સાંસદ સર્વશ્રી રમીલાબહેન બારા, દિપસિંહ રાઠોડ, ધારાસભ્ય શ્રી હિતુભાઈ કનોડીયા અને સહિત બેંક/માર્કેટયાર્ડના ડિરેક્ટરશ્રીઓ તેમજ સહકારી આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

# કચ્છમાં રસ્તાઓનું ખાતમુહૂર્ત અને સવાસર તળાવનું લોકાર્પણ



પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયી હંમેશાં કહેતા કે "દેશના રસ્તાઓ એ દેશની હસ્તરેખાઓ છે". આ મંત્રને કેન્દ્ર સ્થાને રાખીને સરકારે કચ્છ સહિત ગુજરાતના પરિવહન માર્ગોનું નવસર્જન કર્યું છે. રાજ્ય સરકાર પણ આ સૂત્રને અપનાવી ચાલી રહી છે. તાજેતરમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરના હસ્તે ભુજના લાખોંદ-નાગોર રોડ, લાખોંદ-કાલીતલાવડી રોડ, કુકમા સ્ટેશન રોડ, નાગોર-સરસપર-ત્રંબો રોડનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

સરકાર દ્વારા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૭ કિમિના રોડનું રિસરફેસિંગ તેમજ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ ૧૫ કિમિના રોડ પહોળા કરવા સહિતના રૂ.૧૦ કરોડનાં વિકાસકાર્યો ઉપરાંત પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીના સ્ટેચ્યૂ નિર્માણનું ખાતમુહૂર્ત રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરે કર્યું હતું. ●



# વાત... બાયડ તથા મોડાસાના વિકાસ કાર્યોની



અરવલ્લી જિલ્લાના મોડાસામાં મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ મંત્રી શ્રી વિભાવરીબહેન દવેની ઉપસ્થિતિમાં "શહેરી જનસુખાકારી દિવસ" કાર્યક્રમ યોજાયો. જેમાં મોડાસા નગરપાલિકાને રૂ. ૧.૫૦ કરોડ તથા બાયડ નગરપાલિકાને રૂ. ૫૦ લાખના ચેકનું વિતરણ કરાયું. જેને પરિણામે બંને નગરોનો વિકાસ ઝડપથી થઇ શકશે.

આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું કે, સરકાર રોટી, કપડાં, મકાન, જેવી વ્યવસ્થા જન-જન આપવા માટે હરહંમેશ કટિબદ્ધ છે. મોડાસા નગરપાલિકાને છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ યોજનો હેઠળ અંદાજે રૂ.૩૫ કરોડથી વધુ ગ્રાન્ટ મળી છે. જેમાં વરસાદી પાણી નિકાલ ગટર, પાણી પુરવઠા યોજના તેમજ આશ્રયસ્થાન, પ્રવાસન, બાગ બગીચા, આંગણવાડીઓ જેવાં વિવિધ કામો પૂર્ણ કરી નગરજનો સુધી સુવિધા પહોંચાડી છે. તેમણે મોડાસા અને બાયડ નગરના નાગરિકોને આગામી સમયમાં થનારાં વિકાસકાર્યોને લીધે વધુ સુવિધાપૂર્ણ વાતાવરણ મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ●

# જામનગરના લોકદરબારમાં પ્રશ્નોનું તત્કાલ નિવારણ



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર રાજ્યમાં લોકાભિમુખ વહીવટ કરી રહી છે. જેના ભાગરૂપે સમયાંતરે પ્રત્યેક જિલ્લામાં લોક દરબાર થકી લોકપ્રશ્નોનું તત્કાલ નિવારણ લાવવામાં આવી રહ્યું છે. તાજેતરમાં જામનગરમાં અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાની આગેવાનીમાં લોકદરબાર યોજાયો હતો. જેમાં રાજ્ય મંત્રીશ્રીએ જામનગર શહેર તથા જિલ્લામાંથી આવેલા નાગરિકોના પ્રશ્નો તથા રજૂઆતો સાંભળી હતી. નાગરિકોને સંબોધતા મંત્રીશ્રીએ રજૂઆતો ધ્યાને લઈ સત્વરે યોગ્ય કાર્યવાહી કરવા હૈયાધારણા આપી હતી. તેમણે લોકોના પ્રશ્નોના નિરાકરણ માટે સંબંધિત વિભાગ, તંત્રને ખાસ સૂચનાઓ આપી હતી. રાજ્યમંત્રીશ્રી દ્વારા જાહેર જનતા સાથે સંવાદ સેતુ સાધવા દર શુક્રવારે લોક દરબારનું આયોજન કરવામાં આવે છે. લોક લાગણીને વાચા મળે, લોકપ્રશ્નોનું તત્કાલ નિવારણ થાય એ જનપ્રતિનિધિનું કર્તવ્ય છે. આ લોકદરબાર જનતા અને સરકાર વચ્ચેનો સાચો સેતુ સાબિત થઇ રહ્યો છે. ●

## રાજ્યની શાળાઓમાં ધો-૬ થી ૮નું શિક્ષણ શરૂ થશે

રાજ્યની શાળાઓમાં ધોરણ-૬ થી ૮ના વર્ગોમાં તા.૨ સપ્ટેમ્બર-૨૦૨૧થી વર્ગખંડ શિક્ષણકાર્ય-ભૌતિક રૂપે શરૂ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં વિશદ ચર્ચા-વિચારણા કરીને રાજ્ય સરકારે ધો-૬ થી ૮ના વર્ગખંડો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.



રાજ્ય સરકારના આ નિર્ણય અંગે વિગતો આપતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતુ કે, વિદ્યાર્થીઓનું ભાવિ બગડે નહિ સાથોસાથ કોઈ વિદ્યાર્થી કોરોનાથી સંક્રમિત પણ ન થાય તેની સંપૂર્ણ તકેદારી સાથે રાજ્ય સરકારે વર્ગખંડ શિક્ષણ પુન: શરૂ કરવાનો નિર્ણયો કર્યો છે.

રાજ્ય સરકારની અસરકારક કામગીરીને પરિણામે હવે રાજ્યભરમાં કોરોના કેસોનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટી રહ્યું છે, તેને ધ્યાનમાં લઈને ધો-૬ થી ૮ ના વર્ગખંડોમાં શિક્ષણકાર્ય શરૂ કરવાનું રાજ્ય મંત્રીમંડળે નક્કી કર્યુ છે. ધોરણ-૬થી ૮ ના આ વર્ગો વિદ્યાર્થીની સંખ્યાના ૫૦ ટકા ક્ષમતા સાથે ફરી શરૂ કરાશે. એટલું જ નહિ, શાળા વર્ગોમાં અભ્યાસ માટે આવનારા વિદ્યાર્થીએ પોતાના વાલીનો સંમતિપત્ર પણ લાવવાનો રહેશે, જે વાલી સંમતિ આપે તે જ વિદ્યાર્થીઓને પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું રહેશે. ઑનલાઈન શિક્ષણ પણ ચાલુ રહેશે.

હાલ રાજ્યમાં શાળાઓમાં ધો-૯ થી ૧૨ ના વર્ગોમાં શિક્ષણકાર્ય ચાલે છે તે માટેની જે S.O.P અને કોરોના સંક્રમણ નિયંત્રણ માર્ગદર્શિકા અમલી છે. તેનું ચુસ્ત પાલન ધો-૬ થી ૮ના વર્ગખંડોના વિદ્યાર્થીઓ માટે પણ શાળાઓએ સુનિશ્ચિતપણે કરવાનું રહેશે તેવી સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે. શાળાઓમાં વર્ગખંડોમાં યોગ્ય સોશિયલ ડિસ્ટન્સ જળવાય, શિક્ષકો-સ્ટાફ અને વિદ્યાર્થીઓ માસ્ક અવશ્ય પહેરે તેની પણ તકેદારી રાખવાની તાકીદ કરવામાં આવી છે.

રાજ્ય મંત્રીમંડળના આ નિર્ણયને પરિણામે રાજ્યમાં ૨૦ હજારથી વધુ સરકારી શાળાઓ સહિત ધો-૬થી ૮ના વર્ગો ધરાવતી કુલ ૩૦ હજારથી વધુ શાળાઓના ૩૨ લાખ જેટલા બાળકોનું વર્ગખંડ શિક્ષણકાર્ય શરૂ થશે. આવી શાળાઓએ સંસ્થાના પરિસરમાં હેન્ડવૉશ/સેનિટાઈઝરના પૂરતા પોઈન્ટ રાખવાની તેમજ સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી કોવિડ-19 ગાઈડ લાઈન્સનું અવશ્યપણે પાલન કરવાનું રહેશે. ●

## રાજ્યના બિનહથિયારી ASI ને હંગામી ધોરણે PSI તરીકે પ્રમોશન અપાશે

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદૃઢ બનાવવા માટેનાં પગલાઓને વધુ અસરકારક રીતે લાગુ કરી શકાય તે હેતુથી રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન હેઠળ રાજયના ૬૭૭ બિન હથિયારી ASI ને હંગામી ધોરણે ૧૧ માસ માટે PSI તરીકે એડહોક પ્રમોશન આપવા માટેનો મહત્ત્વનો નિર્ણય કરાયો છે.

આ અંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ગુનાની તપાસ, તેને લગતા સાધનિક કાગળો તૈયાર કરવાની કામગીરી, નિવેદનો મેળવવા, ગુનાને સબંધિત પુરાવાઓ એકત્રિત કરવા, કેસની તપાસ કરવામાં તથા નામદાર કોર્ટમાં મુદત સમયે હાજરી આપવામાં PSI ની ભૂમિકા ચાવીરૂપ હોય છે. વધુમાં PSIની સેવાઓ કાયદો અને વ્યવસ્થાની જાળવણી ઉપરાંત કુદરતી આપત્તિ તથા રાજ્યની મુલાકાતે આવતા મહાનુભાવોની સુરક્ષા અને સલામતી માટે પણ ખૂબ જ મહત્ત્વની બને છે. આ નિર્ણયના ફળસ્વરૂપ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બનશે. ●

## ગ્રાન્ટ-ઈન-એઇડ કોલેજો સરકારી યુનિવર્સિટી સાથેનું જોડાણ ચાલુ રાખી શકશે

રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯, ગુજરાત એક્ટ નં.૮/૨૦૦૯થી ઘડવામાં આવ્યો છે. ગુજરાત એક્ટ નં.૨૫/૨૦૧૧થી તેની કલમ ૩(૫) સુધારો કરવામાં આવ્યો હતો અને સુધારેલી જોગવાઈ પ્રમાણે ખાનગી યુનિવર્સિટીની સ્થાપના થયા બાદ ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજો અને સંસ્થાઓ સિવાયની તેની ઘટક કોલેજો અને સંસ્થાઓ તેની સાથે જોડાતી હતી.

ગુજરાત એક્ટ નં.૧૫/૨૦૨૧થી આ જોગવાઈમાં સુધારો કરતા ગ્રાન્ટ-ઈન-એઈડ કોલેજનું પણ ખાનગી યુનિવર્સિટીમાં જોડાણ થયુ હતું. આ સુધારાને દૂર કરવા અંગેની વિવિધ રજૂઆતો મંડળો, યુનિવર્સિટીઓ, કોલેજો દ્વારા રાજ્ય સરકારને મળી હતી.

આથી ગુજરાત એક્ટ નં. ૧૫/૨૦૨૧ની નવા સુધારા જોગવાઈને સ્થાને ગુજરાત એક્ટ નં.૨૫/૨૦૧૧ની કલમ ૩(૫) પ્રમાણેની અગાઉની જોગવાઈને યથાવત રાખવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. ●

# GIDCના ઉદ્યોગકારોને અંદાજે રૂ.500 કરોડની રાહત-સહાય

કોરોના મહામારીની બીજી લહેર બાદ રાજ્યના ઉદ્યોગકારો, MSME એકમોને આર્થિક સહાયથી પુન:બેઠા કરવા ગુજરાત સરકારે મહત્ત્વના નિર્ણયો કર્યા છે. મુખ્યમંત્રીશ્રીને મળેલી રજૂઆતોનો સંવેદનાપૂર્ણ સકારાત્મક પ્રતિસાદ આપતાં તેમણે GIDCના સંદર્ભમાં ચાર નીતિ વિષયક યોજનાઓ જાહેર કરી છે. આ યોજનાઓનો અંદાજે રૂ. 500 કરોડનો સહાય-લાભ સમગ્રતયા GIDCના 50,000 થી વધુ ઉદ્યોગોને મળશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રૂ.14 હજાર કરોડનું આત્મનિર્ભર પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અન્વયે GIDC દ્વારા 14 યોજનાઓ હેઠળ 31,166 ઉદ્યોગકારોને 407.72 કરોડના લાભ મળ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ GIDCના અધ્યક્ષ શ્રી બલવંતસિંહ રાજપૂત, ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. રાજીવ કુમાર ગુપ્તા તેમજ GIDCના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એમ. થેન્નારસન સાથે બેઠક યોજી હતી. આ બેઠકના અનુસંધાને ચાર નીતિ વિષયક યોજનાઓ જાહેર કરવામાં આવી છે. આ બેઠકમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે ઉદ્યોગકારોને ઉત્પાદન શરૂ કરવાની સમય મર્યાદા એટલે કે મોરેટોરિયમ પિરિયડ વધુ 1 વર્ષ વણવપરાશી દંડની રકમ લીધા વગર વધારી આપવામાં આવશે.



તદઅનુસાર, જે ઉદ્યોગકારોને ઉત્પાદન શરૂ કરવાની સમય મર્યાદા 2021-22માં પૂર્ણ થતી હોય તેને વધુ વર્ષ વણવપરાશી દંડ વસૂલ કર્યા સિવાય સમય મર્યાદા વધારી અપાશે. આ યોજનાનો અંદાજે 672 લાભાર્થીઓને લાભ મળવા પાત્ર થશે.

ઔદ્યોગિક વસાહતોના જે ફાળવણીદારો અગાઉની નીતિ અંતર્ગત વપરાશની સમય મર્યાદા વધારાનો લાભ મેળવી શક્યા નથી તથા જેમને માર્ચ-2022 સુધી લાભ આપવામાં આવ્યો છે તેવા તમામ ફાળવણીદારોને માર્ચ 2023 સુધી વપરાશ સમયમર્યાદા વધારી આપવામાં આવશે. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ રજૂઆતોનો પણ સંવેદનાપૂર્ણ પ્રતિસાદ આપતા નિર્ણય કર્યો છે કે, GIDCની ઔદ્યોગિક અને રહેણાંક વસાહતોના જમીન તથા બહુમાળી શેડોના ફાળવણીદારોને કોવિડ-૧૯ ની મહામારી તથા તે દરમ્યાન થયેલ લૉકડાઉનની ઉદ્યોગો પર થઈ રહેલ વિપરિત અસરોને પરિણામે આર્થિક બોજો ન પડે તે હેતુસર નિગમની વસાહતો માટે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે નિયત કરેલ ભાવ વધારો આ વર્ષ માટે મોકૂફ રાખીને ગત નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના ફાળવણી દર નકકી કરવામાં આવ્યા છે. અંદાજિત રૂ. ૨૬ કરોડની રાહત આ નિર્ણયને પરિણાને ઉદ્યોગકારોને મળશે.

તદઉપરાંત વધુ માંગ ધરાવતી સાયખા, સાયખા વુમન્સ પાર્ક, સાયખા એમ.એસ.એમ.ઈ. પાર્ક, દહેજ, હાલોલ અને હાલોલ (વિસ્તરણ) વસાહતનો વર્ષ : ૨૦૨૧-૨૨ માટે નકકી કરેલ ભાવ વધારો થયાવત્ રાખવામાં આવ્યો છે. GIDC દ્વારા નવા કરવાના થતા બાંધકામ વિસ્તારના નકશા મંજૂર કરતી વખતે સર્વિસ અને એમિનિટિઝ ફી પેટે પ્રતિ ચો. મી. રૂ .૫૦ વસૂલ કરવામાં આવે છે.

આ રકમને સંબંધિત વસાહતના કેન્દ્ર અને રાજય સરકારની યોજનાઓ હેઠળના કામો માટે મહત્તમ રૂ. ૨૫ પ્રતિ ચો.મી. એટલે કે ૫૦ % રકમ તથા નિગમ દ્વારા હાથ ધરવામાં આવનાર ખાસ જરૂરિયાતવાળા (Mandatory) કામો, ઉદ્યોગકારોની મિલકતોની માપણી, સર્વે, સ્થળ નિરીક્ષણ રિપોર્ટ, જરૂરિયાત મુજબ વસાહતની આંતરમાળખાકીય સુવિધા, પર્યાવરણ માટેના અભ્યાસ વગેરેની કામગીરી માટે રૂા.૨૫ પ્રતિ ચો.મી. એટલે કે ૫૦% રકમ વપરાશ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. આ નીતિ અંતર્ગત ૧૩૮ વસાહતોને આશરે રૂ. ૭૧.૩૦ કરોડનો લાભ મળવા પાત્ર થશે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વર્ષ ૨૦૦૯-૨૦૧૯થી ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડની રચના કરવામાં આવેલી છે. તે અંતર્ગત વિવિધ વસાહતોમાં પ્રતિ ચો.મી. રૂ. ૫ લેખે વસૂલાત કરી તે પૈકી રૂ.૩ નિગમે વસાહતોના નવીનીકરણનાં કામો માટે આપેલ ફાળા પેટે રાખવાના તથા રૂ .૨ જે તે ઔદ્યોગિક વસાહત મંડળોને વસાહતની નિભાવણી માટે ફાળવી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

GIDC દ્વારા હાથ ધરવામાં આવેલા આવા પ્રોજેક્ટ્સમાં થયેલા ખર્ચ પેટે ઍસોસિયેશનના ફાળાની વણવસુલાયેલ રકમ નિગમના વર્ષ ૨૦૧૦ના પરિપત્ર મુજબ વસૂલ થયેલા "ઈન્ફ્રાસ્ટ્રકચર અપગ્રેડેશન ફંડ" પૈકી રૂ.૨ લેખે ઔદ્યોગિક વસાહત મંડળ, નોટિફાઈડ એરિયાને ફાળવવાની થતી ઉપલબ્ધ રકમમાંથી સરભર કરી બાકીની બચતની રકમ સંબંધિત ઔદ્યોગિક વસાહત મંડળ, નોટિફાઈડ એરિયાને નિભાવણી ફંડ પેટે ફાળવી આપવાની રહેશે. રૂ.૨ લેખે વસૂલ કરેલ રકમમાંથી વસાહત મંડળના ફાળા પેટે અંદાજે રૂ.૩૩.૨૪ કરોડ સંબંધિત ૫૯ વસાહત મંડળને નિભાવણી ફંડ પેટે ફાળવવાનો અંદાજ છે. ●

# વરસાદ ખેંચાવાની સ્થિતિમાં ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવાનો નિર્ણય



ગુજરાતમાં પ્રવર્તમાન ચોમાસાની પરિસ્થિતિમાં વરસાદ ખેંચાવાને કારણે ખેડૂતો, જનપ્રતિનિધિઓ અને પદાધિકારીઓએ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી સમક્ષ ખેડૂતોને સિંચાઇ માટે તાત્કાલિક પાણી આપવાની રજૂઆત કરી હતી.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ આ રજૂઆતોનો ત્વરિત પ્રતિસાદ આપ્યો. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી એ જે બંધો-જળાશયોમાં પાણી ઉપલબ્ધ છે તે પૈકી પીવાના પાણી માટેના ૫૬ જળાશયોમાં તા.૩૦ સપ્ટેમ્બર-૨૦૨૧ સુધી પાણી આરક્ષિત રાખીને બાકીનું પાણી સંબંધિત વિસ્તારની માંગ મુજબ કમાન્ડ વિસ્તારના ખેડૂતોના ઊભા પાકને બચાવવા આપવાનો મહત્ત્વપૂર્ણ નિર્ણય તાજેતરમાં કર્યો છે તેમ જળસંપત્તિ સચિવ શ્રી જાદવે જણાવ્યું છે.

મુખ્યમંત્રીશ્રીના આ ખેડૂત હિતલક્ષી નિર્ણયને પરિણામે જે વિસ્તારોમાંથી સિંચાઇના પાણી માટે માંગણી આવેલી છે તે વિસ્તારમાં ખેડૂતોના ઊભા પાકને બચાવવા માટે ૩૯ જળાશયોમાંથી કુલ સાડા નવ લાખ એકર જમીનને સિંચાઈ માટે પાણી આપવામાં આવી રહ્યું છે. તદઅનુસાર, સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુલ ૧૪૧ પૈકી ૩૬ ડેમોમાં પીવાનું પાણી બે માસ માટે આરક્ષિત કરેલું છે. સૌરાષ્ટ્રના ૭૯ ડેમોમાંથી ૧,૪૮,૨૦૦ એકર વિસ્તારને સિંચાઈ માટે પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ છે. જે પૈકી હાલમાં ૨૩ ડેમમાંથી પાણી આપવામાં આવી રહેલ છે. જેમાં જામનગર જિલ્લાના ઉંડ-૧, સસોઇ, પન્ના, આજી-૪, ફૂલઝર-૧, ફૂલઝર-૨, ફૂલઝર કોટડા, વોડીસંગ, વીજરખી, ઉંડ-૩, સપડા, ઉમિયાસાગર અને રૂપારેલ એમ કુલ ૧૩ ડેમમાંથી સિંચાઇ માટે પાણી આપવાનું શરૂ કરેલ છે.

જ્યારે રાજકોટ જિલ્લામાં આજી-૨, આજી-૩ અને ન્યારી-૨ ડેમમાંથી પાણી આપવાનું શરૂ કરેલ છે. મોરબી જિલ્લાના બ્રાહ્મણી-૧, ડેમી-૧ ઘોડાધ્રોઇ અને ડેમી-૨ ડેમમાંથી તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના ફલકુ ડેમમાંથી પાણી આપવાનું શરૂ કરેલું છે.

પોરબંદર જિલ્લાના સોરઠી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વેરાડી-૨ ડેમમાંથી સિંચાઈ માટે પાણી આપવામાં આવી રહ્યું છે. જળસંપત્તિ સચિવશ્રીએ કહ્યું કે, ઉત્તર ગુજરાતમાં ધરોઇ ડેમમાં પીવાનું પાણી આરક્ષિત રાખ્યા બાદ ૩૭૦૫૦ એકર વિસ્તારને બે પાણ આપવાનું આયોજન કરેલું છે. આ અંગે આ વિસ્તારની માંગણી આવ્યેથી પાણી આપવાનું શરૂ કરવામાં આવશે. એટલું જ નહિ, મધ્ય ગુજરાતમાં કુલ ૧૩ ડેમોમાંથી ૫,૧૮,૭૦૦ એકર વિસ્તારને સિંચાઇ માટે પાણી આપવાનું આયોજન કરેલ. આ આયોજન પૈકી કડાણા જળાશયમાંથી મહી કમાન્ડ વિસ્તારમાં ૬,૦૦૦ ક્યુસેક્સ પાણી સિંચાઇ માટે આપવામાં આવી રહેલ છે. આ ઉપરાંત પાનમ, કરાડ,વઢવાણા, વાત્રક, મેશ્વો, હાથમતી, કરજણ, સુખી, દેવ, પાટાડુંગરી, એદલવાડા ડેમમાંથી પાણી આપવામાં આવી રહેલ છે તેની વિગતો તેમણે આપી હતી.

દક્ષિણ ગુજરાતના દમણગંગા, ઉકાઇ, જૂજ, કેલીયા, કાકરાપાર અને ગોરધા જળાશયોમાંથી પાણી આપીને ૪,૬૯,૩૦૦ એકર વિસ્તારને સિંચાઈનું આયોજન કરેલ છે. આ આયોજન પૈકી ઉકાઇ, કાકરાપાર, દમણગંગા અને ગોરધા વીયરમાંથી પાણી આપવામાં આવી રહ્યું છે. આમ, સમગ્રતયા ગુજરાત રાજ્યમાં વરસાદ ખેંચાવાની પરિસ્થિતિમાં માનનીય મુખ્યમંત્રીશ્રીના મહત્ત્વના નિર્ણય અનુસાર જે વિસ્તારમાં સિંચાઈના પાણીની માગણી આવેલ છે તે વિસ્તારમાં ઊભા પાકને બચાવવા માટે ૩૯ જળાશયોમાંથી સાડા નવ લાખ એકર જેટલા વિસ્તાર માટે પાણી આપવામાં આવી રહ્યું છે. ●

# છત્તીસગઢમાં ગુજરાતી સમાજ ભવન માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર

ગુજરાત બહાર અન્ય રાજ્યોમાં વસતા ગુજરાતીઓએ રચેલી સંસ્થાઓને ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે આર્થિક સહાય આપવાની યોજના અંતર્ગત છત્તીસગઢના ભિલાઈનગર ખાતેના ગુજરાતી સમાજ ભવનના હયાત મકાનના વિસ્તરણ માટે રૂ. ૪૦ લાખની સહાય મંજૂર કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.

બિન-નિવાસી ગુજરાતી પ્રભાગના મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ ગુજરાતીઓ પ્રત્યે ઉદાર ભાવના દર્શાવતા કહ્યું હતુ કે, રાજ્ય સરકાર દેશ-વિદેશમાં રહેતા ગુજરાતીઓની હરહંમેશ પડખે છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે અન્ય રાજ્યમાં આવેલા ગુજરાતી સમાજ ભવનના બાંધકામ, તૈયાર મકાનની ખરીદી કે હયાત મકાનના વિસ્તરણ માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ.૪૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ તેમજ હયાત સમાજ ભવનના મરામત માટે સહાયની રકમમાં વધારો કરીને વધુમાં વધુ રૂ.૧૦ લાખ અથવા ખરેખર થયેલ ખર્ચના ૪૦ ટકા બેમાંથી જે ઓછુ હોય તેટલી રકમ ચૂકવવાનો નિર્ણય કર્યો હતો. ●

# CM ડેશબોર્ડની કામગીરીનો SPIPAના તાલીમ કોર્સમાં સમાવેશ

ગુજરાત સરકાર સંવેદનશીલતા, પારદર્શકતા, પ્રગતિશીલતા અને નિર્ણાયક્તાના આધાર સ્તંભ પર કાર્ય કરી રહી છે. રાજ્યના નાગરિકો સરકાર સાથે સીધા જોડાઈ શકે અને રાજ્યમાં ચાલતા કાર્ય પર સીધી નજર રહે તે હેતુથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સીએમ ડેશબોર્ડની શરૂઆત કરી દેશમાં નવતર પહેલ કરી છે. મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શનમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાન, ગાંધીનગર ખાતે કાર્યરત CM થી CITIZENને જોડતા સીએમ ડેશબોર્ડની સુશાસનમાં ભૂમિકા અને કામગીરીનો ગુજરાત સરકારના અધિકારીઓને તાલીમ આપતી સંસ્થા સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિટ્રેશન (SPIPA) ના તાલીમ કોર્સમાં સમાવેશ કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

સીએમ ડેશબોર્ડ અને જનસંવાદ કેન્દ્રની સમગ્રતયા કામગીરીથી માહિતગાર કરવા SPIPA દ્વારા અધિકારીઓને અપાતી તાલીમમાં ડેશબોર્ડના કયા કયા ઈન્ડિકેટર્સનો સમાવેશ કરવો સહિતની કામગીરી સમજવા SPIPAના અધિકારીઓનો સીએમ ડેશબોર્ડ ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં ઉદ્દઘાટન સત્રમાં મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી ડી. એચ. શાહે સીએમ ડેશબોર્ડની કામગીરી, રિયલ ટાઇમ મોનિટરિંગ સિસ્ટિમ, ગુડ ગવર્નન્સમાં ડેશબોર્ડની ભૂમિકા, રાજ્યકક્ષાની અને જિલ્લા કક્ષાની વિવિધ સરકારી કચેરીઓ સાથે સીએમ ડેશબોર્ડનું સંકલન- જોડાણ સહિતની કામગીરીથી SPIPAના અધિકારીઓને માહિતગાર કર્યા હતા.

ગુજરાતમાં ૨૬ સરકારી વિભાગો, અંબાજીથી ઉમરગામ અને કચ્છથી દાહોદ સુધીના તમામ ૩૩ જિલ્લા, ૨૪૯ તાલુકા, શહેરો અને ૧૮,૦૦૦થી વધુ ગામડાઓમાં-છેવાડાના વિસ્તારોમાં યોજનાના લાભો, વિકાસનાં કામો-ફળ ક્યારે, કેવી રીતે કોને મળ્યાં છે, પહોંચ્યાં છે કે નહીં તેની જાણ કેવી રીતે થાય, તેના હકીકતલક્ષી પ્રતિભાવો કેવી રીતે સીધી વાત કરીને સેંકડોમાં એક જ ક્લિકથી મેળવી શકાય ? વાતને કેન્દ્રમાં રાખી વર્ષ ૨૦૧૮થી CM DASHBOARDના નામે દેશમાં પ્રથમવાર એક નવી જ સંપૂર્ણ ટેકનોલોજી આધારિત વ્યવસ્થા-સિસ્ટિમનો પ્રારંભ થયો.

રાજ્યમાં કુશળ વહીવટી વ્યવસ્થા સુનિશ્ચિત કરવી, જનહિતલક્ષી યોજનાઓની રિયલટાઈમ માહિતીની સાથે સાથે તેની ઉત્તરોત્તર પ્રગતિ અને લાભાર્થીઓનો ફિડબેક લેવા તથા બહુઆયામી વિકાસ યોજનાઓનું સતત મોનિટરિંગ કરવા સીએમ ડેશબોર્ડ અને તેની સાથે જોડાયેલા જનસંવાદ કેન્દ્ર દ્વારા અત્યાર સુધીમાં વિવિધ યોજનાઓના અંદાજે ચાર લાખ લાભાર્થીઓ સાથે સીધી ટેલિફોનિક વાત કરી માહિતી મેળવવામાં આવી છે.



સીએમ ડેશબોર્ડ અંતર્ગત ગુજરાતના તમામ જિલ્લા અને અલગ અલગ તમામ વહીવટી વિભાગ તેની યોજનાઓને સિંગલ વિન્ડો પ્લેટફોર્મ પર ૩,૪૦૦ પૂર્વ નિર્ધારિત ઈન્ડિકેટર્સ દ્વારા મોનિટર કરવામાં આવે છે. આ પ્લેટફોર્મ પરથી તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ અધિકારીઓને તેમના પરફોર્મન્સના આધારે અંક રેન્કિંગ આપવામાં આવે છે જે અંકોના આધારે A+, A, B અને C ગ્રેડ આપવામાં આવે છે.

SPIPA અમદાવાદ અને ગાંધીનગર મુખ્ય ૧૮ જેટલા અધિકારીઓની ગાંધીનગર ખાતે યોજાયેલી એક દિવસીય તાલીમમાં સીએમ ડેશબોર્ડની કામગીરીથી માહિતગાર કર્યા હતા અને તાલીમ અભ્યાસક્રમમાં કઇ કઇ બાબતોનો સમાવેશ કરવો તેની ચર્ચા વિચારણા કરી હતી.

અત્યાર સુધીમાં કેન્દ્રીય ગૃહ- સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, શ્રી જે. પી. નડ્ડા સહિત ઘણાં રાજ્યોના મુખ્યમંત્રીશ્રી અને વરિષ્ઠ નેતાઓ, વિવિધ રાજ્યોના ઉચ્ચ અધિકારીશ્રીઓ, વરિષ્ઠ મીડિયા હાઉસના પ્રતિનિધિઓ સહિત અનેક મહાનુભાવોએ CM DASHBOARDની રૂબરૂ મુલાકાત કરીને કામગીરી નિહાળીને માહિતી મેળવી આ એક વહીવટી ક્રાંતિ છે તે વિશે તેમના વિવિધ અભિપ્રાયો પણ વિઝિટર બુકમાં નોંધ્યા છે.

સમગ્ર તાલીમનું સંચાલન મુખ્યમંત્રીશ્રીના નાયબ સચિવ શ્રી હિતેષ ગોહેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે NIC તરફથી શ્રી આનંદભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ ખણેશા અને શ્રી પિનાકભાઈ દેસાઈ જોડાયા હતા. ●

# રાજ્યના પાંચ જિલ્લાઓમાં PI/PSI કક્ષાના નવાં 20 પોલીસ સ્ટેશનો કાર્યરત થશે




રાજ્યના નાગરિકોને વધુ સુરક્ષિત કરવા માટે અને કાયદો - વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સઘન બને તે માટે રાજ્યના પોલીસ તંત્રમાં ઉત્તરોત્તર વધારો કરીને નવાં પોલીસ સ્ટેશનો કાર્યરત કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે રાજ્યના પાંચ જિલ્લાઓમાં PI/ PSI કક્ષાનાં 20 પોલીસ સ્ટેશનો કાર્યરત કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકારના મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં વધતી જતી વસ્તીના પરિણામે નવા પોલીસ સ્ટેશનો કાર્યરત કરવા અત્યંત અનિવાર્ય હોઇ વડોદરા, સુરત, વલસાડ, રાજકોટ, ભરૂચ જિલ્લામાં આ નવા 20 પોલીસ સ્ટેશનો PI/PSI કક્ષાના કાર્યરત કરાશે. જેમાં સુરત શહેર / જિલ્લાના થઈ રહેલા વિકાસને ધ્યાને રાખીને સુરત શહેરમાં વેસુ, સારોલી, પાલ, ઉતરાણ અને અલથાણ મળી કુલ-૫ અને સુરત ગ્રામ્યમાં અનાવલ, મઢી, ઝંખવાવ, મળી કુલ - ૩ નવીન પોલીસ સ્ટેશનો મંજૂર કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત વડોદરા શહેરમાં અકોટા, કપુરાઇ, કુંભારવાડા, અટલાદરા અને જિલ્લાના મંજુરસર ખાતે નવા પોલીસ સ્ટેશન કાર્યરત થશે. એ જ રીતે વલસાડ જિલ્લામાં ઉમરગામ ખાતે એક પોલીસ સ્ટેશન શરૂ કરાશે.

રાજકોટ ગ્રામ્યમાં જેતપુર, ઉદ્યોગનગર, ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશન અને ગોંડલ સીટી ‘બી’ ડિવિઝન ખાતે પોલીસ સ્ટેશન શરૂ કરાશે. ભરૂચ જિલ્લામાં પાનોલી અને ઝઘડિયા GIDC ખાતે નવું પોલીસ સ્ટેશન કાર્યરત કરાશે. તેમજ અરવલ્લી જિલ્લામાં ટીંટોઇ આઉટ પોસ્ટને અપગ્રેડ કરીને પોલીસ ઇન્સ્પેક્ટર કક્ષાનું પોલીસ સ્ટેશન મંજૂર કરવામાં આવ્યું છે.

વલસાડ જિલ્લામાં વલસાડ રૂરલ, પારડી અને ડુંગરા ખાતે, નવસારી જિલ્લાના વિજલપોર ખાતે અને બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર પો.સ્ટે અને અમીરગઢ ખાતે હાલ PSI કક્ષાનાં પોલીસ સ્ટેશનો કાર્યરત છે. આ પોલીસ સ્ટેશનોને અપગ્રેડ કરી PI કક્ષાના બનાવવાનો પણ નિર્ણય કર્યો છે. તેમજ ભરૂચ જિલ્લામાં મોટવાણ અને અંદાડા ખાતે અને સુરત જિલ્લાના ઉમરા અને કોસંબા નેશનલ હાઇવે પર નવી આઉટ પોસ્ટ શરૂ કરવાનો પણ રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરાયો છે. ●

# રાજ્યની શાળા-કોલેજોમાં વેક્સિનેશન કેમ્પનું આયોજન કરાશે

રાજ્યના તમામ જિલ્લાઓની શાળા-કોલેજોમાં કોરોના રસીકરણના કેમ્પનું આયોજન કરવામાં આવશે. આવા કેમ્પના આયોજન દ્વારા શાળા-કોલેજોના ૧૮થી ઉપરની વયના વિદ્યાર્થીઓ, રસીકરણ માટે પાત્રતા ધરાવતા કર્મચારીઓ, શિક્ષકો અને તેમના પરિવારજનોને કોરોના વેક્સિનેશન અંતર્ગત આવરી લેવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના અધ્યક્ષસ્થાને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ તેમજ મુખ્ય સચિવશ્રી અનિલ મુકિમ અને વરિષ્ઠ સચિવોની મળેલી કોર કમિટિની બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો હતો.



ભારત સરકારે આગામી પાંચમી સપ્ટેમ્બર શિક્ષક દિન સુધીમાં બધા જ શિક્ષકોને કોરોના વૅક્સિનના સુરક્ષા કવચ અન્વયે આવરી લેવા રાજ્યોને આપેલા દિશા નિર્દેશને પગલે ગુજરાતમાં પણ આ વ્યવસ્થા રાજ્ય સરકારે ઊભી કરવાનો નિર્ણય કર્યો છે. આરોગ્ય વિભાગ અધિક મુખ્ય સચિવ શ્રી મનોજ અગ્રવાલે આ સંદર્ભમાં જણાવ્યું હતું કે, શાળા-કોલેજોમાં કોરોના વૅક્સિનેશન કેમ્પ માટે જિલ્લાઓને વૅક્સિનનો વધારાનો જથ્થો પણ ફાળવવાની સૂચનાઓ કોર કમિટીમાં મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. ●

### રાજ્ય સરકાર તરફથી ત્રણ કરોડનું ઈનામ

# પેરાઓલિમ્પિક્સમાં મેડલ જીતનાર ભાવિના પટેલને અભિનંદન પાઠવતાં CM



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પેરા ઓલિમ્પિક્સમાં ટેબલ ટેનિસ રમતમાં સિલ્વર મેડલ જીતી દેશને ગૌરવ અપવાનારી દીકરી ભાવિના પટેલને અભિનંદન પાઠવ્યા છે. મહેસાણાની આ દિવ્યાંગ દીકરી ભાવિના પટેલે પોતાના ખેલ કૌશલ્યથી ગુજરાત સહીત સમગ્ર ભારતને વિશ્વસ્તરે ગૌરવ અપાવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ રાજ્ય સરકારની દિવ્યાંગ ખેલ પ્રતિભા પ્રોત્સાહન પુરસ્કાર યોજના અંતર્ગત ભાવિના પટેલને પ્રોત્સાહન રૂપે 3 કરોડ રૂપિયાનો પુરસ્કાર આપવાની જાહેરાત કરી છે.

મુખ્ય મંત્રીશ્રીએ પેરા ઓલમ્પિકમાં સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલને વિડીયો કોલ દ્વારા અભિનંદન આપ્યા હતા. તેમણે ભાવિનાના માતા પિતાને પણ અભિનંદન પાઠવ્યા હતા.

ભાવિના પટેલે ટોક્યો ખાતે પેરા ટેબલ ટેનિસ રમતમાં વુમન સિંગલ ઈવેન્ટની ફાઇનલમાં મેચમાં રજત (સિલ્વર) મેડલ પ્રાપ્ત કરીને ગુજરાતનું નામ રોશન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતની દીકરીઓને ભાવિના પટેલમાંથી પ્રેરણા મેળવી રમત-ગમત ક્ષેત્રે આગળ વધવાનો સંદેશ પણ પાઠવ્યો છે. તેમણે રમત-ગમત ક્ષેત્રે કારકિર્દી ઘડી ગુજરાત અને દેશનું વિશ્વકક્ષાએ પ્રતિનિધિત્વ પ્રતિભાવંત ખેલાડીઓ કરી શકે તે માટે અનેક વિધ યોજનાઓથી સહાયરૂપ થવા રાજ્ય સરકાર સદાય તત્પર હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં કહ્યું કે, 'વ્યક્તિ સ્ત્રી-દીકરી હોય કે દિવ્યાંગ હોય મહેનત અને મનોબળથી ધારેલા લક્ષ્યાંકો પાર પાડી શકે છે' તે વાત ગુજરાતની દિવ્યાંગ રમતવીરાંગના ભાવિના પટેલે પુરવાર કરી છે.




મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભ જેવા આયોજનોને પ્રેરણા આપીને ગુજરાતના યુવાવર્ગને રમત-ગમત ક્ષેત્રે પ્રેરિત કરવાની સુદીર્ઘ નીતિ-રીતિ ગુજરાતને આપી છે જેના સુખદ પરિણામો હવે મળી રહ્યા છે. છેલ્લા બે દાયકાથી રમત-ગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન, સહાય અને તાલીમ આપવાની રાજ્ય સરકારની નીતિનું આ પરિણામ છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શન મુજબ આ વર્ષના બજેટમાં રાજ્યના ૬ હજાર ગામડાઓમાં વિવિધ રમતો માટે મેદાન તૈયાર કરવા રૂ. ૩૦ કરોડ અને જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કુલ બનાવવા માટે રૂ ૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી.

રાજ્ય સરકારના આ સઘન પ્રયાસોને કારણે ગુજરાત રાજ્યની સ્થાપના બાદ ૬૦ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર રાજ્યની છ ખેલાડીઓ ટોક્યો ખાતે ચાલી રહેલી ઓલિમ્પિક રમતોમાં ભારત દેશનું પ્રતિનિધિત્વ કર્યું છે.

ટોક્યો ઓલમ્પિકમાં ત્રણ અને પેરાઓલમ્પિક ગેમમાં ત્રણ એમ ગુજરાતની એક સાથે છ મહિલા ખેલાડીઓની પસંદગી વૈશ્વિક રમત સ્પર્ધાઓમાં થઈ હતી. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના પ્રોત્સાહક નિર્ણયને પગલે ગુજરાતની તમામ છ દીકરીઓને પ્રત્યેકને રૂપિયા ૧૦ લાખની સહાય ઓલિમ્પિક રમતોમાં ભાગ લેવા જતા પહેલા પૂર્વ તૈયારીઓ માટે આપવામાં આવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પેરાલિમ્પિક કે દિવ્યાંગો માટેના સ્પેશિયલ ઓલમ્પિક રમતોમાં વિજેતા બની ગુજરાતને ગૌરવ અપાવનારા રાજ્યના દિવ્યાંગ ખેલાડીઓને પણ તેઓની સિદ્ધિ બદલ પ્રોત્સાહિત કરવાની નીતિ અપનાવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના માર્ગદર્શનમાં સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા પેરા ઓલિમ્પિક ગેમ્સમાં સુવર્ણ પદક જીતનારને રૂપિયા પાંચ કરોડ, રજત પદક વિજેતાને રૂપિયા ત્રણ કરોડ અને કાંસ્યપદક વિજેતાને રુપિયા બે કરોડ પ્રોત્સાહક ધન રાશિ દિવ્યાંગ ખેલ પ્રતિભા યોજના હેઠળ આપવાનો નવતર અભિગમ રમત ગમત વિભાગે શરુ કર્યો છે. ભાવિના પટેલને આ અંતર્ગત 3 કરોડ રૂપિયાની પ્રોત્સાહક ધનરાશિ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ●

# ગુજરાત હાઇકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ બેલાબહેન ત્રિવેદી સુપ્રીમ કોર્ટમાં નિયુક્ત






ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યામૂર્તિ જસ્ટિસ શ્રી વિક્રમનાથ અને ન્યામૂર્તિ જસ્ટિસ શ્રી બેલાબહેન ત્રિવેદીની સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે નિયુક્તિ થતાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા આ બંને ન્યાયાધીશશ્રીઓના માનમાં શુભેચ્છા વિદાય સમારોહનું ગાંધીનગરમાં આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિદાય લઈ રહેલા બંને ન્યાયાધીશશ્રીઓને સ્મૃતિ ભેટ અને શાલ અર્પણ કરી સન્માન કર્યું હતું. જસ્ટિસ શ્રી બેલાબહેન એમ. ત્રિવેદી સુપ્રીમમાં પદોન્નત થનારા પ્રથમ ગુજરાતી મહિલા જજ બનશે.

ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ મૂળભૂત રીતે અલાહાબાદ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ હતાં અને સપ્ટેમ્બર-2019થી ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત છે. તેમણે પોતાની સમક્ષના કેસોની સુનાવણી પ્રાયોગિક ધોરણે 26 ઓક્ટોબર 2020થી યુ-ટ્યુબ ઉપર લાઈવ શરૂ કરી હતી. ગુજરાત હાઈકોર્ટ તેની કાર્યવાહી ઓનલાઇન યુટ્યુબ ઉપર સ્ટ્રિમિંગ કરી રહી છે.

તેમના કાર્યકાળમાં ગુજરાત હાઈકોર્ટના ચુકાદા અને ઓર્ડર હવે ઓફિશિયલ વેબસાઈટ પર ગુજરાતી ભાષામાં હાઈકોર્ટની વેબસાઈટ પર અપલોડ કરવા દિશા નિર્દેશ પણ અપાયા હતાં. ચીફ જસ્ટીસ વિક્રમનાથના કાર્યકાળમાં ગુજરાત હાઈકોર્ટે એક જ દિવસમાં 18 જિલ્લાના 33 પાસાના હુકમોને રદ કરીને અરજીનો નિકાલ કર્યો છે.

જસ્ટિસ બેલાબહેન ત્રિવેદી ફેબ્રુઆરી-2011થી ગુજરાત હાઈકોર્ટમાં ન્યાયમૂર્તિ તરીકે નિયુક્ત છે. તેમણે કાયદા વિષયક બાબતોમાં પોતાની સિદ્ધહસ્તતા સાબિત કરી હતી. તેમની કાયદાને લગતી સમજ અને પ્રશંસનીય કામગીરીને ધ્યાનમાં રાખીને સુપ્રિમ કોર્ટના ન્યાયાધિશ તરીકે નિયુક્તિની ભલામણ કરવામાં આવી હતી. ગુજરાત રાજ્ય માટે ગૌરવની વાત એ છે કે, સુપ્રીમ કોર્ટ કોલેજીયમે એકસાથે ત્રણ મહિલા જજોની ભલામણ સુપ્રીમ કોર્ટના જજ તરીકે કરી છે, જેમાં તેલંગણા હાઈકોર્ટના ચીફ જસ્ટિસ હિમા કોહલી, કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ બી.વી. નાગરત્ના અને ગુજરાતના હાઈકોર્ટના જસ્ટિસ બેલાબહેન ત્રિવેદીનો સમાવેશ થાય છે. જસ્ટિસ શ્રી બેલાબહેન એમ. ત્રિવેદી સુપ્રીમમાં પદોન્નત થનારા પ્રથમ ગુજરાતી મહિલા જજ હશે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ શ્રી એમ.આર શાહ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, મહેસૂલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ, કાયદા મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કાયદા રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા તેમજ ગુજરાત વડી અદાલતના વરિષ્ઠ ન્યાયમૂર્તિશ્રીઓ, એડવોકેટ જનરલ શ્રી કમલ ભાઈ, તત્કાલિન રાજ્યના મુખ્ય સચિવ શ્રી અનિલ મુકિમ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન તેમજ રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સહિત ન્યાયક્ષેત્ર સાથે જોડાયેલા પૂર્વ ન્યાયધીશશ્રીઓ વગેરે આ વિદાય સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# કેવડિયા કોલોનીમાં રેડિયો યુનિટી FM પર સંસ્કૃતમાં પ્રસારણ

**તાજેતરમાં પ્રસારિત થયેલા 'મન કી બાત'માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટી, કેવડિયામાં આવેલા રેડિયો યુનિટી 90 FMનો ઉલ્લેખ કરી સંસ્કૃતમાં પ્રસારણની વાતને વખાણી હતી.**

✎ યાકુબ ગાદિવાલા

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ગુજરાતની નવી ઓળખ બની છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીને નિહાળવા તાજમહેલ કરતા પણ વધુ પ્રવાસીઓ આવી રહ્યા છે. તમે પણ સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાતે હો, કેવડિયા વિસ્તારમાં વિવિધ પ્રવાસન આકર્ષણો નિહાળતા હો ત્યારે એફ.એમ. પ્રસારણમાં નીચેનાં વાક્યો સાંભળવા મળે તો સહેજ પણ નવાઈના પામતા...

નમો નમઃ સર્વેભ્યમ્ (સહુને વંદન)...

મમ નામ ગંગા.. સર્વેભ્યમ સ્વાગતમ્ કરોમી (સહુનું સ્વાગત કરું છું)...

કેવડિયા નગરે બહુ ભિન્ન ભિન્ન આકર્ષણ અસંતિ..

આરોગ્ય વન, એકતા ઉદ્યાનમ્, એકતા મૂર્તિ એવમ જંગલ સફારી અસંતિ...

સંસ્કૃત વિશ્વની આદિ ભાષા છે. વિશ્વની અને અમૂલ્ય વારસા રૂપ આ ભાષા આધુનિક કોમ્પ્યૂટર લેન્ગવેજ માટે સહુથી વધુ સાનુકૂળ ભાષા ગણવામાં આવે છે. આ ભાષા અત્યંત વિજ્ઞાન સંગત ભાષા છે. આ વિસરાતા ભાષા વૈભવને લોક ભોગ્ય બનાવવા હવે ભારત સરકાર દ્વારા વિવિધ પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટી સત્તામંડળે એક આગવી અને અનેરી કડી જોડી છે.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ અને પ્રવાસન નિયમન સતામંડળ (SOUADATGA) એક નવી પહેલના રૂપમાં, અત્યારે પ્રસારણ જગતમાં જેનો ખૂબ ક્રેઝ છે તેવા રેડિયો યુનિટી ૯૦ એફ.એમ.નું પ્રસારણ શરૂ કરવામાં આવ્યું છે અને પ્રસારણની એક ભાષા તરીકે દેવભાષા સંસ્કૃતની પસંદગીની વધુ એક આગવી પહેલ કરવામાં આવી છે. આ કોમ્યુનિટી રેડિયો છે જેનું પ્રાયોગિક ધોરણે હાલમાં પ્રસારણ શરૂ કરવામાં આવ્યું છે. આમ તો ભારતના ભાગ્યે જ કોઈ પ્રવાસન સ્થળ પાસે પોતાનું એફ. એમ.રેડિયો સ્ટેશન હશે. એ રીતે આ પહેલ આમેય વિશિષ્ટ છે. અને તેમાં સંસ્કૃત ભાષામાં પ્રસારણની પહેલે તેને અતિ વિશિષ્ટતા આપી છે.





જોકે આ નવી પ્રવાસી સુવિધાલક્ષી વ્યવસ્થાની ખૂબીઓની વાત આટલેથી જ અટકતી નથી. આ ટૂરિસ્ટ એફ.એમ. સેવાના કાર્યક્રમો જેમના દ્વારા પ્રસારિત થવાના છે એ તમામ ૧૫ રેડિયો જોકી સ્થાનિક આદિવાસી યુવા યુવતીઓ છે જે ટૂરિસ્ટ ગાઇડ અને હવે રેડિયો જોકીની બેવડી ભૂમિકા ભજવવા સક્ષમ છે. તેઓ સંસ્કૃત ભાષામાં બેધડક કેવડિયાના પ્રવાસન આકર્ષણો, સંસ્કૃતમાં એકતા મૂર્તિ (ના સમજ્યા!! અરે ભાઈ! સ્ટેચ્યૂ ઓફ યુનિટી)સહિત તમામની વિગતો પ્રસારણમાં આપી શકે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટેચ્યૂ ઓફ યુનિટીનો પોતાનો રેડિયો હોય અને સંસ્કૃતમાં જાણકારી આપી શકે તેવા ગાઇડ હોય એ પરિકલ્પનાની ભેટ આપી. તેથી આ ભાષા સાહસની પ્રેરણા આ લોકોએ એકતા મૂર્તિના પ્રણેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પાસે થી જ લીધી છે અને ખૂબ મહેનતથી સંસ્કૃત વાક્યો આત્મસાત્ કરીને તેમની અપેક્ષા સાકાર કરી છે. SOUADATGA દ્વારા તેમને આ ભાષાકીય વિવિધતાની તાલીમ આપવામાં આવી છે તેની નોંધ લેવી રહી.

સંસ્કૃત એ રાષ્ટ્રગૌરવની ભાષા છે અને વિશ્વમાં પરફેક્ટ સાયન્ટિફિક ભાષા તરીકે એને આગવી સ્વીકૃતિ મળતી જાય છે. આ ભાષા પાસે જ્ઞાનનો ભરપૂર ખજાનો છે.

સરદાર સાહેબને સહુથી અનૂઠી અને આદર ભરી, અભૂતપૂર્વ અંજલિ આપવા એકતા મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે એ તો સર્વવિદિત છે એવી લાગણી વ્યક્ત કરતા જનસંપર્ક અધિકારી શ્રી રાહુલ પટેલે જણાવ્યું હતુ કે રાષ્ટ્રીય એકતા ને મજબૂત કરવી અને વિવિધતામાં એકતાની ભારતની વિશેષતાને ઉજાગર કરવાનો ઉમદા હેતુ અહીં ડગલે અને પગલે દશ્યમાન થાય છે. એક જ દાખલો લઈએ તો અમારા ટૂરિસ્ટ ગાઈડ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ઉપરાંત મરાઠી, કન્નડ અને તેલુગુ ભાષાઓમાં પ્રવાસીઓને પ્રવાસન આકર્ષણોની જાણકારી આપી શકે છે, એટલે કે અહીં ભાષાની વિવિધતા દ્વારા રાષ્ટ્રીય એકતા સાકાર કરવામાં આવી રહી છે.

છે ને અદ્ભૂત વાત.. ●

# બાળકોને મળી વાંચનની સંજય 'દૃષ્ટિ'

હેતલ દવે





કોરોના વૈશ્વિક મહામારીના કારણે છેલ્લા દોઢ વર્ષ કરતાં પણ વધુ સમય શૈક્ષણિક સંસ્થાઓ બંધ રહી છે. બાળકો - વિદ્યાર્થીઓ ઑનલાઈન શિક્ષણ દ્વારા તેમનો અભ્યાસ કરી રહ્યાં છે. તેવા સમયમાં શાળામાં અભ્યાસ કરતા ધોરણ ૧ થી ૮ ના બાળકો ઑનલાઈન શિક્ષણની સાથે મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરી રહ્યાં છે. આવાં બાળકો વાંચનની ટેવ ભૂલી ન જાય તે માટે જેતપુર તાલુકાના મોટી ગુંદાળા ગામની સરકારી શાળાના HTAT આચાર્ય સંજય વેકરિયાએ એક અભિનવ અભિયાન હાથ ધર્યું છે.

પોતાના નવતર અભિયાનની વિગતો આપતાં આચાર્ય સંજયભાઈ કહે છે કે, કોરોનાના આ કપરા સમયમાં શાળાઓ બંધ છે, જેને કારણે વિદ્યાર્થીઓ લાઈબ્રેરીમાં આવી શકતા નથી. શાળાઓ બંધ હોવા છતાં પણ શિક્ષણકાર્ય બંધ નથી. હાલના સમયમાં ઑનલાઈન એજ્યુકેશનની સાથે મોબાઈલના વધુ પડતા ઉપયોગના કારણે બાળકો વાંચનની ટેવ ન ભૂલી જાય, સાથોસાથ કોરોનાની આ વિકટ પરિસ્થિતિમાં બાળકોને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિ અન્વયે વિદ્યાર્થીઓનું કાઉન્સેલિંગ કરી તેમને પાઠ્યપુસ્તક સિવાયનું શિક્ષણ મળે તે માટે તેમને પુસ્તક વાંચન તરફ વાળવા મે ઘરે ઘરે જઈને વિદ્યાર્થીઓને પુસ્તક આપવાનું શરૂ કર્યું.

આ માટે શાળાની લાઈબ્રેરીમાં રહેલા ૩૦૦૦ જેટલા પુસ્તકો બાળકો વચ્ચે ખુલ્લા મૂકયાં. ડોર ટુ ડોર જઈને બાળકોને તેમને ગમતાં પુસ્તકો આપ્યા. એટલું જ નહી પરંતુ બાળકને પુસ્તક વાંચન બાદ તેમાં તેને શું ગમ્યુ ? પુસ્તકના વાંચનથી શું શીખ મળી ? જેવી બાબતોનો મોબાઈલમાં વીડિયો બનાવી મોકલવા પણ જણાવ્યું.

શાળાના આચાર્યશ્રીએ શરૂ કરેલા આ વાંચન અભિયાનનો બાળકોની સાથે તેમના વાલીઓ તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો. વિદ્યાર્થીઓ પોતે જે પુસ્તક વાંચ્યું હોય એનો ટૂંકસારનો વીડિયો બનાવી આચાર્યશ્રીએ શરૂ કરેલા શાળાના વોટ્સએપ ગ્રૂપમાં મોકલતા થયા.

શાળામાં ધોરણ - ૭ માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની મનસ્વી અગ્રાવત કહે છે કે, કોરોનાના કારણે જ્યારે અમારી શાળા બંધ હતી ત્યારે અમારી શાળાના આચાર્યશ્રીએ અમારું શિક્ષણ કાર્ય અટકે નહીં તે માટે અમને પુસ્તકો વાંચવા માટે આપે છે. મને ગણિત વધુ ગમે છે એટલે સાહેબે મને ગાણિતીક કોયડાને લગતું ‘‘ક્વીઝ ટાઈમ - ૩’’ નામનું પુસ્તક વાંચવા માટે આપ્યું હતુ. આ પુસ્તક વાંચ્યા બાદ મને ગણિતના અઘરા લાગતા દાખલાઓ હવે સમજાવા લાગ્યા છે. આ જ શાળામાં અભ્યાસ કરતો જેનીલ બાંભરોલીયા કહે છે કે, મને આચાર્ય સાહેબે ‘‘રાષ્ટ્રના તેજોવંત ઘડવૈયા’’ પુસ્તક વાંચવા આપ્યું હતું. આ પુસ્તકમાં દેશની મહાન વ્યક્તિઓ જેવાં કે, રાણી લક્ષ્મીબાઈ, સરદાર પટેલ, ચંદ્રશેખર આઝાદ અનેવીર ભગતસિંહ જેવા મહાપુરુષોનું જીવન ચરિત્ર લખાયેલું હતુ. જે વાંચીને મને આ મહાપુરુષોના જીવન વિશે વધુ વિશેષ જાણકારી મળી.

શાળાના આચાર્યશ્રી દ્વારા અત્યાર સુધીમાં ૨૫૦ થી વધુ બાળકોને તેમજ ૨૦ જેટલા વાલીઓને પુસ્તકો વિતરણ કરી તેમને વાંચવા માટે પ્રેરિત કર્યા છે.

કોરોના કારણે બાળકોની મનોસ્થિતિ પર ગંભીર અસરો પડી છે. બાળકો ઘરની બહાર નીકળી ન શકવાના કારણે અને સ્કૂલ બંધ હોવાથી બાળકોમાં એકલતાની સાથે તેમના મૂડમાં બદલાવ જોવા મળ્યો છે. કોરોનાના આ કપરા સમયમાં સૌથી વધુ નકારાત્મક અસર વિદ્યાર્થીઓ પર પડી છે. મહત્ત્વની વાત છે કે બાળક ઘરની અંદર જકડાઈ ગયું છે, તેને ભણવાનું હોય કે રમવાનું હોય, એ બધું જ આજના સમયમાં મોબાઈલ ઉપર જ શક્ય બન્યું હોવાથી બાળકને ટચ સ્ક્રિનની આ દુનિયામાંથી બહાર કાઢવા મોટી ગુંદાળા ગામની સરકારી શાળાના આચાર્ય સંજય વેકરિયાએ હાથ ધરેલો આ નવતર પ્રયોગ ગામના વિદ્યાર્થીઓની સાથે તેમના વાલીઓને પણ પુસ્તક વાંચન તરફ પ્રેરિત કરે છે. ●



મચ્છરનો
નાનો ડંખ
મોટું જોખમ

**સમય છે,**
**સમજદાર બનવાનો...**
**મચ્છરજન્ય રોગો સામે**
**મક્કમતાથી લડવાનો...**

**આપણા સૌની જવાબદારી,**
**આપણા સૌની ભાગીદારી**

**તમને ખબર છે, મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા ફેલાવતા મચ્છર તમારા ઘરમાં કે ઘરની આસપાસ પણ હોઈ શકે છે**

## મચ્છરજન્ય રોગોથી સુરક્ષા માટે આટલું અવશ્ય કરો

- આપના ઘર કે ધંધાના સ્થળે મચ્છરજન્ય રોગોથી બચવા દર અઠવાડિયામાં અનુકૂળ એક દિવસે મચ્છર નાબૂદી દિવસ તરીકે ઝુંબેશ હાથ ધરી પાણી સંગ્રહના તમામ પાત્રો જેવા કે માટલાં, બેડાં, પવાલી, ડ્રમ, કેરબા, ટાંકી, પક્ષીચાટ, ફ્રીજની ટ્રે તથા અન્ય પાત્રોને ખાલી કરી સાફ કરી સૂકવીને પાણી ભરવું.
- હંમેશા મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો. મચ્છર પ્રતિકારક ધૂપ - અગરબત્તી, સ્પ્રે કે અન્ય મચ્છર પ્રતિરોધક વેપોરાઇઝરનો ઉપયોગ કરો.
- પીવા અને અન્ય વપરાશ માટે રાખેલા પાણીના પાત્રોને હવાયુક્ત ઢાંકેલા રાખો. ઇલેક્ટ્રિક મોસ્કીટો રેકેટનો ઉપયોગ કરવો.
- કોઇપણ વ્યક્તિને તાવ આવે તો તાત્કાલિક લોહીની તપાસ અવશ્ય કરાવી સંપૂર્ણ સારવાર લેવી.
- હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી માટે આરોગ્ય કર્મચારી આપના ઘરની મુલાકાતે આવે ત્યારે પુરતો સાથ અને સહકાર આપવો.
- ઘર કે ઓફિસના બારી-બારણાં ઉપર જાળી અવશ્ય લગાવો

**મચ્છર ઉત્પત્તિના મુખ્ય સ્થાનો**
**શોધો અને નાશ કરો**




**સમયસર ઉપચારથી મલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયા સંપૂર્ણપણે મટી શકે છે.**

**તકેદારી એ જ સાચી સમજદારી...**

# જનનીના હૈયામાં પોઢંતા પોઢંતા પીધો કસુંબીનો રંગ...



## રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીજીની 125મી જન્મજયંતી....

**Published on Date 1-9-2021**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦